# અહલે સુન્નત યા'ને વ જમાઅત

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch, Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

"બરકાતે ખ્વાજા" (માસિક)
૧-ઓક્ટોબર-૨૦૦૪
શાબાનુલ મોઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિ.સ. ૧૪૨૫
વર્ષ : ૦૧ અંક : ૧૦, સળંગ અંક : ૧૦

★ સ્થાપક અને પ્રકાશક ★
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

★ પત્ર વ્યવહારનુ સરનામું ★
બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

**હઝરત સરકાર અમીરુદ્દીનબાબા નવસારવી رحمۃ اللہ علیہ ની શાનમાં**

**★ યે શાન યે શૌકત અમીરુદ્દીન કી ★**

**અઝ : ''ઝિયા'' ખંભાતી**
**(ખાનકાહે અહલે સુન્નત, વડોદરા)**

પરતવે ગૌષુલ્ વરા સૂરત અમીરુદ્દીન કી
અક્સે ખુલ્કે મુસ્તફા સીરત અમીરુદ્દીન કી
આપ કે કિરદારસે રોશન મકામે મા'રેફત
નામ હી સે હે અયાં અઝમત અમીરુદ્દીન કી
અબ કહાં મુમ્કિન હો દિલમેં આરઝૂએ સીમો ઝર
અપને દિલમેં હય મકીં ઉલ્ફત અમીરુદ્દીન કી
ક્યૂં ન હોતા શહરે નવસારી કા હર ઝર્રા મુબીં
ઉસકો હાસિલ જબ હૂઈ તલ્અત અમીરુદ્દીન કી
કુત્બે કોકન સે મિલા જિન કો ખિલાફત કા શરફ
મરહબા યે શાન યે શૌકત અમીરુદ્દીન કી
આજ તક જારી હંય જિન સે બહરે ફયૂઝે ચિશ્તિયાં
હય શહે અજમેર સે નિસ્બત અમીરુદ્દીન કી
ક્યા ઘટાને સે ઘટેગી તેરે નજદી બદ નેહાદ
હય અતાએ મુર્તઝા રફઅત અમીરુદ્દીન કી
હક્ક અદા હોતા રહે અપની અકીદત કા ''ઝિયા''
તુમ સદા કરતે હો મિદહત અમીરુદ્દીન કી

★ માનદ તંત્રી ★
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

નોંધ : ગ્રાહક નંબર ........ આપનું લવાજમ તા. ૧-ઓક્ટોબર-૨૦૦૪ ........ થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો. બરકાતે ખ્વાજા

**બરકાતે ખ્વાજા** *(માસિક)* **ઓક્ટોબર-૨૦૦૪**

★ વર્ષ : ૦૧ ★ અંક : ૧૦ ★ સળંગ અંક : ૧૦


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :**<br>એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૧ |
| ૦૪. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૩ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૭ |
| ૦૭. | ઈમામ અહમદ રઝા ઔર<br>એહ્તેમામે નમાઝ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી<br>નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૧૯ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૨ |
| ૦૯. | ઝકાત એના વિસ્તૃત અર્થમાં | **અઝ** : જનાબ મૌલાના હસન આદમ કોલવનવી | ૨૫ |
| ૧૦. | ખેતીવાડી કરનારાઓ !<br>''ઉશ્ર'' કાઢો અને બરકત પામો ! | **અઝ** : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ<br>મિસ્બાહી વાગરાવાળા *(પ્રેસ્ટન, યુ.કે.)* | ૨૭ |
| ૧૧. | અનોખા સવાલ–અનોખા જવાબ | **અઝ** : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દહેગામી | ૩૨ |
| ૧૨. | શીઆઓના ધોકાથી બચો ! હઝરત<br>ઈમામ જા'ફર સાદિકના ફાતેહા ૨૨ મી<br>એ નહીં પણ ૧૫ રજબે જ આપવા ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૩૩ |
| ૧૩. | મહેનત મજૂરીની કમાણી<br>અલ્લાહની નજરમાં... | **રજૂકર્તા** : ફરઝાનાબેન પટેલ–દયાદરા | ૩૫ |
| ૧૪. | આતંકવાદી તથા આંતકવાદને<br>ઉશ્કેરનાર કોણ ? | **કાર્યાલય** | ૩૯ |
| ૧૫. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૨ |
| ૧૬. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૪ |
| ૧૭. | શબે કદ્રના ફઝાઈલ તથા નવાફિલ | **કાર્યાલય** | ૪૫ |
| ૧૮. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |

# એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ

## તંત્રી લેખ......

**યહૂદીઓના ઈશારે ન ચાલો !** : ઈસ્લામ દુશ્મન કૌમો યહૂદી તથા નસ્રાનીઓએ ટી.વી. પર બિભત્સ પ્રોગ્રામોની ભરમાર કરી દીધી છે અને તેનાથી મોટાભાગના ઘરોમાંથી શરમ, શરાફત તથા દીનની ઈજ્જત તથા તા'ઝીમ ઉઠી રહી છે અને એ જ યહૂદીઓનો મકસદ છે જેને ખૂદ મુસ્લિમો પાર પાડી રહ્યા છે ! યહૂદીઓના ઈશારે ચાલીને મુસલમાનોનાં દિલો બીમાર પડી ગયાં છે અને દીન પ્રત્યે સુસ્ત પડી ગયાં છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) અને એ જ અસરોનું પરિણામ છે કે ગયા વરસે રમઝાન શરીફમાં એક સંપૂર્ણ મુસ્લિમ વસ્તીવાળા ગામમાં એક પણ વ્યક્તિ ''સુન્નતે મોઅક્કદા કિફાયા'' એ'તેકાફમાં બેસવા તૈયાર ન થઈ ! અફસોસ!

હે મુસલમાનો ! આવો ! તમે ક્યાં યહૂદ તથા નસારા જાલિમોના રવાડે ચઢી ગયા ! તમારો રબ તો કેટલો રહમાન છે, રહીમ છે, કરીમ છે ! આવો ! તેના પ્યારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેવી કેવી ખુશખબરીઓ દીનદારી અપનાવનારને સંભળાવી છે તેને દિલના કાનોથી સાંભળો અને અમલ કરવા તૈયાર થઈ જાવ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

એ'તેકાફની નિય્યતથી અલ્લાહની રઝામંદી માટે મસ્જિદમાં રોકાવું એને એતેકાફ (રોકાણ કરવું) કહે છે. નિય્યત એટલે દિલથી નિશ્ચય. ઝબાનથી પણ આ પ્રમાણે **"બિસ્મિલ્લાહિ દખલ્તુ વઅલૈહિ તવક્કલતુ નવૈતુ સુન્નતલ્ એ'તેકાફ"** કહે તો બેહતર છે.

### ★ જહન્નમ વચ્ચે ત્રણ ખાઈઓ ઊભી કરો ★

★ જે શખ્સ અલ્લાહની રઝામંદી માટે એક દિવસનો એતેકાફ કરે તો અલ્લાહ તઆલા તેની (એતેકાફ કરનારની) તથા જહન્નમની વચ્ચે ત્રણ ખાઈઓ આડી કરી દેશે જેનું અંતર આસ્માન તથા જમીનના અંતર જેટલુ હશે.

### ★ દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો ★

★ તેને હજાર રાતો જાગીને ઈબાદત (શબ બેદારી)નો સવાબ મળશે અને તેની તથા દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો થશે.

### ★ ૩૦૦ શહીદોનો સવાબ ! ★

★ રમઝાનમાં એક દિવસ એતેકાફ કરનારને ૩૦૦ શહીદોનો સવાબ મળશે.

### ★ દસ હજ્જ દસ ઉમરાનો સવાબ ★

★ રમઝાનમાં ૧૦ દિવસ એતેકાફ કરે તે એવો છે જેણે ૧૦ હજ્જ અને ૧૦ ઉમરા કર્યા.

### ★ ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ ★

★ રમઝાનમાં છેલ્લા ૧૦ દિવસ એતેકાફ કરનારને ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ મળશે અને કયામતના દિવસે તેને રબ તઆલા અર્શના સાયામાં જગા આપશે. (સુબ્હાનલ્લાહ!)

કેટલીક જગાએ એ'તેકાફ કરનાર ભાઈઓ મસ્અલાની અજ્ઞાનતાને કારણે ઉપરોક્ત ફઝીલતો ગુમાવી બેસે છે કેમ કે એ'તેકાફ સહીહ થતો નથી માટે આ લેખનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો અને બની શકે તો રમઝાનના બરકતી મહીનામાં **પૂરો મહીનો**, નહીં તો **દસ દિવસ** એ નહીં તો **એક દિવસ તો જરૂર** એ'તેકાફમાં બેસશો.

## ★ એતેકાફના પ્રકાર ★

**(૧) વાજિબ** : મન્નત માની હોય કે કામ થશે તો એતેકાફ કરીશ. એના માટે રોઝા શર્ત છે.

**(૨) સુન્નતે મોઅક્કદા** : ૨૦ મી રમઝાનના ગુરૂબ આફતાબ પહેલાંથી શવ્વાલનો ચાંદ દેખાતા સુધી (છેલ્લા ૯ કે ૧૦ દિવસ) આ **સુન્નતે મોઅક્કદા કિફાયા** છે વસ્તીમાંથી સૌ છોડી દે તો **સૌની પકડ થશે** અને **એક પણ કરી લેશે તો સૌ છૂટી જશે.** એમાં પણ રોઝા શર્ત છે પણ તે જ રમઝાનના પૂરતા છે.

**(૩) નફ્લ એતેકાફ** : એમાં રોઝા શર્ત નથી, થોડી વારનો પણ થઈ શકે. મસ્જિદ બહાર નીકળે તો નફલ એતેકાફ ખત્મ થયો, ફરી દાખલ થાય તો નિય્યત કરી લે. **મર્દ** મસ્જિદમાં એતેકાફ કરે **સ્ત્રી** ઘરમાં જે જગા નમાઝ માટે મુકરર્ર કરે ત્યાં એતેકાફ કરે, તેને 'મસ્જિદે બૈત' કહે છે.

## ★ મસ્જિદ કોને કહેવાય ? ★

મસ્જિદમાં **અસ્લ મસ્જિદ** સિવાયના ભાગને **ખારિજે મસ્જિદ** (મસ્જિદ બહારનો ભાગ)કહે છે. સુન્નતે મોઅક્કદા એતેકાફ કરનાર ખાસ ધ્યાન રાખે કે **અસ્લ મસ્જિદ**ની હદ કયાંથી ક્યાં સુધી તે જાણી લે. પછી એ હદની બહાર ઉઝર વિના ભૂલથી પણ એક પળ માટે પણ બંને પગ કાઢી નાખશે તો એતેકાફ તૂટી જશે. સુન્નતે મોઅક્કદા એતેકાફ કરનાર પછી મસ્જિદમાં રહે પણ તે નફ્લ એતેકાફ ગણાશે. કઝામાં જે દિવસનો તૂટયો એ એક જ દિવસના એતેકાફની તેણે કઝા કરવી પડશે, પૂરા દસ દિવસની નહીં. (જ્યાં લખાણમાં **મસ્જિદ** શબ્દ આવે તેને અસ્લ મસ્જિદ સમજવું.)

## ★ એ'તેકાફ દરમ્યાન બહાર નીકવાના સબબો : ધ્યાનથી વાંચો ★

રમઝાનના છેલ્લા ૧૦ દિવસનો એતેકાફ કરનારને જે કામો માટે મસ્જિદની બહાર નીકળવાની રજા આપી તે છે : જાજરૂ, પેશાબ, વઝૂ તથા ફર્ઝ ગુસ્લ અને મજબૂરીની હાલતમાં ખાવા લાવવા અને જો ત્યાં જુમ્આ ન થતી હોય તો જુમ્આ માટે મસ્જિદથી બહાર નીકળી શકે છે.

★ બીમારપુર્સી કરવા કે જનાઝમાં શિર્કત કરવા જઈ શકશે નહીં.

★ મસ્જિદના સાથે જાજરૂ હોય તે સર્વ માટે હોય તો ખાલી થતા સુધી રાહ જોવી જાઈઝ છે પણ હાજત પૂરી કર્યા બાદ જાઈઝ નથી, જો જાણીબુઝીને રોકાશે તો એતેકાફ તૂટી જશે.

★ જાજરૂ જતી વેળા કે વુઝૂ કરવા જતી વેળા આવતાં જતાં રસ્તામાં સલામ કે જરૂરી વાત ચાલુમાં કરી શકે છે, એ પ્રમાણે વુઝૂ કરતી વેળા પણ જરૂરી વાત ચાલુમાં જ વુઝૂ કરતાં કરતાં કરી શકશે પણ વાત માટે અથવા કોઈને કાંઈ સમજાવવા રોકાશે તો એતેકાફ તૂટી જશે.

★ આવતાં જતાં ઝડપથી ચાલવું જરૂરી નથી જરૂરત પ્રમાણે ધીરેથી ચાલી શકે છે. કોઈ માર્ગમાં રોકવા ચાહે તો ચાલતાં ચાલતાં કહી દેવું કે હું એતેકાફમાં છું જેથી રોકાઈ શકતો નથી. જો એક પલ પણ રોકાશે તો એતેકાફ તૂટી જશે.

★ મસ્જિદમાં એતેકાફ કરનાર વિના જરૂરત દુન્યવી વાત ન કરે અને જે વાત કરે તે પણ

ધીમેથી, શોરો ગુલ ન મચાવે, એતેકાફ કરનારને પણ વિના જરૂરત દુન્યવી વાત કરવાની સખત મનાઈ છે.

★ એતેકાફ વગરનો માણસ તો દુન્યવી વાત મસ્જિદમાં કરી જ નથી શકતો, એવું કરનારના ૪૦ સાલના અમલ બર્બાદ થઈ જાય છે.

★ મસ્જિદમાં હસવું કબ્રમાં અંધારું લાવે છે.

★ એ'તેકાફ કરનારે બિલકુલ મુંગા રહેવું એવી જે માન્યતા છે તે ગલત છે.

★ જો મસ્જિદમાં બહાર બનેલ જાજરૂમાં ગંદકી વગેરેના કારણે તબીઅત ગભરાતી હોય તો હાજત માટે ઘરે જવામાં કોઈ વાંધો નથી. હવે ઘરેથી વુઝૂ પણ કરતા આવે તોય વાંધો નથી, પણ એ સિવાય એક પલ પણ રોકાઈ શકશે નહીં.

★ ખાવા, પાણી લાવી આપનાર કોઈ જ નથી તો મજબૂરન્ જઈ શકશે પણ લાવીને મસ્જિદમાં જ ખાશે.

★ કપડાં, વાસણ વગેરે મસ્જિદમાં છાંટા ન ઉડે એ શરતે કોઈ મોટા વાણમાં ધોઈ શકાશે.

★ મસ્જિદમાં અન્ય ભાઈઓ મોઅ્તકિફ હોય તો તેમના સંગાથના હક્કોનો દરેક રીતે લેહાઝ રાખે. જેમ કે એક સહાબી કોઈ પ્રસંગે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હતા. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બે મિસ્વાક કાપી, એક સીધી હતી અને બીજી વાંકી હતી. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સીધી મિસ્વાક સાથી સહાબીને આપી અને વાંકી પોતાની પાસે રાખી. તેમણે અર્ઝ કરી, સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم તમે સીધી મિસ્વાક જ રહેવા દેતે. ફર્માવ્યું, જે શખ્સ કોઈની સાથે એક ઘડીના માટે પણ સંગાથ પામે તો કિયામતમાં તે સોહબતના બારામાં પૂછવામાં આવશે કે તે સોહબતનો હક્ક અદા કર્યો કે વેડફી કાઢયો ? ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ **''કીમીયાએ સઆદત''** માં આ હદીષ હેઠળ જણાવે છે કે સોહબતના હક્કથી મુરાદ ઈષાર એટલે અન્ય માટે ભોગ આપવો છે, સારી ચીજ બીજા માટે કુર્બાન કરવી જોઈએ.

★ જે કોઈ પોતાના મુસલમાન ભાઈની હાજત પૂરી કરવા માટે કોશિશ, ભાગદોડ કરે તે તેના માટે **૧૦ સાલના એ'તેકાફથી પણ અફઝલ** છે.

★ જો જાજરૂ કે પેશાબ માટે ગયા અને ત્યાં અંદર કોઈ પહેલેથી ગયું હોય તો મસ્જિદમાં પાછા આવીને તેના નીકળવાની રાહ જુઓ. મસ્જિદમાં આવી જવાને કારણે પોતાનો વારો આવવો મુશ્કેલ હોય તો ભીડ ભાડના કારણે ત્યાં ઉભો રહીને રાહ જોઈ શક્શે, હવે એ દરમ્યાન વાતચીત પણ કરી શક્શે.

★ મસ્જિદમાંથી બહાર નીકળ્યા અને વુઝૂ, પેશાબ કે પાખાના કરવા જતાં રસ્તામાં દેવું (કરજ) માંગવાવાળાએ રોકી લીધો તો એ'તેકાફ તૂટી જશે.

★ દાંત મંજન કે ટૂથ પેસ્ટથી દાંત સાફ કરવા માટે વુઝૂખાના પર જવાથી એ'તેકાફ તૂટી જાય છે.

★ વુઝૂખાનામાં વુઝૂ કરવા જાય તો પણ દંતમંજન કે ટૂથપેસ્ટથી દાંત સાફ કરી શકશો નહીં, હા ! વુઝૂ માટે દાતણ (મિસ્વાક) કરી લો.

★ વુઝૂખાના પર વુઝૂ દરમિયાન સાબુનો ઉપયોગ નથી કરી શક્તા.

★ વુઝૂ કર્યા પછી તરત જ મસ્જિદમાં દાખલ થઈ જાય, હા, વુઝૂખાનેથી અટક્યા વિના ચાલતાં ચાલતાં જ ટુવાલ હાથ મોં પર ફેરવી પાણી લૂછે જેથી વુઝૂ કરેલ પાણીનાં ટીપાં મસ્જિદની ફર્શ પર ન ટપકે.

★ હવે મસ્જિદમાં દાખલ થઈ ઈચ્છે તો શાંતિથી હાથ, મોં લૂછે. બની શકે તો વુઝૂ પછીની થોડી તરી વુઝૂના ભાગો પર રહેવા દે, એ સવાબ છે.

★ વુઝૂ પછી વુઝૂખાના પર જ ઉભા રહીને કલ્મએ શહાદત અને બીજી દુઆઓ પઢવાની શરૂઆત કરવી નહીં, પરંતુ મસ્જિદમાં આવીને પઢે.

★ વુઝૂખાના પર જતાં પહેલાં જ બાંયો ચઢાવી લે અને ઘડિયાળ ઉતારી લે. જો ભૂલી જાય તો ત્યાં પણ તેમ કરી શકશે વાંધો નથી.

★ વુઝૂ કરતાં કોઈ વસ્તુ દા.ત. દાતણ, રૂમાલ, ટોપી વગેરે પડી જાય તો હાથ લંબાવી ઉઠાવી શકે છે, પરંતુ તેને ધોવામાં સમય બરબાદ ન કરે.

★ વુઝૂ કર્યા પછી વુઝૂખાના પર માથામાં કે દાઢીમાં કાંસકી ન કરે તથા ઘડિયાળ પણ મસ્જિદમાં આવીને પહેરે.

★ વુઝૂખાના પર કોઈ વસ્તુ ભૂલી જાય તો બીજા પાસે મંગાવી લે (પોતે લેવા જવું નહીં).

★ ખાવા શરૂ કરતાં પહેલાં અને પછી હાથ ધોવા, કોગળા કરવા વગેરે ભલે સુન્નત છે પરંતુ એ કામો માટે વુઝૂખાના પર જવું નહીં. એટલા માટે જ વાસણ (ચલમચી કે મોટી ડોલ વગેરે)ની વ્યવસ્થા પહેલેથી રાખે, પરંતુ એ વાસણમાં હાથ ધોતાં કે કોગળા કરતાં પહેલાં એક પણ છાંટો મસ્જિદની સફ પર કે ફર્શ પર ન પડે તેની કાળજી રાખવી.

★ ખાવા ખાતી વખતે પોતાનુ દસ્તખ્વાન જરૂર પાંથરે. મસ્જિદની ફર્શ કે સફ મેલી થવી જોઈએ નહીં.

★ મસ્જિદની દિવાલો કે ગાલીચા, સફો વગેરે પર ચીકણા હાથ કદી ન લગાડો તથા નાક કે કાનનો મેલ, કચરો એના ઉપર ન લગાડો.

★ મસ્જિદની સફોના દોરા અને સાદડીઓની સરીઓ તોડવા, ઉખેડવાથી બચો.

★ મસ્જિદમાં સવાલ કરનારને કદી પણ કોઈ રકમ વગેરે આપવું નહીં. કારણ કે મસ્જિદમાં સવાલ કરવો હરામ છે (સવાલ કરનાર ફકીર કે મુસાફરને મસ્જિદમાં આપવાની છૂટ નથી).

★ વુઝૂખાનામાં વાસણ કે કપડાં ધોવા જશો તો એ'તેકાફ તૂટી જશે.

★ જો કપડાં નાપાક થઈ ગયાં અને બીજા કપડાં પણ નથી અને કોઈ મદદગાર પણ નથી તો મજબૂરી ખાતર નાપાકી દૂર કરવા વુઝૂખાના પર જઈ શકે છે પણ મેલાં કપડાં ધોવા જઈ શકાય નહીં.

★ કપડાં બદલવા બાથરૂમમાં જઈ શકાશે નહીં. મસ્જિદના ખૂણામાં લુંગી બાંધીને કપડાં બદલી નાખવાં.

★ જો ફક્ત એક પગ મસ્જિદની બહાર નીકળે તો એ'તેકાફ તૂટતો નથી તથા બંને હાથ માથા સાથે મસ્જિદની બહાર નીકળે તો કંઈ વાંધો નથી.

★ બેખ્યાલી (અંજાણ)માં મસ્જિદ બહાર નીકળી ગયા અને યાદ આવતાં અંદર આવી ગયા તો પણ એ'તેકાફ તૂટી જશે. પણ તોડવાનો ગુનોહ નહીં થાય.

★ કોઈ એવી બીમારી લાગી ગઈ કે મસ્જિદથી નીકળ્યા વગર ઈલાજ થઈ શકે નહીં તો ઈલાજ માટે બહાર નીકળો તો પણ એ'તેકાફ તૂટી જશે, જો કે એ'તેકાફ તોડવાનો ગુનોહ નહીં થાય, પણ કઝા કરવાની જવાબદારી રહેશે.

★ વુઝૂ હોય તો વુઝૂખાના પર જવાથી એ'તેકાફ તૂટી જશે.

★ વુઝૂ તૂટવાનો શક હોય તો વુઝૂ માટે જવું નહીં,

કારણ કે ફક્ત વહેમથી વુઝૂ તૂટતું નથી. જો પાકો અંદેશો થઈ જાય તો વુઝૂ કરવા જઈ શકશો.

★ પાણી પીવા કે લેવા માટે બીજાની મદદ લેવી પણ જાતે વુઝૂખાના પર જવું નહીં.

★ ખાવા, પીવા કે ચા–નાસ્તો મસ્જિદમાં જ કરવો.

★ મસ્જિદમાં કાચી ડુંગરી, મૂળો, લસણ વગેરે બદબુદાર વસ્તુ ખાવી નાજાઈઝ છે (એ'તેકાફ વગરનાઓએ પણ જો આવી વસ્તુ ખાધી હોય તો બરાબર મોં સાફ કરી મસ્જિદમાં આવવું.)

★ જો જાજરૂ કે પેશાબખાનામાં ગયા પછી ખબર પડી કે પાણી નથી તો બીજાની મદદ લઈ શકો છો. એ'તેકાફ માટે બેસેલ માણસ મદદ માટે જઈ શકતો નથી.

★ જો મસ્જિદના વુઝૂખાના પર પાણી ન હોય તો કોઈ વગર એ'તેકાફવાળા પાસે પાણી મંગાવે અથવા મસ્જિદની સૌથી નજીકની જગ્યા પર જઈને વુઝૂ કરી શકે છે.

★ જો કોઈ એ'તેકાફ કરનારે હસ્તમૈથુન કર્યું અને વિર્ય નીકળ્યું તો રોઝો અને એ'તેકાફ બંને તૂટી જશે.

★ મઆઝલ્લાહ ! કોઈની જીભથી કુફ્રી કલામ નીકળી ગયો તો એ'તેકાફ તૂટી જશે. હવે એ કુફ્રી કલામથી તૌબા કરે, કલ્મા શરીફ પઢે અને પત્નીવાળો હોય તો ફરી નિકાહ પણ કરે.

★ એ'તેકાફ કરનારે મસ્જિદમાં દાઢીની ખત બનાવવી કે વાળ કઢાવવા કે માથા અને દાઢીમાં તેલ નાખવામાં વાંધો નથી (કપડું પાથરીને સાવધાનીથી કરે જેથી મસ્જિદની સફો ખરાબ ન થાય અને એની ઉપર વાળ ન પડે).

★ એ'તેકાફ કરનાર જો વિદ્યાર્થી હોય અને પોતાના કોર્સની ચોપડીઓ વાંચવા ઈચ્છે તો વાંચી શકે છે (આ તો મુસ્લિમ દેશોમાં ચાલે જ્યાં ઈસ્લામિક કોર્સ ચાલે છે)

★ વર્તમાનપત્રો વાંચવાથી બચો કે જેમાં જાનવરો કે ફિલ્મી ફોટા હોય.

★ કોઈ બૂટ ચંપલ ચોર ચોરી કરીને ભાગ્યો તો એને પકડવા મસ્જિદની બહાર ગયા તો એ'તેકાફ તૂટી જશે.

★ જમાઅતના સમયે પેશાબખાનામાં ગયા અને પાછા આવ્યા ત્યારે આખી મસ્જિદ ભરાઈ ગઈ તો પણ મસ્જિદની બહાર ઉભા ન રહે, અંદર જગા કરે.

★ મસ્જિદ જો વધારે માળની હોય અને ઉપર જવાનો માર્ગ અસલ મસ્જિદમાંથી જ હોય તો ઉપર જવામાં વાંધો નથી પણ કામ વગર છત પર જવું મકરૂહ છે.

★ મસ્જિદની સાથે જ મઝાર શરીફ હોય તો મસ્જિદમાંથી જ ફાતેહા પઢી શકે છે, ત્યાં જઈ શકશે નહીં.

★ કદાચ મસ્જિદની છત પડી ગઈ અથવા કોઈ બળજબરીથી કાઢી મૂકે તો બીજી મસ્જિદમાં તરત જ મો'તકિફ થઈ જાય. એ'તેકાફ સહીહ થશે.

★ બાથરૂમમાં સાબુનો ઉપયોગ ન કરે.

★ ઠંડક માટે બાથરૂમમાં ન્હાવા જશે તો એ'તેકાફ તૂટી જશે.

★ પેશાબ કર્યા બાદ ટીપાં પડવાની ફરિયાદ હોય તો ફક્ત ઈસ્તિન્જો કરવા (પાક થવા માટે) મસ્જિદની બહાર જઈ શકે છે.

**નોંધ** : વધુ માટે કાનૂને શરીઅત, બહારે શરીઅત વાંચો *(સંપૂર્ણ)*

**રમઝાન મુબારકની તા'ઝીમ કરો !**

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَعَلَّمَ اٰدَمَ الۡاَسۡمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمۡ عَلَى الۡمَلٰٓئِكَةِ فَقَالَ اَنۡۢبِـُٔوۡنِىۡ

بِاَسۡمَآءِ هٰٓؤُلَآءِ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۳۱﴾ قَالُوۡا سُبۡحٰنَكَ لَا عِلۡمَ لَنَآ

اِلَّا مَا عَلَّمۡتَنَا ؕ اِنَّكَ اَنۡتَ الۡعَلِيۡمُ الۡحَكِيۡمُ ﴿۳۲﴾ قَالَ يٰٓـاٰدَمُ اَنۡۢبِئۡهُمۡ

بِاَسۡمَآئِهِمۡ ۚ فَلَمَّآ اَنۡۢبَاَهُمۡ بِاَسۡمَآئِهِمۡ ۙ قَالَ اَلَمۡ اَقُلۡ لَّكُمۡ اِنِّىۡٓ

اَعۡلَمُ غَيۡبَ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ۙ وَاَعۡلَمُ مَا تُبۡدُوۡنَ وَمَا كُنۡتُمۡ

تَكۡتُمُوۡنَ ﴿۳۳﴾ وَاِذۡ قُلۡنَا لِلۡمَلٰٓئِكَةِ اسۡجُدُوۡا لِاٰدَمَ فَسَجَدُوۡٓا اِلَّآ اِبۡلِيۡسَ ؕ

اَبٰى وَاسۡتَكۡبَرَ وَكَانَ مِنَ الۡكٰفِرِيۡنَ ﴿۳۴﴾ وَقُلۡنَا يٰٓـاٰدَمُ اسۡكُنۡ اَنۡتَ

وَزَوۡجُكَ الۡجَـنَّةَ وَكُلَا مِنۡهَا رَغَدًا حَيۡثُ شِئۡتُمَا ۖ وَلَا تَقۡرَبَا هٰذِهِ

الشَّجَرَةَ فَتَكُوۡنَا مِنَ الظّٰلِمِيۡنَ ﴿۳۵﴾ فَاَزَلَّهُمَا الشَّيۡطٰنُ

**તર્જુમો** : અને અલ્લાહે શીખવાડી દીધાં આદમને તમામ ચીજોનાં નામ[૪૭] પછી રજુ કર્યા તેમને ફરિશ્તાઓ સમક્ષ અને ફર્માવ્યું, બતાવો તો મને નામ તે ચીજોનાં જો તમે (તમારા ખયાલમાં) સાચા હોઉ ? અર્ઝ કરવા લાગ્યા, દરેક ઐબથી પાક તું જ છે, કાંઈ ઈલ્મ નથી અમને પણ જેટલું તેં અમને શીખવાડી આપ્યું. બેશક ! તું જ ઈલ્મ તથા હિકમતવાળો છે. ફર્માવ્યું, હે આદમ ! બતાવી દો એમને એ ચીજોનાં નામ ! પછી જ્યારે આદમે બતાવી દીધાં ફરિશ્તાઓને તેનાં નામ, તો અલ્લાહે ફર્માવ્યું, શું ન કહ્યું હતું મેં તમોને કે હું સારી પેઠે જાણું છું સર્વ છુપાયેલી ચીજો આસ્માનો અને જમીનની. અને હું જાણું છું જે કાંઈ તમે જાહેર કરો છો અને જે કાંઈ તમે છુપાવતા હતા. અને જ્યારે અમે હુકમ આપ્યો ફરિશ્તાઓને સિજદો કરો આદમને[૪૮] તો સૌએ સિજદો કર્યો સિવાય ઈબ્લીસના. તેણે ઈન્કાર કર્યો અને ઘમંડ કર્યો અને (દાખલ) થઈ ગયો તે કાફિરો (ના ટોળા)માં. અને અમે ફર્માવ્યું, હે આદમ ! રહો તમે અને તમારી પત્ની આ જન્નતમાં અને બંનેવ ખાવ, એમાંથી જેટલું ચાહો, જ્યાંથી ચાહો અને નજીક જશો નહીં એ ઝાડના, નહીં તો પોતાનો હક્ક મારવાવાળામાંથી થઈ જશો. પછી ફુસલાવી દીધાં તેમને શૈતાને[૪૯].

## ★ તફસીર ★

**૪૭.** હઝરત ઈબ્ને અબ્બાસ, અકરમા, કતાદા અને ઈબ્ને જુબૈર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ આ આયતની તફસીર આ પ્રમાણે વર્ણન કરી છે :–

علمه اسماء جميع الا شياء كلها جليلها وحقيرها (કુર્તબી)

એટલે કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه الصلوٰة والتسليم ને નાની મોટી તમામ ચીજોનાં સર્વ નામો શીખવાડી દીધાં. અને ખિલાફતના હોદ્દાનો તકાઝો પણ એ જ હતો કે તેમને એ તમામ ચીજોનો ઈલ્મ અતા કરવામાં આવતો. જ્યારે આદમ عليه الصلوٰة والتسليم ની આ સ્થિતિ છે તો નબીઓના સરદાર સૈયદે બની આદમ ખલીફતુલ્લાહ મુહમ્મદ મુસ્તફા صلى الله تعالى عليه وسلم ના ઈલ્મો મઅરેફતોનું શું કહેવું ?

**૪૮.** જ્યારે ફરિશ્તાઓએ આદમ عليه الصلوٰة والتسليم ની

ઈલ્મી વિશાળતા અને પોતાની લાચારીનો સ્વીકાર કરી લીધો તો પરવરદિગારે આલમે તેમને હુકમ આપ્યો કે આદમને સજદો કરો ! સજદાનો શાબ્દિક અર્થ છે આજીજી પ્રદર્શિત કરવી અને શરીઅતમાં તેનો અર્થ છે, "પેશાનીનું જમીન પર રાખવું." કેટલાક ઉલમાની નજીક સજદાનો અહીં શાબ્દિક અર્થ મુરાદ છે કે ફરિશ્તાઓને અદબ તથા એહતેરામ કરવાનો હુકમ આપવામાં આવ્યો. પરંતુ જમહૂર ઉલમાની નજીક શરઈ અર્થ મુરાદ છે એટલે કે ફરિશ્તાઓને હુકમ આપવામાં આવ્યો કે આદમ عليه السلام ની સામે પેશાની રાખી દે. હવે આ સજદાની બે સ્થિતિઓ છે : **એક** તો એ કે પેશાની ઝુકાવનારો એવું યકીન કરે કે જેની સમક્ષ હું પેશાની ઝુકાવી રહ્યો છું તે ખુદા છે તો એ ઈબાદત છે. અને એ ખાસ છે તે વહ્‌દહૂ લા શરીકની સાથે જે સર્વ કાયનાતનો ખાલિક તથા માલિક છે. કેમ કે અલ્લાહ તઆલાના સિવાય કોઈની ઈબાદત કદી પણ કોઈ નબીની શરીઅતમાં જાઈઝ નથી. બલ્કે અંબિયાને મોકલવાનો પ્રથમ મકસદ જ એ હતો કે તેઓ ઈન્સાનોને કેવળ અલ્લાહની ઈબાદતનો હુકમ આપે અને અન્યોની ઈબાદતથી મના કરે. તો એવું કઈ રીતે થઈ શકે કે જે ચીજથી રોકવાના માટે અંબિયા તશરીફ લાવ્યા એ કાર્યમાં ખૂદ પડે અથવા કોઈને ઈજાઝત આપે ?! **બીજી** સ્થિતિ એ છે કે જેની સમક્ષ સજદો કરવામાં આવી રહ્યો છે તે તેની ઈજ્જત તથા એહતેરામના માટે હોય, ઈબાદતના માટે ન હોય તો એ સજદાને સજદાએ તહિય્યહ્‌ (તા'ઝીમી સિજદો) કહે છે. **એ પહેલાંના અંબિયાએ કિરામની શરીઅતમાં જાઈઝ હતો પરંતુ હુઝૂરે અકરમ** صلى الله تعالى عليه وسلم **એ એનાથી મના કરી આપ્યું.** હવે **તા'ઝીમી સિજદો** પણ આપણી શરીઅતમાં **હરામ** છે. આ ઈજ્જત તથા પ્રતિષ્ઠા આદમ عليه السلام ને નસીબ થઈ તેનો સબબ ઈલ્મે તકવીની એટલે ચીજોનો ઈલ્મ અને તેની ખાસિયતો અને તેની અસરોનો ઈલ્મ છે. તે ઉમ્મત જેની આસ્માની કિતાબમાં **આદમની ઉચ્ચતા તથા અફઝલિયતનું રાઝ** એ દર્શાવવામાં આવ્યું હોય કે તેમને **કાયનાતના છુપાં રહસ્યોથી માહિતગાર** કરવામાં આવ્યા હતા તે ઉમ્મત જો ઈલ્મથી વંચિત હોય, સાયન્સ તથા હિકમતથી અજાણ હોય તો એ તેની પોતાની બદ્‌બખ્તી છે તેના દીને તો શોખના ઘોડાને એડી લગાડવામાં કોઈ કસર બાકી નથી રાખી. દુનિયામાં જેટલી મઝહબની કિતાબો મૌજૂદ છે કોઈમાં પણ આટલી સ્પષ્ટતા તથા કાળજીપૂર્વક મકામે આદમનો નિર્દેશ નથી કરવામાં આવ્યો. હવે આપણે આપણી કમનસીબી સિવાય કોને ભલુબુરૂ કહીએ કે આપણી મોટા ભાગની વસ્તી તો બારાખડી (અ, બ, ક, ડ..) પણ નથી જાણી શક્તી ! (એટલે કે અભણ છે.) અને જેઓ ઈલ્મ પામેલા છે તેઓ ઈલ્મને રોજી રોટીનો ઝરીયો સમજે છે. તે દિવસ ક્યારે ઉગશે જ્યારે મો'મિન પોતાના સ્થાનને ઓળખશે ?! ફરી ક્યારે આ ખુશનુમા ખ્વાબને રૂમીનું દર્દ અને રાઝીનું ચિંતન નસીબ થશે. આપણા અભ્યાસના ટેબલ પર તો ધૂળના થરો જામેલા છે અને આપણા ઐશકદાઓમાં નૂરો રોશનીની રેલ ઉભરાતી ચાલી આવે છે. આપણી અવકાશ વિજ્ઞાન શાળાઓ હવે અણથક તે જ નિગાહોથી મેહરૂમ છે જે તારાઓની મામૂલી સરખી હરકતનો પીછો કર્યા કરતી હતી. આપણા રિસર્ચ સેન્ટરો એવા ઉલમાને તરસે છે જેઓ દુનિયાની લિજ્જતોથી અલિપ્ત રહીને તેહકીકના નશતર વડે કાયનાતની દરેક ચીજનું દિલ ચીરતા રહેતા હતા અને એમનામાં છુપી શક્તિઓ તથા અસરોનું સંશોધન કર્યા કરતા હતા. અને એનાથી પણ વધીને આશ્ચર્યજનક બલ્કે ધૃણાજનક તે અવાજ છે જે અમુક વર્તુળોએથી તૌહીદના નામ પર ઉઠાવવામાં આવે છે કે નબીને તશ્રીઈ ઈલ્મ આપવામાં આવે છે તકવીની ઈલ્મથી તેને શો સંબંધ! અને આ રીતે આ ઝાતે પાક صلى الله تعالى عليه وسلم ની બેહદ વિશાળતાઓ સંકૂચિતથી સંકૂચિત

કરવાના માટે એડી ચોટીનું પૂરું જોર ખર્ચવામાં આવી રહ્યું છે. અલ્લાહ તઆલા રહમ ફર્માવે આપણી પડતીની હાલત પર અને આપણી ખામીઓને બખ્શી આપે.

**૪૯.** આ સ્થળે આપોઆપ એ ખયાલ પરેશાન કરવા લાગે છે કે શું અંબિયાથી પણ ગુનોહ ઉપસ્થિત થાય છે ? એટલા માટે અહીં સંક્ષિપ્તમાં એના વિશે કાંઈક દર્શાવવું અતિ જરૂરી છે. અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ એ ઘણી ઉમદા રીતે આ મુશ્કેલીને હલ કરી છે, ફર્માવે છે : (અર્થ) માલિકી, હનફી અને શાફઈ મસ્લકના જમહૂર ફકીહોનો એ મઝહબ છે કે અંબિયા જેવી રીતે કબીરા ગુનાહોથી પાક હોય છે એ જ રીતે સગીરા ગુનાહોથી પણ પાક હોય છે. એનું કારણ એ છે કે આપણને તેમની મુત્લક (બિન શરતી) ફર્માંબરદારીનો હુકમ આપવામાં આવ્યો છે. જો તેમનાથી ગુનાહ થઈ શકે તો તેમના ગુનાહોની ફર્માંબરદારી પણ લાઝિમ થશે, જેના લીધે હિદાયતની આખી વ્યવસ્થા વેરવિખેર થઈ જશે. આ પરથી એ શંકા ઉભી થઈ જાય છે કે કુર્આને હકીમમાં ઠેક ઠેકાણે અંબિયાની તરફ એવી ચીજો સંબંધિત છે જે ગુનાહ છે અને પછી તે ચીજો પર અંબિયાની સખત શર્મિંદગી તથા તૌબા પણ નકલ થયેલ છે. એવામાં મુત્લક પાકીનો કૌલ કઈ રીતે શક્ય છે. આ શંકાના નિવારણ માટે એક ચીજને હમેશાં દિમાગમાં રાખવી જોઈએ તે એ કે કોઈ કાર્ય ગુનોહ ત્યારે બને છે જ્યારે કોઈ હુકમની નાફર્માનીનો નિશ્ચય તથા ઈરાદો જોવા મળે. અને જો નિશ્ચય કે ઈરાદો નથી બલ્કે વિના ઈરાદે ભૂલચૂકથી કોઈ એવું કૃત્ય થઈ જાય તે જો જાહેરી રીતે કોઈ હુકમની વિરૂધ્ધ છે તો એને ગુનોહ નથી કહેતા. અને એવા કાર્યનું ઉપસ્થિત થવું અંબિયાની પવિત્રતાની વિરૂધ્ધ નથી. હવે તમે આ એક પ્રસંગ પર વિચારણા કરો. કુર્આને હકીમની તા'બીરમાં આ મસ્અલાની નઝાકતને સાચવવામાં આવી છે. અહીં ફર્માવ્યું છે : فازلهما હવે તમે زلۃ ની શાબ્દિક તેહકીક પર વિચારણા કરો : વિના ઈરાદે પગોનું સરકી જવું. બીજે ઠેકાણે કુર્આને સાફ આ હકીકતને સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરી આપી. એટલે કે આદમથી આ હરકત ભૂલથી થઈ, તેનો નિશ્ચય તથા ઈરાદો હરગિઝ ન હતો. જ્યાં સુધી નિશ્ચય તથા ઈરાદો કરવામાં ન આવ્યો હોય ત્યાં સુધી તે કૃત્યને ગુનોહ કહેવામાં નથી આવતો. પરંતુ :–

મૌલાના રૂમી ફર્માવે છે :– **(અર્થ)**આદમ علیہ السلام તો કદીમ નૂરની આંખ હતા અને આંખમાં જો એક વાળ પણ પડી જાય તો આંખની નઝાકત તેને સહન નથી કરી શક્તી, બલ્કે તે હલ્કો વાળ પણ અહીં પહાડ કરતાં પણ ભારે મેહસૂસ થવા લાગે છે. –*સંપૂર્ણ*

**હજ્જ વ ઝિયારત મુબારક થજો :** ગુજરાતી મશહૂર સુન્ની સાહિત્યિક ખિદમતગાર **"સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ"**ના રૂહેરવાં **જનાબ સુલેમાનભાઈ ઈસાણી સાહબ** જેમણે પોતાની ૨૨ વરસની ભરયુવાન વયથી દીનની ખિદમત શરૂ કરી. ઈ.સ. ૧૯૬૭ માં સુન્ની મુસ્લિમ કમિટી ઉભી કરી સબીલે ન્યાઝે હુસૈનથી ઈ.સ. ૧૯૭૧ માં પ્રકાશન કાર્ય શરૂ કર્યું. ઈ.સ. ૧૯૮૪ માં સુન્ની મુસ્લિમ જમાઅતની સ્થાપ્ના કરી. બરકાતી ખાનદાન તથા રઝવી ખાનદાનના બુઝુર્ગોના દૌરાની બરકતથી ગોંડલમાં સુન્નિયત મજબૂત છે. હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہ ૮–૧૦ દિવસ રહેતા. ૧૯૭૧ માં કમિટીના પ્રકાશનનું એલાન આપની હાજરીમાં થયેલ હતું. સારાંશ કે મહાન બુઝુર્ગોની સોહબતથી ફયુઝ પામીને જનાબ ઈસાણી સાહબે સુન્ની જગતની ગુજરાતમાં બેનમૂન સેવા કરી છે. આપ હવે હજ્જ તથા ઝિયારતે જઈ રહ્યા છે તો અમો એમને સન્માનપૂર્વક મુબારકબાદ પેશ કરીએ છીએ તથા દુઆ કરીએ છીએ મૌલા કરીમ તેમની સફરને આસાન કરે અને મક્કા શરીફ, મદીના શરીફ રોઝએ રસૂલ તથા અન્ય મુકદસ સ્થાનોની હાજરીને કબૂલ ફર્માવે તથા અમ ગુનેગારો માટે સરકાર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં વારંવાર હાજરીની, સલામ તથા દુઆની ગુઝારિશ કરીએ છીએ. –*તંત્રી : બરકાતે ખ્વાજા*

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

## ★ હદીષ : ૨૦ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મને માણસ ઈજા પહોંચાડે છે[૧] કે જમાનાને ગાળો આપે છે[૨] જ્યારે કે જમાનો તો હું છું. હું રાત દિવસને ઉલટ પુલટ કરું છું[૩] (મુસ્લિમ, બુખારી) અને રિવાયત છે હઝરત અબૂ મૂસા અશ્અરીથી ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તકલીફદાયક વાતને સાંભળવા છતાં સબ્ર કરનાર[૪] ખુદાથી વધીને કોઈ નથી. લોકો તેના માટે ઔલાદનો દા'વો કરે છે તેમ છતાં પણ તે તેમને રાહત તથા રોજી આપ્યે જાય છે[૫].

હઝરત મઆઝથી[૬] રિવાયત છે કે હું એક ખચ્ચર પર હુઝૂરની પાછળ એ રીતે સવાર હતો કે મારી અને તેમની વચ્ચે ગાદીના લાકડા સિવાય કાંઈ ન હતું[૭]. હુઝૂરે ફર્માવ્યું કે, મઆઝ ! શું જાણો છો અલ્લાહનો હક્ક પોતાના બંદાઓ પર શું છે ? અને બંદાઓનો હક્ક અલ્લાહ પર શું છે ?[૮] મેં અર્ઝ કરી, અલ્લાહ, રસૂલ જાણે ! ફર્માવ્યું, અલ્લાહનો હક્ક બંદાઓ પર તો એ છે કે તેને પૂજે, કોઈને તેનો શરીક ન ઠરાવે[૯]. અને બંદાઓનો હક્ક અલ્લાહ પર એ છે કે જે તેનો શરીક ન ઠરાવતો હોય તેને અઝાબ ન આપે[૧૦]. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તો શું હું લોકોને આ બશારત ન આપી દઉં ?! ફર્માવ્યું, આ બશારત ન આપો, નહીં તો લોકો એના પર ભરોસો કરી બેસશે[૧૧].

## ★ સમજુતી ★

**૧.** ઈજાથી મુરાદ નારાજ થવું છે એટલે કે મારા વિશે (ખુદા વિશે) એવી વાતો કરે છે જેનાથી હું નારાજ થાઉં છું, નહીં તો ખુદા તઆલા દુઃખદર્દ તથા તકલીફથી પાક છે.

**૨.** એ રીતે કે કહે છે કે, હાય જમાના ! તેં મારા પર જુલ્મ કરી દીધો ! મારા ફલાણાને મારી નાખ્યો ! હાય ! જાલિમ જમાના ! અથવા આસ્માન ! જેમ કે મોલ્વી મહમૂદ હસન દેવબંદીએ મર્ષિયા ગંગોહીમાં જમાનાને જીવ ભરીને ભલો બુરો કહ્યો છે એ **હરામ** છે. આ હદીષથી જાણવા મળે છે કે અલ્લાહની મહકૂમ (તાબા હેઠળ)ની ચીજોને બુરી કહેવી રબની નારાજગીનો સબબ છે. એ જ પ્રમાણે અલ્લાહના પ્યારાઓની તૌહીન કરવી પણ તેની નારાજગીનો સબબ છે.

**૩.** એ રીતે કે દિવસને લઈ જાઉં છું રાતને લાવું છું તેમ જ તેમને નાના મોટા, ગરમ, ઠંડા, ફાયદાકારક નુકસાનકર્તા બનાવું છું, જેથી એમને બુરું કહેવું મારા પર ટોણો છે. ખયાલ રાખશો અહીં દહર (જમાના)થી મુરાદ મુઅષ્ષિરે હકીકી અને મુસબ્બિબુલ અસ્બાબ છે, નહીં તો રબ તઆલાને દહર (જમાનો) કહેવું દુરુસ્ત નથી અને ન દહર અલ્લાહનું નામ છે.

**૪.** અહીં સબ્રથી મુરાદ ''હિલ્મ'' (ધીરજ,



(વધુ પેજ નં. ૧૦ પર..........)

સંયમ) છે. એ જ અર્થમાં અલ્લાહ તઆલાનું નામ પર સબૂર છે, ન કે એ સબ્ર જે મજબૂરીના લીધે હોય. એની તફસીર આગલુ લખાણ છે.

**૫.** એટલે કે લોકો અલ્લાહ તઆલાને ઐબ લગાડે છે છતાં, અને રબ તઆલા તેનાથી માહિતગાર પણ છે અને તેમના પર દરેક રીતે શક્તિમાન છે છતાં પણ તેમને તુરત જ અઝાબ નથી આપતો, બલ્કે દુનિયામાં તેમને તંદુરસ્તી, રોજી આપે છે. કેમ કે દુનિયા તેની રહમાનિયતને પ્રદર્શિત કરવાની જગા છે. મૃત્યુ પછી ન તેમને અમ્ન આપે ન રોજી વગેરે, ત્યાં તેની રહીમિયતની જલ્વાગરી થશે.

**૬.** આપ મઆઝ ઈબ્ને જબલ અન્સારી, કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. બયઅતે ઉકબા કરનારા ૭૦ અન્સારમાં આપ પણ હતા. બદર અને સર્વ ગઝવાતમાં હુઝૂરની સાથે રહ્યા. હુઝૂરે આપને યમનના ગર્વનર બનાવ્યા. ઉમર ફારૂકે શામ (સીરીયા)ના હાકિમ નિયુક્ત કર્યા. તાઊને ઉમ્વાસમાં ૮૩ વર્ષની વયે આપની વફાત થઈ. શામમાં કબ્ર શરીફ છે. આપના ફઝાઈલ બેહદ તથા અસંખ્ય છે.

**૭.** એટલે કે ખુશનસીબીથી મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ખૂબ જ નિકટતા નસીબ થઈ હતી અને જાહેર છે કે જે વાત આટલા નિકટથી સાંભળવામાં આવશે તો તદ્દન દુરુસ્ત સાંભળવામાં આવશે. **"રદીફ"** રદનૂનૂથી બન્યું છે એટલે કે એક ઘોડા કે ઊંટ પર બે સવાર હોય તો પાછળ બેસનારો "રદીફ" કહેવાય છે. બે માણસોનું જાનવર પર સવાર થવું ત્યારે મના છે જ્યારે કે જાનવર કમજોર હોય અને બેનું વજન ન ઉઠાવી શકે. જેથી આ હદીષ મનાઈ કરતી હદીષની વિરૂધ્ધ નથી.

**૮.** હક્કનો અર્થ વાજિબ, લાઝિમ, લાયક બંદાઓના સંબંધિત. ત્રણે અર્થો દુરુસ્ત છે. કે અલ્લાહની ઈબાદત તેમના પર વાજિબ છે, લાઝિમ છે, તેમના લાયક છે. અલ્લાહના માટે આ અર્થો અન્ય રીતે દુરુસ્ત થશે, તે એ કે તે કરીમે પોતાના કરમના જિમ્મા પર ખૂદ લાઝિમ કરી લીધું કે આબિદોને બદલો આપે. કોઈ અન્ય તેના પર વાજિબ નથી કરી શક્તુ. જેથી જે રિવાયતોમાં આવ્યું છે કે અલ્લાહ તઆલા પર કોઈનો હક્ક નથી, એ બીજા અર્થમાં છે કે કોઈ તેના પર વાજિબ નથી કરી શક્તુ, કેમ કે કોઈ તેનો હાકિમ નથી પણ તે સૌનો હાકિમ છે.

**૯.** એ રીતે કે ન તો કોઈ તેનો બરોબરીયો જાણે ન તેનાં બીવી બચ્ચાં. જેથી એમાં મજૂસિય્યત, નસ્રાનિયત, યહૂદિયત સૌ દાખલ છે. એ તમામ દીનોથી અલિપ્તતા જરૂરી છે.

**૧૦.** એટલે કે કુફ્ર ન કરતો હોય તેને **કાયમી અઝાબ** ન આપે. આ સ્થાનોએ શિર્ક એ કુફ્રના અર્થમાં હોય છે. અને અઝાબથી મુરાદ કાયમી અઝાબ હોય છે, નહીં તો અમુક ગુનેહગારોને પણ કાંઈક અઝાબ થઈ જશે. *(અશ્અતુલ્ લમ્આત વગેરે...)*

---

## ✪ દર શાને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ✪

**અઝ : આરિફુશ્શોઅરા જનાબ "આરિફ" પેટલાદી**

દીને મુહમ્મદી કે રહબર ઈમામે આ'ઝમ
ઈલ્મે ફિકહ કે રોશન ગૌહર ઈમામે આ'ઝમ
માના હૈ જિસકો દિલસે ચાહા હૈ જિસકો દિલસે
હય બિલયકીં હમારે સરવર ઈમામે આ'ઝમ
ઉનકી સદાકતોંને ષાબિત યે કર દિયા હય
બાતિલ કે વાસ્તે હંય ખંજર ઈમામે આ'ઝમ
દામન હૈ મેરા ખાલી લિલ્લાહ ઉસકો ભર દો
રહમત કી હો નઝર અબ મુઝ પર ઈમામે આ'ઝમ
દીને નબીકી કી હૈ વલ્લાહ ! ઐસી ખિદમત
દીને નબી હૈ નાઝાં તુમ પર ઈમામે આ'ઝમ
તુમને ઉસે નવાઝા તુમને ઉસે સંવારા
આયા હૈ જબ ભી કોઈ દર પર ઈમામે આ'ઝમ
**આરિફ** પે ભી કરમ કી લિલ્લાહ કર દો બારિશ
કરતા હય યાદ તુમકો અકષર ઈમામે આ'ઝમ




# ફતવા વિભાગ

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી

*(મુફ્તી જામિઆ અશરફિયા, મુબારકપુર)*

અનુવાદક : હાજી ઈબ્રાહીમખાન શેરવાની–પોરબંદર

## ઝકાતની રકમ સ્કૂલમાં આપવી કેવું છે ?

**સવાલ : શું ઝકાતની રકમ સ્કૂલમાં આપી શકાય ?!**

ઉલ્માએ દીન અને શરીઅત આ મસ્અલામાં શું ફર્માવે છે કે, અમારા શહેરમાં સમાજના કેટલાક દર્દમંદોએ બાળકોની એક સ્કૂલ સ્થાપેલ છે, જેમાં અર્વાચીન શિક્ષણ (રાજ્ય અભ્યાસક્રમ)ની સાથે દીની તા'લીમ પણ આપવામાં આવે છે.

આજકાલ સ્કૂલ (કોલેજ)નો ફાળો થઈ રહ્યો છે. એક શખ્સે શરઈ હીલો કરીને ''ઝકાત'ની રકમ ફાળ ામાં આપી. આ રકમ સ્કૂલ (કોલેજ)માં વાપરવી જાઈઝ છે કે નહીં ? કુર્આન હદીષના પ્રકાશમાં હુકમ સાદર ફર્માવશો. વસ્સલામ.

### ★ અલ્ જવાબ ★

ઝકાતની રકમના અસલ હક્કદાર ફકીર અને મિસ્કીન મુસલમાનો છે. કુર્આને પાકમાં છે, **"ઈન્નમસ્સદકાતુ લિલ્ ફુકરાએ વલ્મસાકીન."** (સદકાત ગરીબો અને મિસ્કીનો માટે છે.) તો ઝકાત તેમને આપવાથી જ અદા થશે અને બીજાઓને આપવું નાજાઈઝ અને ગુનોહ થશે. એ કારણે કોઈ પણ સ્કૂલમાં ઝકાતની રકમ આપવી જાઈઝ નથી અને ન સ્કૂલોમાં આપવાથી ઝકાત અદા થશે.

એ ઉપરાંત ઝકાત મહાન કુર્બત અને સવાબનું કાર્ય છે અને દુનિયવી શિક્ષણની કોઈ સંસ્થા અથવા સ્કૂલ, કુર્બત અને સવાબનું કાર્ય નથી. બલ્કે બીજા દુનિયવી કાર્યોની પેઠે તે પણ એક મુબાહ (જેનું કરવું કે ન કરવું બંને સમાન હોય તેવું) કાર્ય છે. તો એ રીતે પણ સ્કૂલમાં ઝકાતની રકમ આપવી જાઈઝ નથી. કે જે વસ્તુ કુર્બતની જગ્યા નથી તેમાં ખર્ચ કરવાથી કુરબત કેમ અદા થશે ?

બાકી રહ્યું, હિલો કરવું.... તો તેની રજા બે શરતોની સાથે આપવામાં આવી છે :–

**પહેલી** એ કે "મસરફ" (ઝકાત જેમાં વાપરી શકાય તેવાં કાર્યો) સિવાયના કાર્યોમાં ઝકાત આપવાની હાજત અથવા જરૂરત ઊભી થાય. અર્થાત ઝકાતની રકમ તેમાં વાપરવા સિવાય કોઈ છૂટકો ન હોય. અથવા છૂટકો પણ હોય પરંતુ તેમાં સખ્ત વાંધો અને મુશ્કેલી હોય.

**બીજી** શરત એ કે તે કામ હકીકતમાં કુર્બત અને સવાબનું કાર્ય હોય. જેથી હાજત અને જરૂરતના સ્વરૂપમાં પણ તે રકમનો પોતાના "મસરફ" (જેમાં ઝકાત વાપરી શકાય તેવા પ્રકારના કાર્ય)માં જ ઉપયોગ થાય. ફુકહાએ કિરામ (ઈસ્લામના મુફતીઓ) એ જ્યાં પણ "હીલા"ની રજા આપી છે ત્યાં મસરફ (ઝકાત જેમાં વાપરી શકાય તેવા કાર્યો) કુર્બતના પ્રકરણમાંથી જ હોય છે.

જેથી જ્યાં હાજત હોય પરંતુ તે કાર્ય સવાબનું ન હોય અથવા કાર્ય તો સવાબનું હોય પણ ત્યાં શરઈ હાજત ન હોય તો તેવા સ્થાને પર "હીલા"ની રજા નહીં મળે. દા.ત. તંગદસ્ત માબાપની મદદ મોટા

સવાબનું કાર્ય છે. પરંતુ પુત્ર જે સાહેબે નિસાબ હોય તે પોતાના પાસેથી તેમની મદદ કરી શકતો હોય તો તેના માટે એ જાઈઝ નથી કે ઝકાતના માલનો હીલો કરીને તે રકમ પોતાના માબપ ઉપર ખર્ચ કરે.

**દીની મદ્રસાઓમાં હીલાની જે રજા આપવામાં આવી છે તેનું કારણ એ છે કે** ત્યાં બંને શરતો સાબિત છે. મદ્રસાઓની તા'લીમનું સવાબનું કાર્ય હોવું તો સ્પષ્ટ જ છે કે તેમાં અસલ હેતુ દીની ઉલૂમ, કુર્આન, હદીષ, ફિકહની તા'લીમ છે, જે **ફર્ઝ** છે. બાકીના ઈલ્મો તેને તાબે છે. અને પૂરક રીતે અભ્યાસક્રમમાં દાખલ છે, કે તેનાથી દીની ઉલૂમની સમજણ અને પ્રાપ્તિમાં મદદ મળે છે. અને હાજત તથા જરૂરતનું સ્વરૂપ પણ પ્રગટ જ છે કે જો હીલાની રજા આપવામાં ન આવે તો સામાન્યતઃ આ દીની મદ્રસાઓ બંધ થઈ જશે અથવા બહુ જ અશક્ત થઈ જશે. જેના કારણે દીની ઉલૂમનું રક્ષણ અને અસ્તિત્વ અને ઈસ્લામનું પ્રસાર તથા પ્રચાર સારી રીતે નહીં થઈ શકે. કેમ કે **હવે કૌમની પ્રકૃતિ એ થઈ ગઈ છે કે તે દીનના દરેક કાર્યો ઝકાતના ફંડથી (જે કેવળ અઢી ટકા છે તેનાથી) કરવા માંગે છે. અને તેમાં જ તેની પ્રત્યેક દીની સમસ્યાનું નિવારણ છે. પોતાની પાસેથી દાન અને હદીયા દેવાની આદત જ નથી રહી, સિવાય કે તેમાં પોતાનું કોઈ દુનિયવી લાભ હોય. બલ્કે કેટલાયે તો એવા છે જે સાચી રીતે પૂરી ઝકાત પણ નથી કાઢતા. આવી હાલતમાં દીની મદ્રસાઓને ઝકાત સિવાયના ચંદા ઉપર નિર્ભર કરી આપવું તેમને બરબાદ કરી દેવા સમાન છે. જેથી અત્યંત મજબૂરીની દશામાં જેને જરૂરતે શરઈ કહેવામાં આવે છે, આ નેક દીની સવાબના કાર્ય માટે ઉલમાએ કિરામે "હીલા"ની રજા આપી છે.**

તેની વિરૂધ્ધ (સ્કૂલ) કોલેજમાં આ જરૂરત સાબિત નથી. તેનાથી દુનિયવી લાભ સંકળાયેલા છે અને પ્રત્યેક શખ્સ તેનો લાભ પોતાની આંખો સામે દુનિયામાં જ જુએ છે અથવા બાદમાં જોવાનો સંતોષ હોય છે જેથી તે તેની તરફ આકર્ષાય છે અને દિલ ખોલીને તેના સહકારમાં ભાગ લ્યે છે. તેની પ્રત્યક્ષ મિસાલ મુસ્લિમ યુનિવર્સિટી (અલીગઢ) છે કે લોકોએ આશ્ચર્યજનક રીતે તેને સહકાર આપ્યો. કારણ કે તેમની સામે દુનિયાનો લીલોછમ બાગ હતો ! હદીષ શરીફમાં છે : **દુનિયા મીઠી અને લીલીછમ છે.** *(મિશ્કાતુલ્ મસાબિહ, પેજ–૨૬૮, કિતાબુન્નિકાહ, હવાલો : મુસ્લિમ શરીફ)*

સારાંશ એ કે કોલેજનું સંચાલન ફક્ત ફાળા ઉપર સરળતાથી ચાલી શકે છે. તે માટે અહીં **જરૂરતે શરઈ તો શું હાજતે શરઈ પણ નથી.** બાકી રહ્યા કોલેજમાં ભણાવવામાં આવતા શિક્ષણો, તો તેમની પ્રાપ્તિ શરઈ દષ્ટિએ ન ફર્ઝ છે ન વાજિબ ! બલ્કે કેવળ જાઈઝ અને મુબાહ છે. હા ! એ જો ઈલ્મે દીનના તાબે હોય તો તેની પ્રાપ્તિ મુસ્તબહ છે. બલ્કે તેમનામાંથી અમુકની પ્રાપ્તિ વાજિબ પણ થશે. પરંતુ પૂછવામાં આવેલ મસ્અલામાં દીની તા'લીમની હેસિયત કેવળ એક તાબેદારની છે તો આ પૂરક તા'લીમ થઈ. અસલ હેતુ અર્વાચીન તા'લીમ છે એટલે તેની હેસિયત કેવળ મુબાહની છે.

આ દષ્ટિએ જોવામાં આવે તો **અહીં "હીલા"ની જાઈઝ હોવાની બંને શરતો ગાયબ છે. જેથી સદરહુ કોલેજમાં ઝકાતની રકમનો ઉપયોગ જાઈઝ નથી.** જે શખ્સે ચંદામાં ઝકાતની રકમ આપી છે તેને શરીઅતના મસ્અલાથી જાણકાર કરી દેવામાં આવે. જેથી તે રકમ "મસરફે ઝકાત" (જેમાં ઝકાત વાપરી શકાય તે કાર્યો)માં ખર્ચ કરે. અને કોલેજને મદદ પોતાના (ઝકાત સિવાયના) દાન વડે કરે. અલ્લાહ બેહતર જાણકાર છે.

**જવાબ લખનાર** : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી સાહબ મિસ્બાહી *(મુફ્તી દારુલ ઉલૂમ જામિઆ અશરફિયા યુનિવર્સિટી, મુબારકપુર)*

*(અશરફિયા માસિક, ઓગષ્ટ–૨૦૦૨ ના સૌજન્યથી, બહવાલા "ફયઝે રઝા" પોરબંદર, ઓકટોબર–૦૩)*

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ

# شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

| ★ ઉર્દૂ અનુવાદક ★ | ★ ગુજરાતી અનુવાદક ★ |
|---|---|
| મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી | ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)* |

**(વિભાગ-૭)**

## હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બીજા અંબિયાની સરખામણીમાં રુત્બાઓ

આ અધ્યાયમાં તે આયતોની ચર્ચા થશે જેમાં અલ્લાહ તઆલાએ એ બતાવ્યું છે કે, ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિષ્ઠા અને રુત્બો બીજા અંબિયાએ કિરામથી વધીને છે. એ માટે ખુદાવંદીનો ઈર્શાદ છે :–

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَاۤ اٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ وَّحِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ؕ قَالَ ءَاَقْرَرْتُمْ وَاَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِىْ ؕ قَالُوْۤا اَقْرَرْنَا ؕ قَالَ فَاشْهَدُوْا وَاَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ۝ فَمَنْ تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ۝

**અર્થાત** : અને યાદ કરો જ્યારે અલ્લાહે પૈગંબરો પાસેથી એમનું વચન લીધું, જો હું તમને કિતાબ અને હિકમત આપુ પછી તમારી પાસે તે રસૂલ પધારે કે (જે) તમારી કિતાબોની સત્યતા જાહેર કરે. તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો અને જરૂર જરૂર તેની મદદ કરજો. ફર્માવ્યું, શું તમે સ્વીકાર કર્યો ? અને એના પર મારી ભારે જવાબદારી લીધી ? બધાએ વિનંતિ કરી, અમે સ્વીકાર કર્યો. ફર્માવ્યું, તો એક બીજા પર સાક્ષી બની જાઓ અને હું પોતે તમારી સાથે સાક્ષીઓમાંથી છું. તો જે કોઈ આના પછી ફરે તો તે લોકો જ ફાસિક છે. *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૮૦, ૮૧)*

ઈમામ અબુલ હસન કાબ્સી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જે મહાન પ્રતિષ્ઠા આપવામાં આવી છે તેના કરતાં બીજા કોઈને બુલંદ કરેલ નથી. જેવું કે આ આયતે કરીમામાં ચર્ચાયું છે. કેટલાક મુફસ્સિરીનનું કથન છે કે, અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم થી અહદ (વચન) લીધેલ હતું કે, જ્યારે પણ તેઓ કોઈ નબીના પાસે વહી લઈને જાય તો તેમના સામે નબી આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઝિક્ર કરે અને તેમના ફઝાઈલ અને ગુણોનું બયાન કર્યા પછી તે નબીથી વચન લે કે જો તેઓ અહમદ મુજતબા મુહમ્મદે મુસ્તફા ખાતમુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નો સમય મેળવે તો તેમના પર ઈમાન લાવવાનું રહેશે[1]. કેટલાક મુફસ્સિરીન એ પણ ફર્માવે છે કે, હઝરાત અંબિયાએ કિરામ علیہم السلام

[1] મુજદ્દિદ માયએ હાઝરા ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧) એ અંબિયાના આ જ વચન પર વાર્તાલાપ કરતા કરતા આ (ફુટ નોંધ અનુસંધાન આગળના પેજ ઉપર...)

થી એ પણ વચન લેવામાં આવ્યું કે તેઓ પોત પોતાની કૌમના સામે નબી આખિરુઝ્ઝમાં ﷺ ની ખૂબીઓનું બયાન કરીને તે વાતનું વચન લે કે તેઓ પોતાના પાછળવાળાને ફઝાઈલે મુસ્તફાની જાણકારી આપશે અને હબીબે પરવરદિગારના ખુત્બા પઢતા રહેશે.

*(ફુટ નોંધ અનુસંધાન પાછળના પેજનું ચાલુ....)*

ઈમાન અફરોઝ (ઈમાનમાં વૃદ્ધિ કરનાર) રહસ્યને પણ બયાન કરેલ છે :– "હું અલ્લાહની તૌફીકથી કહું છું : પછી એ પણ જોવાનું છે કે, આ વિષયને કુર્આને અઝીમે કયા અંદાઝથી ભવ્ય ઠરાવેલ છે અને જાત જાતની RTJ6LV F5LKP **પ્રથમ** : અંબિયા عَلَيْهِمُ السَّلَام માસૂમો છે. ક્યારેય પણ અલ્લાહના હુકમના વિરૂધ્ધ થવાનો તેમનાથી અવકાશ નથી. પરંતુ હતું કે, રબ તબારક વ તઆલા કાર્યના રૂપે તેમને ઈર્શાદ ફર્માવતો કે જો તે નબી તમારા પાસે આવે ત્યારે તેમના પર ઈમાન લાવવું અને તેમની મદદ કરવી. પરંતુ તેટલાથી પૂરું ન કર્યું. બલ્કે તેમનાથી વચન લીધું આ વચન, વચન "શું હું તમારો રબ નથી ?!" ના પછી બીજું વચન હતું જેવું કલ્મએ તૈયબમાં **લા ઈલાહ ઈલ્લલ્લાહ**ના સાથે **મુહમ્મદુર્રસૂલુલ્લાહ**. જેથી સ્પષ્ટ થાય કે અલ્લાહ સિવાય દરેક પર પહેલો ફર્ઝ ખુદાવંદ પર યકીન કરવું છે. પછી તેના જેમ રિસાલતે મુહમ્મદિયા પર ઈમાન ﷺ **બીજું** આ વચનને **લામ** કસમથી તાકીદ કરી. لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ જેવી રીતે નવાબોથી સુલ્તાનોની બયઅત પર કસમો લેવામાં આવે છે. ઈમામ સુબકી ફર્માવે છે કે, કદાચ બૈઅતના શપથ આ આયત સાથે સંબંધ ધરાવે છે. **ત્રીજું** નૂન. તાકીદ **ચોથું** તે વજનદાર લાવીને તાકીદના ભારને બુલંદ કર્યો. **પાંચમું** આ સંપૂર્ણ વ્યવસ્થા પર ધ્યાન આપો કે અંબિયા હઝરાત હજુ જવાબ પણ આપી શકયા ન હતા કે પોતે જ આગળ વધી પૂછે છે **અ–અકર્રતુમ**. શું તમે આ વાત પર એકરાર કરો છો ? એટલે દસ્તાવેજ જલ્દી પૂર્ણ કરવાનો ઉદ્દેશ છે. **છઠ્ઠું** આ પર પણ અંત ન કર્યો બલ્કે ઈર્શાદ ફર્માવ્યો : وَاَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِىْ. કેવળ ઈકરાર નહીં બલ્કે તેના પર પણ મારી ભારી જવાબદારી લો. **સાતમું અલૈહિ** અથવા **અલા હાઝા**ની જગ્યાએ **અલા ઝાલિકુમ** ફર્માવ્યું. કે સંકેતનો ફાસલો પ્રતિષ્ઠાની દલીલ બને. **આઠમું** અને તરક્કી થઈ કે **ફશ્હદુ** એક બીજા પર સાક્ષી બની જાવ, જયારે કે મઆઝલ્લાહ ! એકરાર કરીને ફરી જવું તે પાક મુકદસ હઝરાતથી ઉચિત ન હતું. **નવમું** કમાલ એ છે કે, ફક્ત તેમની સાક્ષી પર પૂર્ણ ન કર્યું બલ્કે ઈર્શાદ ફર્માવ્યો :- وَاَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِيْنَ હું પોતે પણ તમારા સાથે સાક્ષીઓમાંથી છું. **દસમું** સૌથી વધુ અતિશયતા તો એ છે કે આટલી મહાન તાકીદો પછી, જો કે અંબિયાને ઈજ્જત આપી છતાં આ સખ્ત હદબંધી ફર્માવી દીધી. تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ. હવે જે આ કરારથી ફરી જશે ફાસિક ગણાશે. અલ્લાહ, અલ્લાહ આ તે જ સંપૂર્ણ કાળજી તથા સંપૂર્ણ આયોજન છે જે બારી તઆલાને પોતાની તૌહીદના વિશે મંજૂર થયું કે માસૂમ ફરિશ્તાઓના હક્કમાં ઈર્શાદ ફર્માવે છે :–

وَمَنْ يَّقُلْ مِنْهُمْ اِنِّىْٓ اِلٰهٌ مِّنْ دُوْنِهٖ فَذٰلِكَ نَجْزِيْهِ جَهَنَّمَ كَذٰلِكَ نَجْزِى الظّٰلِمِيْنَ ○ જો તેમાંથી કોઈ કહેશે કે હું અલ્લાહના સિવાય મા'બૂદ છું તેને અમે જહન્નમની સજા આપીશું. અમે જેવી જ સજા જુલ્મીઓને આપીએ છીએ. જેમ કે ઈર્શાદ ફર્માવે છે, જે રીતે અમારા ઈમાનનો પ્રથમ ભાગ **લા ઈલાહા ઈલ્લલ્લાહ**નો પ્રબંધ છે તેમ બીજો ભાગ **મુહમ્મદુર્રસૂલુલ્લાહ**થી પૂર્ણ યકીન છે. હું તમામ જહાંનો ખુદા કે ફરિશ્તાઓ પણ મારી બંદગીથી માથું ફેરવી શક્તા નથી અને મારો મહબૂબ તમામ આલમનો રસૂલ અને પેશવા કે અંબિયા અને મુરસલીન પણ તેમની બયઅત અને સેવાના નિયત વર્તુળમાં દાખલ થયા. એનાથી વધીને હુઝૂરની સંપૂર્ણ સરદારી પર અને સંપૂર્ણ શ્રેષ્ઠતા પર કઈ દલીલ જરૂરી છે. **વ લિલ્લાહિ હુજ્જતુલ્બાલિગહ્**. *(તજલ્લી યુલ્યકીન મત્બુઆ, મુરાદાબાદ, પેજ–૮ થી ૧૦)*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## સરકસ કે જેમાં સિંહ, હાથી વગેરેથી ખેલ થાય છે

હુઝૂર નબી કરીમ ﷺ નું કથન :–

حتى تكلم السباع الانسان

"જંગલી જાનવરો માણસો સાથે વાત કરશે." (અને એક રિવાયતમાં "અલ્ઈન્સાન" છે.) એ જ સરકસની તરફ નિર્દેશ છે કે જેમાં જાનવર એટલે કે સિંહ, ચિત્તા તથા હાથી વગેરે એવા આશ્ચર્યજનક ખેલો દેખાડે છે જેનાથી ઘણા માણસો પણ લાચાર છે. તે ખેલ બતાવનાર તે જાનવરોને સંબોધે છે તે તેઓ સમજી જાય છે, તેમને હુકમ આપે છે તો તેઓ કરે છે, મના કરે છે તો તેઓ રોકાઈ જાય છે એટલે કે જેવું તે ખેલ બતાવનારો ચાહે છે આ તેવું જ કરે છે. એના પરથી તે વાતો જાણવા મળી જે એના સિવાય કોઈ અન્ય રીતે માલૂમ થઈ શકતી ન હતી.

## તે કૂતરા જે ગુનેગારોને પકડવામાં વપરાય છે

**જાસૂસી કૂતરા** : હુઝૂર ﷺ નો કૌલ : حتى تكلم السباع الانسان કે "જંગલી જાનવરો માણસ સાથે વાત કરશે." થી એ જાસૂસી કૂતરા પ્રતિ પણ નિર્દેશ છે જેનો આજે પોલીસ મોટા મોટા ગુનાહો દા.ત. ખૂન, લૂંટ વગેરેમાં સંડોવાયેલાઓની શોધખોળ માટે ઉપયોગ કરે છે. આ એક ખાસ પ્રકારના કૂતરાઓ છે જે યૂરોપના અમુક શહેરોમાં જોવા મળે છે અને તેમને એવી ટ્રેનિંગ આપવામાં આવે છે કે તેઓ મુજરિમને ઓળખવામાં ભૂલ નથી કરતા અને પછી અમુક ખાસ તરીકાઓ વડે પોલીસને બતાવી આપે છે. એ વાત કોઈનાથી છુપી નથી કે શબ્દકોશ તથા શરીઅત બંનેમાં કૂતરા ફાડી ખાનાર (જંગલી) જાનવરમાં ગણાય છે.

હદીષ જો કે બીજા અર્થનો અવકાશ ધરાવે છે એટલા માટે કે શક્ય છે કે એનાથી મુરાદ હકીકી કલામ (કાયદેસરની વાતચીત) હોય અને આગળ જતાં ક્યારેક એવું પણ થાય ! પરંતુ એનો એ યંત્ર (ટેપ રેકોર્ડર)ની સાથે ઉલ્લેખ કરવો કે "જે લોકોની વાતો ટેપ કરશે અને માણસને તેની પાછળ થનારી ચીજોની ખબર આપશે." એનાથી અંદાજો થાય છે કે આ હદીષમાં એ જ મુરાદ છે, કેમ કે બંને ચીજો એક જ સમયમાં જાહેર થઈ છે.

## પક્ષી ઘર

જંગલી જાનવરોનું માણસો સાથે વાતચીત કરવા ઉપરાંત અમે એ પણ ઉલ્લેખ કરીશું કે લોકોની સૈર તથા મનોરંજન ખાતર જંગલી જાનવરો તથા અન્ય દરેક પ્રકારનાં જાનવરો બાગો (પક્ષી ઘરો)માં એકત્ર કરવામાં આવે છે અને મોટા ભાગનાં

શહેરોમાં ચિડિયા ઘર (પક્ષી ઘર) હોય છે. આ ચીજ કિયામતની નિશાનીઓમાંથી છે અને તેના અતિ નજીક હોવાની નિશાની છે એટલે સુધી કે અલ્લાહ તઆલાએ આ નિશાનીઓનો એ ચીજોની સાથે ઉલ્લેખ કર્યો છે કે જે કિયામત થયા બાદ થશે અને તે તમામ શરતોનો આગળ એક જ જવાબ આપ્યો જાણે કે એ સૌ એક જ સમયમાં થશે. એના કારણે ઘણા લોકો એવું સમજ્યા કે એ સર્વ નિશાનીઓ કિયામત કાયમ થયા પછીની છે. જો કે હકીકત એ છે કે એમાંથી કેટલીક નિશાનીઓ કિયામત કાયમ થતા પહેલાં દુનિયામાં જ જાહેર થશે અને અમુક છેવટમાં કિયામત કાયમ થયા બાદ જાહેર થશે. જેમ કે ઈબ્ને અબ્બાસ, ઉબય ઈબ્ને કઅબ અને અબુલ આલિયા رضوان الله تعالیٰ علیهم اجمعین એ ફર્માવ્યું :–

રબ ફર્માવે છે :–

قال تعالیٰ واذالوحوش حشرت

"અને જ્યારે જંગલી જાનવરો ભેગાં કરવામાં આવે." *(સૂરએ તકવીર, આ. ૫)* "હશ્ર"નો અર્થ "ભેગા કરવું" અને "મળવું". વિવિધ પ્રકારનાં જાનવરો આ પક્ષી ઘરોમાં એકત્ર કરીને રાખવામાં આવે છે જે એ જ હેતુ માટે તૈયાર કરવામાં આવે છે. જો કે એવું કરવું **હરામ** છે શરીઅતની રૂએ અમુક કારણે મના છે.

**(૧) એ જાનવરને પીંજરામાં બંધ કરીને જાણે અઝાબ આપવામાં આવી રહ્યો છે અને કોઈ શરઈ ફાયદા વિના તેમને તેની સ્વભાવિક આઝાદીથી રોકી દેવામાં આવેલ છે.**


**(૨) એ જાનવરોમાં અમુક એવાં મુઝી તથા ખબીષ જાનવર પણ હોય છે કે જેમને કત્લ કરવાં વાજિબ અને કોઈ ફાયદા વિના તેમને પાળવાં જાઈઝ નથી. દા.ત. કૂતરાઓના વિશે આવ્યું જે તેમને શિકાર તથા પાલતુ પ્રાણીઓની રક્ષા સિવાય કોઈ અન્ય કારણે પાળશે તેના અમલમાં દરરોજ બે કીરાતની કમી થઈ જશે.** *(બુખારી, ભાગ–૨, પેજ–૮૨૪)* **સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی الله عنهما એ હુઝૂર صلی الله تعالیٰ علیه وسلم થી આ જ પ્રમાણે રિવાયત કરી છે. એ જ પ્રમાણે સુવ્વર, ફાડી ખાનારાં જાનવરો, સાપ, વિછી, સબકલી, ઊંદર તથા કાગડા એ સર્વ એ જ પ્રકારમાંથી છે કે જેને પાળવું તદ્દન જાઈઝ નથી.**

**(૩) એ એક બેકારનું તથા ખોટુ કામ છે જેને અલ્લાહ તઆલાએ મના કર્યું છે.**

**(૪) જે માલો રોજ તે જાનવરો પર ખર્ચ થાય છે, જો એ ચીજો દસ બલ્કે સો ગરીબ કુટુંબો પર ખર્ચ કરવામાં આવે તો તેમની હાજત પૂર્ણ થાય અને તેમની ગરીબી દૂર થઈ શકે છે.**

**(૫) માલને વેડફવો હરામ છે જો ગરીબોમાં એ માલ ખર્ચ નથી કરવામાં આવતો તો કમસે કમ એ માલને બચાવીને તો રાખવો એ વાતથી બેહતર છે કે એ માલ તે જાનવરો પાછળ ખર્ચી કાઢવામાં આવે જેમની રોજી અલ્લાહ તઆલાએ જંગલોમાં જ કરી છે.**

અને એ જ વાત પૂરતી છે કે અલ્લાહ તઆલાએ એને કિયામતની નિશાનીઓમાંથી કર્યાં કે જ્યારે આ બનાવો બનશે તો કિયામત કાયમ થશે અને જેણે જે કર્યું હશે તે એને જાણી લેશે. અને એમાં કાફિરો સાથે સરખાપણુ પણ છે એટલા માટે કે તેમણે આ બિદઅતને પેદા કરી છે અને જાહેર છે કે કાફિરોની બિદઅતો અને તેમની ખાસિયતોને અપનાવવી હરામ છે. *(ક્રમશઃ)*



# ઈમામ અહમદ રઝા ઔર એહ્તેમામે નમાઝ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી-મુંબઈ
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

જબલપૂર કિયામ કે દૌરાન આ'લા હઝરત عليه الرحمة والرضوان કે મા'મૂલાતસે હઝરત બુરહાને મિલ્લતને એક બાત યે ભી ઝિક્ર કી કે, નમાઝ કે લિએ પાંચો વક્ત મસ્જિદ પૈદલ તશરીફ લાતે."

ઈન દિનોં ઈદુલ ઈસ્લામ મસ્જિદ મેં નમાઝ અદા ફર્માને જાતે, યે કદીમ કોતવાલી કી તરફ હૈ. ઉસકા ફાસલા (અંતર) આપકે દૌલતખાનાસે ૫૦૦ કદમસે ઝિયાદા હૈ. એક નહીફો નાતવાં (અશક્ત) કે લિએ ઈતના ફાસલા ભી બહૂત હૈ બલ્કે યે ફાસલા ઈસ્તિતાઅતસે કહીં ઝિયાદા હૈ.

જબલપૂરસે વાપસ હોકર ૨૨ રજબ હિ. ૧૩૩૭ કો આ'લા હઝરત عليه الرحمة والرضوان ને બરૈલીસે હઝરત ઈદુલ ઈસ્લામ કો યે ઈત્તેલાઅ્ નામા ભેજા :-

"શબ દો શમ્બહ આઠ બજે મઅલ ખૈર સ્ટેશન બરૈલી આયા. રાહમેં બળી નેઅમત બફઝ્લેહી તઆલા عزوجل સે પાયી કે નમાઝે મગરિબ કા અંદેશા થા. શાહજહાંપૂર ૬.૩૩ આમદ થી કે હનૂઝ વક્તે મગરિબ ન હોતા ઔર સિર્ફ આઠ મિનટ કિયામ. મગર ગાળી બફઝ્લિહી ૧૫ મિનટ લેટ હોકર શાહજહાંપૂર પહોંચી ઔર ૧૦ મિનટ ઠહરી કે બઈત્મિનાન નમાઝ અચ્છે વક્ત અદા હૂઈ, વલિલ્લાહિલ હમ્દ ! મોટર બ લેહાઝે હમરાહીયાં (જો ઈસ્તકબાલ કે લિએ સ્ટેશન પર કષીર તાદાદમેં આયે થે) બહુત આહિસ્તા ખરામી કે સાથ બદેર મકાન પહુંચા. ફકીરને ઈબ્તદાઈયહ મસ્જિદ કી, નમાઝે ઈશા હૂઈ.

આ'લા હઝરત عليه الرحمة والرضوان ને **૫૨** બરસ કી ઉમ્રમેં દુસરી બાર સફરે હજ્જ કિયા. મનાસિકે હજ્જ કી અદાયગી કે બાદ આપ ઐસે અલીલ (બીમાર) હુએ કે દો માહસે ઝિયાદા સાહિબે ફિરાશ (પથારીવશ બીમાર) રહે, જબ કુછ રૂબહ સહત હુએ (તબીયત સહેજ ઠીક થઈ) તો ૨૪ સફર ૧૩૨૪ કો ઝિયારતે રૌઝએ અન્વર કે લિએ મક્કા મોઅઝ્ઝમાસે રવાના હોકર જિદ્દાસે બઝરીઆ કશ્તી રાબિગ પહુંચે. ઔર વહાંસે મદીનતુર્રસૂલ صلی اللہ تعالی علیہ وسلم કે લિએ ઊંટકી સવારી કી. અબ આગે કા વાકેઆ ખૂદ આ'લા હઝરત عليه الرحمة والرضوان કી ઝબાની સુનીએ :-

રાહમેં જબ "પીર શયખ" પર પહુંચે હૈં મંઝિલ ચંદ મીલ બાકી થી ઔર વક્તે ફજર થોળા. નમાઝ કા વક્ત ન રહતા, મૈં ઔર મેરે રોફકા (સાથી) ઉતર પળે, કિરમિચકા ડોલ પાસ થા, રસ્સી નહીં ઔર કૂંવા ભી ગહરા. અમામે બાંધકર પાની ભરા, વુઝૂ કિયા, બિહમ્દિહી તઆલા ! નમાઝ હો ગઈ. અબ યે ફિક્ર લાહિક હો ગઈ કે તુલે મર્ઝસે ઝોઅફ (લાંબી માંદગીને લીધે કમઝોરી સખત) શદીદ હૈ, ઈતને મીલ પયાદા (પૈદલ) ક્યૂંકર ચલના હોગા ! મુંહ ફેરકર દેખા તો એક જમાલ (ઊંટવાલા) મહઝ અજનબી અપના ઊંટ લિએ મેરે ઈંતેઝારમેં ખળા હૈ ! હમ્દે ઈલાહી બજા લાયા, ઉસ પર સવાર હુવા. લોગોં ને પૂછા કે, "તુમ યે ઊંટ કૈસે લાએ ?" (કહા), હમેં શયખ હુસૈનને તાકીદ કર દી થી કે શયખ કી ખિદમતમેં કમી ન કરના..... કુછ દૂર આગે ચલે થે કે (દેખા) મેરા અપના

જમાલ (અસલ ઊંટવાલા) ઊંટ લિએ ખળા હૈ. ઉસસે પૂછા, (ક્યૂં રુકે હો ?!) કહા કે, જબ કાફલે કે જમાલ ન ઠહરે, મૈંને (દિલમેં) કહા, શયખ કો તકલીફ હોગી, કાફલેમેંસે ઊંટ ખોલકર વાપસ લાયા.

યે સબ મેરે સરકારે કરમ કી વસિય્યતેં થી **સલ્લલ્લાહુ તઆલા વબારિક વસલ્લિમ અલૈહિ વઅલા ઈતરતિહી કદરાફતિહી વ રહ્મતિહી,** વરના કહાં યે ફકીર ઔર કહાં સરદારે રાબેઅ શયખ હુસૈન ?! જિનસે જાન ન પહચાન ! ઔર કહાં વહશી મિઝાજ જમાલ (ઊંટવાલા) ઔર ઉન્કી ખારીકુલ આદાત રવિશેં ! (નિયમ વિરૂધ્ધ વર્તાવ)

સુબ્હાનલ્લાહ ! યે હૈ ઝૌકે નમાઝ ! ઔર શૌકે ઈબાદત ! કે નમાઝ કે ફૌત હોને કે અંદેશેસે દિલ બેકરાર ઔર બેચૈન હો ગયા. વક્ત સે નમાઝ અદા હો ગઈ તો દિલ કો કરાર મિલ ગયા ઔર જાનમેં જાન આ ગઈ. મહીનોં કી તવીલ અલાલત(લંબી બીમારી) ઔર ઝોઅફે શદીદ (સખત કમઝોરી) કે બાવજૂદ હર તરહકી કુલ્ફતો મુશક્કતસે (તકલીફોંસે) બેપરવા હોકર કાફલા કા સાથ છોળ દિયા મગર અહબ્બુલ ઈબાદત (સૌથી પ્રિય ઈબાદત) નમાઝ કો વક્ત સે મોઅખ્ખતર (કઝા) કરના ગવારા ન ફર્માયા. એક આશિકે રસૂલ ﷺ ઉસે નેઅમતે ઉઝમા (મહાન નેઅમત) સમઝતા હૈ ઔર ખુદાએ પાક કી ઈસ નવાઝિશ પર વો ઉસકા શુક્ર ભી અદા કરતા હૈ. ..... યકીનન ! જો ચીઝ ખુદાએ ઝુલ જલાલ કે નઝદીક સબસે ઝિયાદા મહબૂબ હો, બહોત હી ઝિયાદા પ્યારી હો, વો એક મો'મિને કામિલ કે લિએ નેઅમતે ઉઝમા (મહાન નેઅમત) ઝુરૂર હોગી.

ઔર કુર્બાન જાઈયે ઈત્તેબાએ સુન્નત કે ઈસ જઝબાએ કામિલ પર કે આપ સવા માહ કે બાદ બાહરસે અપને વતને અઝીઝમેં પહુંચે થે, લેકિન ! બચ્ચોં સે મિલને સે પહલે કશાં કશાં ખાનએ ખુદામેં હાઝિર હો રહે હૈં કે કહીં ઐસા ન હો કે બચ્ચોં સે મિલને મેં જમાઅત ફૌત હો જાએ !

**"યે હૈ નમાઝ કી મુહાફિઝત ઔર હૈ શૌકે સજદા !"**

## ★ બીમારી કી હાલત મેં નમાઝ ★

નમાઝ બળીસે બળી બીમારી ઔર ઈન્તેહાઈ કમઝોરી કી હાલતમેં ભી માફ નહીં. હોશો હવાસ અગર બાકી હૈં તો હર હાલમેં ઉસકી અદાયગી બઅઝ ખાસ સૂરતોં કે સિવા ફર્ઝ કરાર દી ગઈ હૈ. અલબત્ત ! ઉસ્કી અદાયગી કે તરીકોં મેં નરમી ઔર આસાની કા યે લેહાઝ કિયા ગયા હૈ કે ખળા હોના મુશ્કિલ હો તો અસા (લકળી) કે સહારે નમાઝ પળ્હો, બૈઠને કી સકત ન હો તો કિસી ચીઝસે ટેક લગા લો, ઉસ્કી ભી કુદરત (તાકત) ન હો તો લેટે લેટે હી ઈશારે સે ઉસકા સજદએ બંદગી બજા લાઓ.

ઈર્શાદે રિસાલત ﷺ હૈ : "ખળે હોકર નમાઝ પળ્હો અગર ઈતની તાકાત ન હો તો બૈઠકર પળ્હો ઔર અગર યે ભી ન હો સકે તો લેટ કર ઈશારાસે અદા કરો."

ખૂદ સરવરે કાયનાત ﷺ કા અમલ યહી રહા હૈ કે અપની અલાલતો ઝોઅફો કમઝોરી (બીમારી તથા કમઝોરી) કી હાલતમેં બૈઠકર નમાઝ અદા કી હૈ. આ'લા હઝરત عليه الرحمة والرضوان કી ઝિંદગી રસૂલુલ્લાહ ﷺ કે ઈર્શાદો અમલ કી મુકમ્મલ તસ્વીર થી. કિયામ પર કુદરત હૈ તો ખળે હોકર હમાતન શૌકે મૌલાસે રાઝો નિયાઝમેં મશગૂલ હૈં, બદનમેં તાકત નહીં તો અસાકે સહારે કિયામ હો રહા હૈ, ઉસી કે સહારે રુકૂઓ સુજૂદ હો, લેકિન ! કભી રાહતે નફ્સ કે લિએ નહીં છોળતે.

હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ عليه الرحمة والرضوان કે નામ અપને એક મકતૂબ (મોઅર્રિખહ્ ૪–રબીઉલ આખર, હિ. ૧૩૩૪) મેં આપ લિખતે હૈં :–

"ઢાઈ સાલસે અગર ચે દર્દે કમર વ મશાના વ સર વગૈરહ્ અમરાઝ (બીમારીઓ) હો ગએ હૈં. કિયામો કુઊદ, રુકૂઓ સુજૂદ બઝરીયા અસા (લાકડીઓના ટેકે) હૈ, મગર અલ્હમ્દુલિલ્લાહ ! કે દીને હક્ક પર ઈસ્તિકામત (અડગતા) અતા ફર્માઈ હૈ, કષરતે ઈબાદત રોઝ અફઝૂં હૈ (ઈબાદતની

અધિક્તામાં રોજ બરોજ ઉમેરો થતો જાય છે) ઔર હિફ્ઝે ઈલાહી તફસીલે નામુતનાહી શામિલે હાલ. (અને અલ્લાહ તરફથી એવી હિફાઝત થાય છે કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી.) **વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.**

આ'લા હઝરત عليه الرحمة والرضوان કે કિયામે જબલપૂર કે દૌરાન એક રોઝ હઝરત અબ્દુસ્સલામને અર્ઝ કિયા, જબલપૂર ખુશ નસીબ હૈ કે યહાં હુઝૂર કી સેહત બહુત અચ્છી હૈ. બરૈલી શરીફમેં...... કભી રુકૂઓ સુજૂદમેં અસાકા સહારા લેના પળતા થા, યહાં નહીં દેખા.

આ'લા હઝરત عليه الرحمة والرضوان અપને મર્ઝે વફાતકા ઝિક્ર કરતે હુએ રકમતરાઝ હૈં :– ઈસ મર્ઝ કે સાથ શિદ્દતે ખાંસીઓ ઝુકામ ઔર બલ્ગમમેં લઝૂજત ઐસી કે દસ દસ ઝટકોં કે બાદ બદુશ્વાર જુદા હોતા, ખાંસી ઈસ કદર શિદ્દત કી, ઈતને ઝટકે હોતે ઔર જિગર પહલૂમેં દર્દ, ઉનકો ઝટકોં કી અસલન્ ખબર ન હોતી, યે વો મર્ઝ થા કે બાઈસ (૨૨) દિનમેં બાઝૂ કા ગોશ્ત સહીહ પયમાઈશસે સવા ઈંચ ખુલ ગયા, રાનોં કા (હાથના મસલ્સ) ઈબ્તદાઈ (જાંગોનો ઉપલો) હિસ્સો ઈતના રહ ગયા જિત્ને બાઈસ દિન પહલે બાઝૂ થે, શિદ્દતે કબ્ઝો હય જાનો રિયાહ (અતિશય કબજીયાત તથા ગેસની તકલીફ) કા સિલસિલા અબતક (જારી) હૈ..... અબ મસ્જિદ તક જાને કી તાકત ન રહી. પંદરહ્ રોઝ ઈસ્હાલ (દસ્ત, ઝાડા) શુરૂઅ હુએ ઉસને બિલકુલ ગિરા દિયા. (અશક્તિ લાવી દીધી) નમાઝ કી ચોકી પલંગ કે બરાબર લગી હૈ ઈસ પરસે ઉસ પર બૈઠે તીન તીન બાર હિંમતસે હોતા. અલ્હમ્દુલિલ્લાહ ! કે અબ તક ફર્ઝ વ વિત્ર ઔર સુબ્હ કી સુન્નતેં બઝરીયા અસા ખળે હોકર હી પળ્હતા હૂં. મગર ! જો દુશ્વારી હોતી હૈ દિલ જાનતા હૈ, નબ્ઝ કી યે હાલત હૈ, એક એક મિનટમેં ચાર ચાર બાર રુક જાતી હૈ, દુદોકિરઅકી કદર રુકી રહતી હૈ, ફિર બિઈઝનેહી તઆલા ચલને લગતી હૈ.

શરીઅતકા કાનૂન હૈ જબ તક મરીઝ (બીમાર) કિસી ચીઝ કે સહારે કિયામો કુઊદ ઔર રુકૂઓ સુજૂદ પર કાદિર (ઊભો રહી નમાઝ પઢવા શક્તિમાન) હો, વો ફર્ઝ વ વાજિબ બૈઠકર નહીં પળ્હ સક્તા. ઔર ન હી ઉસે રુકૂઓ સુજૂદ કે લિએ ઈશારા કી ઈજાઝત હૈ, ઈસ લિએ આપ નફ્સ પર શફકતો તકલીફ બર્દાશ્ત કર કે નમાઝ કો તમામ શરાઈતો (શરતો–નિયમો) આદાબ કે સાથ અદા કરતે હૈં મગર અપને આકાઓ મૌલા કી આંખો કી ઠંડક નમાઝમેં કોઈ કમી ગવારા નહીં કરતે. **યે ઈત્તેબાએ સુન્નત કા વો આ'લા નમૂના હૈ જિસકી નઝીર (દષ્ટાંત) આજ કે ઝમાનેમેં નઝર નહીં આતી.** અપને ઈમામ કી વારફ્તગીએ નમાઝ કા એક ઔર વાકેઅહ્ પળ્હીયે ઔર અપને દિલમેં મહબ્બતે નમાઝ પૈદા કીજીએ.

એક મર્તબા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અપને ઈલાકા ઝમીનદારીમેં સુકૂનત પઝીર થે. દર્દે કૂલંજ (પાંસળી નીચે થતું દર્દ) કે સખ્ત દૌરે હુવા કરતે થે. એક દિન તનહા થે. ફર્માતે હૈં, ઝોહર કે વક્ત દર્દ શુરૂઅ હુવા. ઉસી હાલતમેં જિસ તરહ બના વુઝૂ કિયા. અબ નમાઝ કો ખળા નહીં હુવા જાતા થા. રબ્બ عزوجل સે દુઆ કી ઔર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સે મદદ માંગી. મૌલા عزوجل મુઝતર કી (દુઃખયાકી) પુકાર સુનતા હૈ. મૈંને સુન્નતોં કી નિય્યત બાંધી, દર્દ બિલકુલ ન થા, સલામ ફેરા ઉસી શિદ્દતસે થા. (એ જ તકલીફ હતી) ફૌરન ઉઠકર ફર્ઝો કી નિય્યત બાંધી, દર્દ જાતા રહા ! જબ સલામ ફેરા વહી હાલત થી. (સલામ ફેરવતાં તકલીફ ફરી ચાલુ !) બાદ કી સુન્નતેં પળ્હી, દર્દ મૌકૂફ ઔર સલામ કે બાદ ફિર બદસ્તૂર ! (દર્દ ચાલુ !) મૈંને કહા, અબ અસ્ર તક હોતા રહ ! પલંગ પર લેટા કરવટેં લે રહા થા, દર્દસે કિસી પહલૂ કરાર ન થા. ખ્વાહ યે કહીયે નમાઝ મેં દર્દ યકસર ઉઠા લિયા જાતા થા ! યા યે કહીયે (કે) તવજ્જોહ અલલ્લાહ ઔર ઈસ્તિગરાકે ઈબાદત (ઈબાદતમાં તલ્લીનતા) કે બાઈષ (ના કારણે) દર્દ કા એહસાસ ન હોતા થા. બહર સૂરત ઈમામ અહમદ રઝા عليه الرحمة والرضوان કી મકબૂલિયતે બારગાહ ઔર ઝૌકે ઈર્ફાની કી યે દલીલ કાફી હૈ. સચ કહા હૈ કહનેવાલેને :–

**"ઈશ્ક સચ્ચા હૈ તો સબ લુત્ફો કરમ તેરે હૈ"**

*(ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ)*

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## જાહોજલાલની તલબ અને તેનો ઈલાજ

માલનો મકસદ કોઈ વસ્તુને પોતાની મિલ્કિયત બનાવવી અને જાહનો મતલબ દિલોને પોતાની મિલ્કિયત બનાવવી છે જેથી લોકો તેના તાબેદાર તથા ફર્માંબરદાર રહે. આ દુનિયામાં કેટલાયે લોકો એવા હતા જેઓ માત્ર એટલા માટે હલાક થયા કે તેઓ ઉચ્ચ દરજ્જા અને શાનો શૌકતના ઈચ્છુક તથા લોકોથી પોતાની પ્રશંસા સાંભળવાના ખ્વાહિશમંદ રહેતા હતા. અને જ્યારે આ આદત તેમનામાં ઘર કરી ગઈ તો તેઓ દીની રાહ (ધાર્મિક પથ)થી ભટકી ગયા, મુનાફિકતે ડેરા નાખી દીધા અને બુરા અખ્લાકે તેમના દિલોને ગુમરાહ કરી દીધા અને તેમનો કિરદાર બદ્‌ખુલ્કીથી લપેટાઈ તબાહ થઈ ગયો તથા અંદરો અંદર લડાઈ ઝગડા અને દુશ્મનીએ માથુ ઉઠાવ્યું અને તેઓની આખી જિંદગી ગુનાહોનો બદ્‌તરીન નમૂનો બની ગઈ. સરકારે મદીના ﷺ એ ફર્માવ્યું કે માલ તથા મર્તબાની મહોબ્બત જ્યારે દિલમાં ઘર કરી જાય છે જે રીતે પાણીવાળી જમીનમાં ખૂબ જ ઘાસ ઉગી નીકળે છે. વળી ફર્માવ્યું કે, બે ભૂખા વરૂઓ બકરીઓના ટોળામાં ઘુસ મારી એટલી તબાહી નથી મચાવતા જેટલી માલ તથા મર્તબાની મહબ્બત મુસલમાનના દિલને વેરાન કરી દે છે. *(કીમીયાએ સઆદત)*

યાદ રાખો કે શાન તથા મર્તબાની મહોબ્બત જો દિલ પર ગાલિબ આવી જાય તો એ દિલના બીમાર હોવાની સાબિતી છે. અને એનો ઈલાજ ખૂબ જ જરૂરી છે કારણ કે જે રીતે માલની મહોબ્બત, મુનાફિકપણુ, રિયાકારી (દેખાવો), જૂઠ, મકર, દગો, દુશ્મની અને લડાઈ ઝગડામાં મુબ્તિલા કરી દે છે એ જ રીતે જાહ (મર્તબા)ની મહોબ્બત પણ આ બુરાઈઓમાં મુબ્તિલા કરી દે છે. જે માણસના દિલમાં માલ તથા મર્તબાની મહોબ્બત તથા ઈચ્છા જરૂરત પૂરતી હોય જેનો મકસદ દીનની સલામતી હોય અને વધુની ઈચ્છા તેના દિલમાં ન હોય તો આવા દિલને બીમાર નહીં કહેવામાં આવે.

પરંતુ એવા લોકો પણ હોય છે કે જેઓને મર્તબાથી એટલી મહોબ્બત હોય છે કે તેમની સોચવા તથા વિચારવાની બધી જ ક્ષમતા (કેપેસિટી) લોકોના ખયાલો અને વિચારો જાણવામાં જ ખર્ચ થતી હોય છે. તેઓ એ જ ધુનમાં રહે છે કે તેને જાણ થઈ જાય કે લોકો તેને કેટલી ઈજ્જતથી જુએ છે અને તેના વિશે લોકોનું શું કહેવું છે, લોકોમાં તેના પ્રત્યે કેવી અકીદત છે તથા તેને સરદારી અને કયાદત (આગેવાની)ના લાયક સમજે છે ?

તો જ્યાં સુધી આના ઈલ્મી ઈલાજનો સવાલ છે તો યાદ રાખો કે જાહ (મર્તબો)નો તા'લ્લુક લોકોના દિલોથી છે જે હમેશાં ઘણાં જલ્દી બદલાય જાય છે અને ફરી જાય છે અને દરિયાના મોજાની જેમ ક્યારેક આમ તો ક્યારેક તેમ ફરી જાય છે. વળી તે ઈજ્જત અને મર્તબાથી કમજોર અને નાપાયદાર બીજી તો કઈ વસ્તુ હોઈ શકે કે જેની બુનિયાદ અમુક લોકોના દિલો પર રાખવામાં આવી

હોય ? તેઓ આજે તો તમારી સરદારી તથા આગેવાનીનો દમ ભરી રહ્યા છે તો આવતી કાલે બીજાની પ્રશંસા કરશે અને તેને આગેવાન બનાવવા ઈચ્છશે અને તેની ઈજ્જત કરવા લાગશે. ખાસ કરી તે માણસનો મર્તબો તથા ઈજ્જત તો ઘણા જ કમજોર છે જે તેને સરદારી (આગેવાની)ના કારણે મળેલ છે. કારણ કે આગેવાનને બરખાસ્ત કરવાનો ખતરો હમેશાં હોય જ છે. અને તે કોઈ પણ સમયે બરખાસ્ત થઈ રુસ્વા તથા ઝલીલ થઈ શકે છે, આ રીતે મર્તબા તથા ઈજ્જતનો લાલચી દુનિયામાં પણ દિમાગી અઝાબમાં સપડાયેલ રહે છે, આખિરતમાં પણ ઝલીલ તથા રુસ્વા થાય છે કારણ કે દુનિયામાં મર્તબો મેળવવાની કોશિશ સિવાય કોઈ નેક કામ કર્યું જ નથી અને નેક કામથી ગાફિલ રહ્યો હતો. પણ તે માણસ જેને સંપૂર્ણપણે બસીરતની નેઅમત મયસ્સર હોય તે આ હકીકતને મેળવી લે છે (જાણી લે છે) કે **જો દુનિયાભરની હુકૂમત પણ તેને મળી જાય, પૂર્વથી પશ્ચિમ સુધીની સરદારી મેળવી લે ત્યાં સુધી કે લોકો પણ તેના આગળ પાછળ ચાલે તો પણ તેમાં ખુશ થવાની કોઈ વાત નથી કારણ કે જ્યારે મૌત આવશે તો આ બધું તેને ભેટ ચઢી જશે, ન તો હું પોતે બાકી રહીશ, અને ન તો ઈજ્જત મર્તબાનું નામો નિશાન બાકી રહેશે.** બીજો ઈલાજનો અમલ એ છે કે જે જગ્યાએ તેને મર્તબો મળે તે જગાને જ ત્યજી દે અને કોઈ એવી જગાએ ચાલ્યો જાય કે કોઈ તેને જાણતું ઓળખતું ન હોઈ, આ કામિલ ઈલાજ છે જે પોતે કરવામાં આવે.

## દુનિયાની મહોબ્બત અને તેનો ઈલાજ

તાજદારે મદીના ﷺ નું ગૈબની ખબર આપતું ફર્માન છે, મારી ઉમ્મત પર ટૂંક સમયમાં એવો જમાનો આવવાનો છે કે તેઓ પાંચ (૫)થી મહોબ્બત રાખશે અને પાંચ (૫)ને ભૂલી જશે :–

**૧. દુનિયાથી મહોબ્બત રાખશે અને આખિરતને ભૂલી જશે.**

**૨. માલથી મહોબ્બત રાખશે તથા હિસાબને ભૂલી જશે.**

**૩. મખ્લૂક (લોકો)થી મહોબ્બત રાખશે અને ખાલિક (પૈદા કરનાર)ને ભૂલી જશે.**

**૪. ગુનાહોથી મહોબ્બત રાખશે અને તૌબાને ભૂલી જશે.**

**૫. મહેલો એટલે કે આલીશાન મકાનોથી મહોબ્બત રાખશે અને કબ્રસ્તાનને ભૂલી જશે.**

ખરેખર આજે આવા જ હાલાત જોવામાં આવી રહ્યા છે કે **દુનિયાથી મહોબ્બત હોવાનો તો દરેક માણસ દમ ભરે છે પણ આખિરતની મહોબ્બત જોવા નથી મળતી. દરેક માણસ દુનિયાના ભવિષ્યને ચમકાવવાની કોશિશ કરી રહ્યો છે, દરેક એ જ ફિકરમાં છે કે જેટલી બની શકે એટલી દૌલત એકઠી કરી લઈએ, જેટલી બની શકે એટલા ટાઈટલો લઈ લઈએ, જેટલા બની શકે એટલા પ્લોટ મેળવી લઈએ !**

જ્યારે કે બનવું એ જોઈતું હતું કે દુનિયાની સાથો સાથ આખિરતની તો વધુ તૈયારી કરવામાં આવે. પણ આપણે તો દુનિયાની રંગીનીઓમાં એ રીતે ખોવાયેલા છીએ કે આપણને નમાઝ, રોઝાની પરવા ન રહી, આખિરત અને કબ્ર તો બિલકુલ ભૂલાવી દીધી છે, આહ ! ટૂંક સમયમાં જ આપણા □સોની માળા તૂટી જશે અને આપણા નાઝ નખરા ઉઠાવનારા આપણને પોતાના ખભાઓ પર ઉઠાવી વિરાન કબ્રસ્તાન તરફ ચાલી નીકળશે. આહ ! આપણી બધી જ તમ્મનાઓ ધૂળમાં મળી જશે, આપણી ખૂન પસીનાની કમાઈ ન તો સાથે આવશે અને ન તો આપણને કોઈ કામ લાગશે.

એક વાર હઝરત ઈસા عليه السلام પોતાના હવારીઓ સાથે કોઈ જગ્યાએ તશરીફ લઈ જઈ રહ્યા હતા તે દરમ્યાન આપ એક વસ્તી પાસેથી પસાર થયા અને જોયું કે બધા જ વસ્તીવાળા મૃત (મરેલા) પડયા છે તો આપે હવારીઓ (સાથીઓ)ને કહ્યું કે આ બધા જે મૃત પડયા છે તે અલ્લાહના ગઝબના કારણે છે, નહીં તો આ લોકો કબરમાં દફન હોત. હવારીઓએ અર્ઝ કરી કે, હે રૂહુલ્લાહ ! અમે તેમના મૃત્યુનું કારણ જાણવા ઈચ્છીએ છીએ. તો અલ્લાહના પ્યારા નબી عليه السلام એક ટેકરી પર તશરીફ લઈ ગયા અને મોટા અવાજે પુકાર્યું કે હે શહેરવાળાઓ ! તો તે મુર્દાઓમાંથી એક જેણે જવાબ આપ્યો, યા રૂહલ્લાહ ! અમે રાત્રે ભલે આરામથી સૂતા હતા પણ સવારમાં પોતાને જહન્નમની ઉંડાઈમાં જોયા. આપે ઈર્શાદ ફર્માવ્યો કે તેનું શું કારણ ? તો તેણે અર્ઝ કરી કે અમને દુનિયાથી બેહદ મહોબ્બત હતી. આપે ફર્માવ્યું કે દુનિયાથી તમારી મહોબ્બત કેવા પ્રકારની હતી ?! તેણે અર્ઝ કરી કે, એ રૂહુલ્લાહ ! દુનિયાથી અમારી મહોબ્બત એ પ્રમાણે હતી કે જેમ કે એક બાળકને પોતાની માં સાથે પ્યાર હોય છે કે જ્યારે અમને દુનિયા મળી જતી તો ફૂલ્યા ન સમાતા અને જ્યારે કોઈ દુનિયવી નુકસાન થઈ જતું તો ઉદાસી અને ગમગીની છવાઈ જતી. હઝરત ઈસા عليه السلام એ ફર્માવ્યું કે, શું કારણ છે કે માત્ર તું જ બોલે છે અને બીજાં કોઈ જવાબ નથી આપતું ?! તો તેણે અર્ઝ કરી કે તેઓના મોઢામાં આગની લગામ નાખવામાં આવી છે. તો તેમણે ફર્માવ્યું કે તું કેમ બોલી શકે છે ? તો તેણે અર્ઝ કરી કે, હુઝૂર! હું તેઓના વચમાં રહેતો જરૂર હતો પણ તેઓમાંથી ન હતો યા'ની મને દુનિયાથી મહોબ્બત ન હતી પણ જ્યારે અઝાબ ઉતર્યો તો હું તેમની સાથે જ હતો કારણ કે મારી તેમની સાથે દોસ્તી હતી માટે હું પણ અઝાબમાં સપડાઈ ગયો અને અત્યારે હું દોઝખના કિનારે ઉભો છું અને નથી જાણતો કે મારા માટે નજાતની કોઈ રાહ નીકળશે કે નહીં ? કે પછી મને પણ ધકેલી દેવામાં આવશે !

મુહતરમ પ્યારા વાંચકો ! વિચાર કરવાની જગ્યા છે, આપણે જોયું કે દુનિયાની મહોબ્બતમાં ગિરફતાર રહેવાવાળાઓના મોઢામાં આગની લગામ નાખી દેવામાં આવી અને તેઓ અલ્લાહ તઆલાના કહરના શિકાર થઈ ગયા. તો આપણે પણ વિચારીએ કે ક્યાંક આપણે પણ દુનિયાની મહોબ્બતમાં ગિરફતાર થયેલાઓમાંથી તો નથી ?! એવું તો નથી કે આપણા પર પણ દુનિયાની મહોબ્બતે કબજો જમાવેલો છે ? ક્યાંક આપણે પણ તે લોકોની જેમ દુનિયાની મહોબ્બતમાં સપડાયેલ નથી જેમ કે બાળક પોતાના મા બાપ સાથે મહોબ્બત કરે છે. તથા એવું તો નથી કે દુનિયાની મહોબ્બત એટલી હદે આપણામાં છે કે દુનિયાનું થોડુ પણ નુકસાન થઈ જાય તો આપણી ઊંઘ ઉડી જાય છે ? અને મામૂલી ફાયદો થાય છે તો આપણે ફૂલ્યા નથી સમાતા ? આમ તો નથી કે દુનિયાના મામૂલી ફાયદા માટે આપણે ગુનાહોમાં લાગી જઈએ છીએ ? દુનિયા મેળવવા માટે લાંચ પણ લઈ રહ્યા હોય અને વ્યાજનો કારોબાર પણ કરતા હોય ? આજ દુનિયા મેળવવા માટે જૂઠ પણ બોલતા હોય, વાદા ખિલાફી પણ કરતા હોય, લોકોને ધોકો આપી લૂંટમાર પણ કરતા હોય અને માલ એકઠો કરતા હોય ?

પ્યારા વાંચકો ! દુનિયાની મહોબ્બત માણસને ક્યાંયનો નથી છોડતી. આથી હદીષે પાકમાં ઈર્શાદ છે કે દુનિયાની મહોબ્બત બધા જ ગુનાહો, ખતાઓ અને નાફર્માનીઓની જડ તથા બુનિયાદ છે અને જે ખરેખર દુનિયાની મહોબ્બતમાં ફસાય છે તે વિવિધ પ્રકારના ગુનાહો કરતો રહે છે ત્યાં સુધી કે માલો દૌલત ખાતર માણસ ખૂન ખરાબો પણ કરી નાખે છે.

★ ★ ★

# ઝકાત એના વિસ્તૃત અર્થમાં

★ રજૂકર્તા ★
જનાબ મૌલાના હસન આદમ કોલવનવી
(હાલ : લેન્કાસ્ટર, યુ.કે.)

અલ્લાહની આપેલી દૌલતમાંથી પૂરું એક વર્ષ વિત્યા પછી તેનો ચાલીસમો ભાગ હક્કદારોને આપી દેવો એ ઝકાત છે. જે માણસ પર ગુસ્લ ફર્ઝ હોય તે જ્યાં સુધી ગુસ્લ કરે નહીં અશુધ્ધ અને નાપાક રહે છે. **જે દૌલતની ઝકાત આપવામાં આવી ન હોય તે દોલત પણ અશુધ્ધ અને અપવિત્ર રહે છે, તેને પાક કરવા માટે ઝકાત આપવી અનિવાર્ય છે.** નાપાક શરીરે કરેલી ઈબાદત સ્વીકારાતી નથી એવી જ રીતે **ઝકાત કાઢયા વગરની દોલતમાંથી સદકો ખૈરાત આપવી, ધાર્મિક કામો માટે ફંડફાળો આપવો, બુઝુર્ગોને નઝરાણું આપવું વિગેરે અર્થહિન છે.** કંજૂસપણું માણસના વ્યક્તિત્વમાં એક રોગ સમાન છે, ઝકાત એ રોગનું ઔષધ છે.

વાસ્તવમાં ઝકાત અલ્લાહની આપેલી નેઅમતનું આભારદર્શન છે. ધનદોલત અલ્લાહની અગણિત નેઅમતોનો માત્ર એક પ્રકાર છે. માનવી પર અલ્લાહની જે નેઅમતો છે તેનો શુમાર થઈ શકે નહીં અને તેની ઝકાતના પ્રકારોનો પણ શુમાર નથી. આરોગ્ય અને તંદુરસ્તી મહાન નેઅમત છે એની ઝકાત એ છે કે માનવી પોતાના શરીરને અલ્લાહની ઈબાદતમાં કામે લગાડે. માથાના વાળથી લઈને પગના તળીયા સુધી પ્રત્યેક અવયવને તેની ઝકાત આપવાની હોય છે, આંખોની ઝકાત ગુનાહિત દૃશ્યોને નહીં જોવા, જીભની ઝકાત ગુનાહિત શબ્દો ન બોલવા, હાથોની ઝકાત ગુનાહિત કાર્યો ન કરવાં, પગોની ઝકાત ગુનાહિત કામો તરફ નહીં ઉપાડવા વિગેરે. અને જે રેતી બાહ્ય અવયવોની ઝકાત છે તે રીતે આંતરિક અવયવો પર પણ ઝકાત લાગુ પડે છે. હૃદયની ઝકાત એ છે કે હસદ, અદેખાઈ, કીનાખોરી, ઘમંડ ઈત્યાદી બુરી ટેવોને ત્યજે અને દિમાગની ઝકાત એ છે કે ક્રોધ અને ગુનાહિત કાર્યોના વિચારોને ત્યાગે. જ્યાં સુધી શરીરનું પ્રત્યેક અવયવ બાહ્ય કે આંતરિક પોતાની ઝકાત આપશે નહીં ત્યાં સુધી તે અવયવ અશુધ્ધ અને અપવિત્ર રહેશે. ઝકાત એ ત્યાગનું નામ છે. અવયવો દ્વારા ગુનાહો કરવાથી શરીરને એક પ્રકારની લિજ્જત પ્રાપ્ત થાય છે, ગુનાહોને ત્યજી એ લિજ્જતનો ત્યાગ કરવો એ એમની ઝકાત છે. માનવી સખત શ્રમ કરી દોલત ભેગી કરે છે પછી ઝકાત દ્વારા દોલતના એક નિશ્ચિત ભાગનો ત્યાગ કરે છે. પોતાની એ દોલતનો ત્યાગ કરવાથી તેના હૃદયને થોડું દુ:ખ અવશ્ય થાય છે, ગુનાહોનો ત્યાગ કરવાથી પણ થોડી તકલીફ થશે જ કારણ કે એમાં લિજ્જતનો ત્યાગ કરવો પડે છે પણ **જે રીતે ધનદોલતની ઝકાત અનિવાર્ય છે તે રીતે શરીરની તંદુરસ્તીની ઝકાત પણ અનિવાર્ય છે.**

માન મરતબો પણ અલ્લાહની એક નેઅમત છે. સત્તા અને પાવર પણ એક નેઅમત છે. પોતાના નાજાઈઝ હિતમાં એના ઉપયોગનો ત્યાગ અને લોકો દરમ્યાન ન્યાય કરવો, જનહિતના કાર્યોમાં એને વાપરવું એ માનમરતબા અને સત્તાની ઝકાત છે. ઈલ્મ પણ અલ્લાહની મોટી નેઅમત છે. જે ઈલ્મવાળા લોકો પોતાના ઈલ્મથી મખ્લૂકને ફાયદો આપતા નથી, સારી વાતોનો આદેશ અને બુરાઈથી રોકતા નથી, શરીઅતના કાયદાઓની જાણકારી લોકોને આપતા નથી અને એનાથી ઉલ્ટુ ઈલ્મને પોતાના અંગત હિત ખાતર ઉપયોગ કરે છે તેવા

આલિમો પોતાના ઈલ્મની ઝકાત નહીં આપવા બદલ ગુનેહગાર છે. આ રીતે માનવસમાજના દરેકે દરેક સભ્ય પર ઝકાત લાગુ પડે છે. માનવસમાજની આજે જે સમસ્યાઓ છે તે ઝકાત નહીં આપવાના કારણસર જ છે. જગતમાં વસતો દરેક માણસ પોતાને લાગુ પડતી ઝકાત આપી દેવાની ટેવ પાડે તો દુનિયામાં કોઈ સમસ્યા બાકી રહે નહીં.

માલના ચાલીસમા ભાગનો ત્યાગ, ગુનાહોનો ત્યાગ, માનમર્તબા સત્તા અને ઈલ્મને માત્ર પોતાના લાભ ખાતર વાપરવાનો ત્યાગ એ સામાન્ય લોકોની ઝકાત છે. અલ્લાહના અમુક બંદાઓ એવા પણ હોય છે કે તેઓ પોતાનું સર્વસ્વ ત્યજીને ઝકાત અદા કરે છે. હઝરત અબૂબક્ર શિબ્લીને કોઈએ ઝકાતનું પ્રમાણ પૂછયું તો આપે જવાબમાં કહ્યું, તારા માટે તો માલનો ચાલીસમો ભાગ અને મારા માટે સર્વસ્વ આપવું એ ઝકાતનું પ્રમાણ છે. પેલા માણસે પૂછયું કે, આ બાબતમાં તમે કયા ઈમામની પેરવી કરો છો ? આપે જવાબ આપ્યો કે આ બાબતમાં મારા ઈમામ હઝરત અબૂબક્ર સિદ્દીક છે. એક વખતે તેઓ હુઝૂર ﷺ ની બારગાહમાં પોતાનું સર્વસ્વ લઈને આવ્યા, તેમને પૂછવામાં આવ્યું કે ઘરમાં બાલબચ્ચાંઓ માટે શું રહેવા દીધું ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેમના માટે અલ્લાહ અને તેના રસૂલને મૂકયા છે. એવી રીતે બીજા, ત્રીજા અને ચોથા ખલીફાઓની શહાદત અને કરબલામાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ તેમજ અહલે બૈતના બીજા યુવાનોની કુર્બાનીઓ એ તમામ ઝકાતના જ પ્રકારો છે. એ લોકોએ પોતાના જાન, માલ ત્યાગીને પોતાની જિંદગીની ઝકાત આપી છે. ઝકાત નેઅમતના પ્રમાણ ઉપર ફર્ઝ થાય છે જેના પર જેટલી નેઅમત વધારે તેના પર તેટલી ઝકાત પણ વધારે, અલ્લાહના ખાસ બંદાઓ પોતાની ઉપર અલ્લાહની નેઅમતો એટલા વિપુલ પ્રમાણમાં નિહાળે છે કે જાનની કુર્બાની પણ તેઓને ઓછી લાગે છે પણ માણસ અહીં લાચાર છે કે જાન કરતાં વધારે તે કશું આપી શક્તો નથી. અને એટલા માટે જ કોઈએ કહ્યું છે કે, સૂફીનો માલ વકફ અને એનું ખૂન હલાલ હોય છે. અને જે કોઈએ એવું કહ્યું છે કે, સૂફી પર ઝકાત ફર્ઝ થતી નથી, તો એનો અર્થ પણ એવો જ છે કે તેઓએ પોતાનો માલ પોતાની જાન અલ્લાહના માર્ગમાં ત્યાગવા પ્રથમથી જ તૈયાર રાખેલાં હોય છે. ન તો તેઓ માલ ત્યાગવામાં કંજૂસી કરે છે ન તો પોતાના ખૂન બદલ દા'વો માંડે છે. હઝરત ઈમામ અહમદ બિન હંબલને જયારે કોરડાઓનો માર મારવામાં આવ્યો ત્યારે કોઈએ તેમને એ જાલિમો માટે બદ્દુઆ કરવા કહ્યું, આપે જવાબ આપ્યો કે કોરડો મારા શરીરને અડકતાની સાથે જ હું તેઓને માફ કરી દેતો હતો કારણ કે આ તકલીફ તેઓ મને અલ્લાહના માર્ગમાં આપી રહ્યા હતા.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ۔

"જયાં સુધી તમે તમારી પ્રિય વસ્તુને અલ્લાહના માર્ગમાં આપશો નહીં ત્યા સુધી તમે ભલાઈ મેળવી શકશો નહીં." દુનિયાદાર માણસોને દુનિયાની દોલત પ્રિય હોય છે તેઓ દોલતની કુર્બાની દ્વારા ભલાઈ મેળવે છે પણ અલ્લાહના ખાસ બંદાઓ ભલે પછી તેઓ દોલતમંદ હોય પણ દોલતનો પ્રેમ તેમના હૃદયોમાં હોતો નથી તેથી પોતાના પ્રાણોનું નઝરાણું આપીને તેઓ અલ્લાહના દરબારમાં નઝદીકી પ્રાપ્ત કરતા હોય છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ આગમાં પ્રવેશી તેમજ હઝરત ઈસ્માઈલ علیہ السلام ની કુર્બાની રજુ કરીને આનું સર્વશ્રેષ્ઠ દૃષ્ટાંત પૂરું પાડયું છે. ટૂંકમાં એ કે અલ્લાહની દરેક નેઅમત પર ઝકાત લાગુ પડે છે અને આ ઝકાત એવી છે જે સમસ્ત માનવ જગત પર અમીર હોય કે ગરીબ સર્વે પર લાગુ થાય છે.

## ખેતીવાડી કરનારાઓ !

# "ઉશ્ર" કાઢો અને બરકત પામો !

અઝ : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા *(પ્રેસ્ટન, યુ.કે.)*

કેટલાક ભાઈ બહેનો એવા ભ્રમમાં છે કે કિતાબો વાંચવાની નહીં ! કેમ કે વાંચીશું તો શરીઅતના હુકમો જાણવા મળશે અને આપણાથી અમલ થાય કે ન થાય ?! નકામુ ગુનેહગાર થવાય ! જેથી ન વાંચીએ ન જાણીએ તો ચિંતા જ નહીં ! પણ હે મારા પ્યારા દીની ભાઈ બહેનો ! **ઈલ્મે દીન શીખવું દરેક પર ફર્ઝ છે. "ન જાણવું એ પણ એક ગુનોહ છે અને અમલ ન કરવો એ બીજો ગુનોહ !"** કિયામતમાં અજ્ઞાનતાનું બહાનું દર્શાવીને છૂટી શકાશે નહીં. માટે ઈલ્મે દીન સતત શીખતા રહો એમાં જ આપણી ભલાઈ છે.

આજે **"ઉશ્ર"** વિશે આપણા સમાજમાં ખૂબ જ અજ્ઞાનતા પ્રવર્તે છે અથવા જાણી જોઈને અજ્ઞાન રહેવા માટે શૈતાન પ્રેરે છે તો આવો દોસ્તો શૈતાનની ચુંગાલમાંથી નીકળો અને ઉશ્ર શું છે ? તેના શા હુકમો છે ? એ વિશે જાણો અને અન્યોને જણાવી સમજાવી શરીઅતના હુકમોની તા'ઝીમ કરવા સમજાવો.

### ઉશ્રી ઝકાત

જમીનની પેદાવાર પર ઈસ્લામ તરફથી જે દસમો ભાગ નિયુક્ત કરવામાં આવે છે તેને ઉશ્રી ઝકાત કહેવામાં આવે છે. જે હિકમતો અને રહસ્યો ઝકાતનાં બયાન કરવામાં આવ્યાં તે હિકમતો અને રહસ્યો ઉશ્રી ઝકાતમાં પણ છે કે તેનાથી ગરીબોની મદદ કરવામાં આવે છે અને બીજું એ કે અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી જે પેદા ફર્માવ્યું તેનો શુક્ર અદા કરવાનો જે તરીકો નિયુક્ત કરવામાં આવ્યો છે તેનો શુક્ર એ જ પ્રમાણે અદા કરવામાં આવે.

આપણને આપણા જીવનની હિફાઝત માટે ખાવા પીવાની જરૂરત પડે છે. જો ખાવા પીવાનું ન મળે તો માણસનું જીવન ખતરામાં પડી જાય અને તેની જિંદગી હલાકતમાં પડી જાય. જેથી અલ્લાહ તબારક વ તઆલાએ આપણા માટે આકાશથી પાણીની વ્યવસ્થા ફર્માવી અને જમીનમાં અનાજ અને ફળ પેદા કરવાની શક્તિ બખ્શી અને અનાજ ઉગાડવાનો તરીકો આપણને શીખવ્યો તો પછી જમીન દ્વારા જે કંઈ પેદા કરવામાં આવે તેમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ ભૂલવામાં ન આવે.

ઉશ્રી ઝકાતનો આદેશ કુર્આન અને હદીષમાં આપવામાં આવ્યો છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَاٰتُوْاحَقَّهٗ يَوْمَ حَصَادِهٖ "ખેતી કાપવાના દિવસે તેનો હક્ક અદા કરો."

**ચેતવણી** : કેટલાક લોકો ભીડા, ટામેટા, ચીભડાં, કપાસ, તુવૈર.... વગેરે ઢગલાબંધ ઉગાડી વેચી પૈસા ગણતા રહે છે ! પણ તેમને ઉશ્ર શું તે પણ ખબર નથી અને જણાવવા છતાં આંખ આડા કાન કરી ઉશ્ર કાઢતા નથી ! તો તેઓ આ વાતોને ગંભીરતાથી વાંચી ખુદાનો ખૌફ રાખી આગલુ બાકીનું ઉશ્ર પણ ગણીને આપી દે તથા ભવિષ્યમાં આપતા રહે.

સહીહ બુખારી શરીફમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "જે જમીનને આકાશ અથવા ઝરણાંઓએ તૃપ્ત કરી અથવા તો ઉશ્રી હોય અર્થાત નહેરના પાણીથી તેને તૃપ્ત કરવામાં આવી હોય તો તેમાં ઉશ્ર છે અને જે જમીનને તૃપ્ત કરવા માટે

જાનવર પર પાણીને લાદીને લાવવામાં આવતું હોય તેમાં અડધુ ઉશ્ર છે એટલે કે વીસમો ભાગ." ઈબ્ને નજ્જાર હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ફર્માવે છે કે, "દરેક તે વસ્તુમાં જેને જમીને કાઢયું તેના પર ઉશ્ર અથવા અડધુ ઉશ્ર છે."

## ઉશ્ર ન આપનાર ફાસિક તથા ફાજિર છે !

હદીષ અને કુર્આનની આયતથી સ્પષ્ટ થયું કે માલની ઝકાતની જેમ ઈસ્લામ તરફથી આપણી ઉપર ઉશ્રી ઝકાત પણ જરૂરી કરવામાં આવી છે તેમજ જમીનની પેદાવારનો હક્ક અદા કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. જેવી રીતે માલની ઝકાત અદા ન કરનાર **ફાસિક** અને **ફાજિર** છે તેવી જ રીતે જમીનની પેદાવાર પર ઈસ્લામનો નિયુક્ત કરેલો હક્ક અદા ન કરનાર પર **ફાસિક** અને **ફાજિર** છે.

જોવામાં તો એવું લાગે છે કે વધુ પડતા મુસલમાનો પોતાના માલમાંથી તો વર્ષના અંતે ચાલીસમો ભાગ ઝકાત અદા કરે છે અને હક્કદારો સુધી પહોંચાડવાની પણ કોશિશ કરે છે. પરંતુ જમીનની પેદાવારની ઝકાત અદા કરવા તરફ ઘણા ઓછા લોકોનું ધ્યાન હશે. બલ્કે એવું કહેવામાં આવે તો પણ ચાલી શકે છે કે પેદાવારની પૂરેપૂરી ઝકાત અદા કરતાં કોઈ જોવા નથી મળતું. **અમુક લોકો થોડું ઘણુ પેદાવારમાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે તો એવું સમજે છે કે મેં જમીનની પેદાવારનો હક્ક અદા કરી દીધો, હવે મારે કંઈ આપવું જરૂરી નથી. તો તે ખોટુ અને જહાલતની વાત છે.** જેમ વર્ષના અંતે એકત્ર કરેલા માલનો હિસાબ કરી તેની પૂરેપૂરી ઝકાત આપવી જરૂરી છે અને ઝકાતની એક પાઈ પણ બચાવી લેવી સખત ગુનાહનું કામ છે. તેવી જ રીતે જમીનની પેદાવારમાંથી પૂરેપૂરો હિસાબ લગાડી તેની ઝકાત અદા કરવી જરૂરી છે. જો અદા કરવામાં ન આવે અથવા હિસાબ કર્યા બાદ કંજૂસાઈથી થોડું ઘણુ બચાવી લેવામાં આવે તો સખત ગુનાનું કામ છે અને આમ કરનાર મુસલમાન **ફાસિક** અને **ફાજિર**ની ગણતરીમાં આવી જાય છે અને પછી તે ગવાહી આપવાને યોગ્ય નથી રહેતો.

અલ્લાહના માર્ગમાં આપવાથી ચીજ વસ્તુમાં ઘટાડો નથી થતો બલ્કે અલ્લાહ તઆલા તેવી વ્યક્તિથી ખુશ થઈ તેની માલ મિલ્કતમાં બરકત અતા ફર્માવે છે અને તેની દુનિયામાં હિફાઝત ફર્માવે છે અને આફત બલાથી બચાવે છે. અને સાચી નિય્યતે અલ્લાહના માર્ગમાં જે કંઈ ખર્ચ કરવામાં આવ્યું તેનો બદલો આખેરતમાં તો અનેક ઘણો આપવામાં આવશે. આથી સ્પષ્ટ થયું અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી માલમાં ઘટાડો નથી, બલ્કે તેમાં માણસની ધારણાથી વધારે બરકત રાખવામાં આવે છે.

નફ્લ સદકા ખૈરાત તો મુસલમાન માટે અનિવાર્ય ચીજ નથી એ તો તેની ઉદારતા પર નિર્ભર છે. તે પોતાના માલ દોલતમાંથી જેટલું અલ્લાહની રાહમાં ખર્ચ કરવું હોય તે કરે, ખર્ચ કરવાથી સવાબ થશે પણ ન કરવાથી ગુનો નથી. અને તે ખર્ચમાં કોઈ પ્રકારની હદ પણ નિયુક્ત કરવામાં નથી આવી, તે માણસની ઉદારતા પર નિર્ભર છે, ઈચ્છે તેટલું અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે ખર્ચ કરે. પરંતુ ઝકાત જેને કહેવામાં આવે છે તે નફ્લ કામ નથી કે તેમાં માણસને પોતાનો અધિકાર પ્રાપ્ત રહે બલ્કે એ તો અલ્લાહ તઆલા તરફથી નિયુક્ત કરવામાં આવેલું કામ છે. તે મુસલમાન માટે જરૂરી છે અને તેને અદા કરવાથી જ તે ભારમુક્ત થઈ શકે અને તેમાં માણસની મનમરજીને દખલ નથી કે જેટલું ઈચ્છે તેટલું ખૈરાત કરે. બલ્કે તેની જે હદ સીમા નિયુક્ત કરવામાં આવી છે તે જ પ્રમાણે અમલ કરવો જરૂરી છે. ઝકાતમાં ચાલીસમો ભાગ છે તો તેનાથી ભાર મુક્ત ચાલીસમો ભાગ આપીને જ થઈ શકાય

છે. અને જમીનની પૈદાવારમાં દસમો ભાગ નિયુક્ત કરવામાં આવ્યો છે તો તેનાથી ભાર મુક્ત દસમો ભાગ આપીને જ થઈ શકાય છે.

## ઉશ્રની નિય્યત વિના ગમે તે ખૈરાત કરવાથી ઉશ્ર અદા થશે નહીં !

**ખેડૂત લોકો જમીનની પેદાવારમાં પાંચ દસ કિલો અલગ કરીને ફકીરોને આપે છે અથવા દારુલ ઉલૂમોમાં પહોંચાડે છે અને એવું સમજે છે કે તેમણે જમીનની પેદાવારનો હક્ક અદા કરી દીધો પરંતુ હકીકતમાં આમ કરવાથી ઉશ્રી ઝકાતથી ભારમુક્ત થવાતું નથી.** જે કંઈ પેદા થાય તેનો પૂરેપૂરો હિસાબ કરવામાં આવે અને તેનો દસમો ભાગ ઉશ્રી ઝકાતની નિય્યતથી આપવામાં આવે. જો દસમા ભાગથી ઓછું આપવામાં આવે તો ઉશ્રી ઝકાતના એટલા જ ભાગથી ભાર મુક્ત થવાશે અને દસમા ભાગમાં જેટલું આપવાનું બાકી રહ્યું તે આપવું જ પડશે.

## ખેતીમાંથી બરકત ઉઠવાનું કારણ શું ?!

મુસલમાન જ્યારે જમીનની પૈદાવારમાંથી ઉશ્રી ઝકાત અદા કરતા હતા ત્યારે ખેતીની પૈદાવારમાં ઘણી જ બરકત હતી. લોકોના ઘરોમાંથી અનાજ ખૂટતું ન હતું તેમજ દરેક માણસ ખેતીમાંથી પોતાની જરૂરતથી વધારે મેળવતો હતો. એટલે કે તેઓ પોતાની જમીનોમાં થએલી પૈદાવારમાંથી દસમો ભાગ અદા કરતા હતા. તો અલ્લાહ તઆલા તેમના માટે નવ ભાગોની હિફાઝત ફર્માવતો અને તેમાં બરકત આપતો અને જમીનની પૈદાવારમાં પણ બરકત થતી અને ધારણા કરતાં વધારે આપવામાં આવતું. પરંતુ જ્યારથી લોકોની નિય્યતો ખરાબ થવા લાગી અને દિલોમાં કંજૂસાઈ સમાવા લાગી ત્યારથી જમીનની પૈદાવારની બરકતો ઉઠવા લાગી અને સો વીંઘાના માલિક પણ દુષ્કાળ દુષ્કાળ રડી રહ્યા છે. ક્યારેક વરસાદ વધુ પડવાથી ખેતી થતી નથી, તો ક્યારેક વરસાદના અભાવે ખેતી નથી થતી, ક્યારેક બધું જ માફકસરનું હોય છે તો જીવડાં પડે છે જેઓ ખેતીને ચટ કરી દે છે. બરફની વર્ષા થાય અને ખેતીનો નાશ થાય છે અને ક્યારેક કોઈ પ્રોબ્લમ જોવા નથી મળતો ત્યારે પણ ખેતીમાં બરકત નથી આવતી. હું ત્રીસ વર્ષનો થયો, જ્યારથી હું સમજદાર થયો છું ખેતી કરવાવાળાઓને શુક્ર અદા કરતા મેં નથી જોયા ! દરેકને શિકાયત કરતાં જ જોયા છે ! દરેક વર્ષે એક જ શિકાયત કે મેં ખેતીમાં આટલો ખર્ચ કર્યો તો પણ ખર્ચ પૂરતી ખેતી થવા ન પામી. પરંતુ મુસલમાન એવું ખ્યાલ નથી કરતા કે દર વર્ષે આમ કેમ થાય છે ?! જો તેઓ ઈસ્લામી તા'લીમને પોતાની સમક્ષ રાખી વિચાર કરે તો જાણવા મળશે કે આપણે આપણી પૈદાવારમાંથી અલ્લાહ તઆલાએ નિયુક્ત કરેલો દસમો ભાગ રોકી રાખ્યો. તેના વબાલમાં નવા વર્ષના પાકમાંથી એટલી બરકત ઓછી થઈ કે જે નવ ભાગ આપણી પાસે રહેતા હતા તે પણ હાથમાંથી ગયા. તો એક ભાગ ખૈરાત ન કરવાનો ગુનો તો માથે છે જ તેનો જવાબ તો અલ્લાહની બારગાહમાં કયામતના દિવસે આપવાનો છે વળી, દુનિયામાં એ નુકસાન કે પાકમાંથી બરકતનો નાશ થયો અને દુકાળ પર દુકાળ આવવા લાગ્યા. માટે મુસલમાનો એ હમેશાં યાદ રાખવું જોઈએ કે આપણે આ નાશવંત જગતમાં હમેશાં રહેવા માટે નથી આવ્યા બલ્કે દુનિયામાં કોશિશ કરી આખેરતને આબાદ કરવા આવ્યા છીએ. અને આખેરત ઈસ્લામી શરીઅત પર ચાલવાથી આબાદ થાય છે માટે આપણે ઈસ્લામી શરીઅત પર ચાલવું જોઈએ તેમાં જ આપણી નજાત અને આખેરતની સફળતા છે. અલ્લાહ તઆલાના જરૂરી કરેલા હક્કમાં આપણું કંજૂસાઈ કરવું આપણા જ હક્કમાં નુકસાનકારક છે.

## ખુદાને રાજી કરવાની નિય્યત જરૂરત !

ઈસ્લામી હુકૂમતમાં ઝકાત અને ઉશ્ર હુકૂમતના માણસો વસૂલતા હોય છે અને જો કોઈ પોતાના માલમાંથી અને ખેતીના પાકમાંથી આ જરૂરી હક્કો આપવાથી મનાઈ કરે તો હુકૂમતના પાવરથી તેઓની પાસેથી વસૂલ કરી શકાય છે એટલે ઈસ્લામી મુલ્કોમાં તો કોઈ મુસલમાન આપવા ઈચ્છે યા ન ઈચ્છે પરંતુ તેને આપવું પડે છે. ફરક એટલો છે કે તે ઈસ્લામી હક્ક સમજીને રાજીખુશીથી આપે તો તેને સવાબ પણ મળે તેમજ ઈસ્લામી જવાબદારીથી ઋણ મુક્ત પણ થાય. અને જો તે રાજી ખુશીથી ન આપે તો તે ઈસ્લામી જવાબદારીથી ભારમુક્ત થઈ જશે, એટલે આખેરતમાં તેને સવાલ પૂછવામાં નહીં આવે પરંતુ તેના અમલના ચોપડામાં સવાબ લખવામાં નહીં આવે ! કારણ કે આખેરતનાં કામો પર સવાબ, પ્રાપ્ત કરવા માટે અલ્લાહને ખુશ કરવાની નિય્યત જરૂરી છે.

જો ઈસ્લામી હુકૂમત ન હોય તો મુસલમાનોએ યાદ રાખવું જોઈએ કે સમગ્ર જગત પર અલ્લાહ તઆલાની બાદશાહત છે તેના ઈલ્મથી કોઈ ચીજ બહાર નથી. કોણ તેના આદેશ અનુસાર અમલ કરે છે અને કોણ પોતાની મનમાની કરે છે તેનું અલ્લાહને અજલી (હમેશાંથી) ઈલ્મ છે. તો મુસલમાનોએ દરેક કામમાં એ યાદ રાખવું જોઈએ કે અલ્લાહ તઆલા મને જોઈ રહ્યો છે. જેના દિલમાં અલ્લાહ તઆલાનો ડર અને બીક હોય તે કોઈ પણ હાલતમાં તેના આદેશને ભૂલાવી શક્તો નથી અને તેના વિરૂધ્ધમાં અમલ કરી શક્તો નથી. એટલે જ તમે જોયું હશે કે ગૈરમુસ્લિમ મુલ્કમાં વસતા મુસલમાનો હજારોની સંખ્યામાં એવા છે જેમની ઉપર ઝકાત તથા ઉશ્ર આપવા માટે બહારનો કોઈ પ્રકારનો દબાવ હોતો નથી છતાં પણ તેઓ ઝકાત અદા કરે છે અને ખેતીમાંથી કંઈ પાકે તો તેની ઉશ્રી ઝકાત અદા કરે છે. અમુક જ લોકો એવા છે જેમના દિલોમાં અલ્લાહનો ડર અને બીક નહીં હોય જેઓ બહારનું કોઈ દબાણ ન હોય તો ઈસ્લામી આદેશ પર અમલ ન કરે અને પોતાની મનમાની કરે. તેઓ ઘણા જ અનપઢ અને જાહિલ છે કે મખ્લૂક કે મુલ્કના દબાણથી માલી ઝકાત અને ખેતીનું ઉશ્ર અદા કરે અને કોઈ પ્રકારનું બાહ્ય દબાણ ન હોય તો અલ્લાહથી ડરીને તેના આદેશ પર અમલ કરવા રેડી ન થાય. અલ્લાહ તઆલા મુસલમાનોને દીનની વાતો પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન

## ઝકાત અને ઉશ્રમાં તફાવત

ઝકાત અને ઉશ્રની શરતોમાં તફાવત છે. ઝકાત માટે મુસલમાન હોવાની સાથે બાલિગ હોવું શર્ત છે પરંતુ ઉશ્રમાં બાલિગ હોવું શર્ત નથી. જો ખેતર નાબાલિગની માલિકીમાં હોય અને તેમાં ખેતી કરવામાં આવી તો **જે કંઇ પાક્યું તેનો દસમો ભાગ આપવો વાજિબ** છે જ્યારે કે નાબાલિગ માલ મિલ્કતનો માલિક હોય તો તેની ઉપર ઝકાત ફર્ઝ નથી. ઝકાત વષમાં એક વખત આપવાની હોય છે જ્યારે કે ઉશ્રી ઝકાતમાં એવું નથી. વર્ષમાં જેટલા વખત ખેતી કરવામાં (પાક પકવવામાં) આવશે તેટલા વખત ઉશ્ર આપવું જરૂરી છે. ઝકાતમાં વર્ષના અંતે એકત્ર કરેલ માલનો ચાલીસમો ભાગ આપવો જરૂરી છે, જ્યારે ઉશ્રમાં પેદાવારનો દસમો ભાગ આપવો જરૂરી છે. ઝકાતમાં માલનો માલિક હોવું જરૂરી છે, જ્યારે કે ઉશ્રમાં જમીનનો માલિક હોવું જરૂરી નથી, આધે ભાગે લીધી હોય અથવા ભાડેથી લીધી હોય અને એમાં ખેતી કરવામાં આવે તો પણ જે કંઈ પાક્યું તેનું ઉશ્ર આપવું વાજિબ છે. ઝકાતમાં એક નિસાબ નિયુક્ત નથી, થોડું પાક્યું હોય તો તેમાંથી પણ ઉશ્ર આપવું વાજિબ છે. ઝકાતમાં આકિલ હોવું શર્ત છે, પાગલ પર ઝકાત ફર્ઝ નથી. તેની માલિકીમાં ગમે તેટલો માલ હોય જેનો ઉલ્લેખ થઈ ગયો છે. જ્યારે કે ઉશ્રમાં એ શર્ત નથી પાગલની

માલિકીની ખેતીમાં ખેતી કરવામાં આવી હોય તો તેમાં પણ ઉશ્ર વાજિબ છે.

**સવાલ** : ઉશ્રનો માલ કોને આપવામાં આવે ?

**જવાબ** : ઉશ્રના માલના હક્કદાર તેઓ જ છે જેઓ ઝકાતના હક્કદાર છે.

**સવાલ** : શું ખેતી કરવામાં જે ખર્ચ કરવામાં આવે છે તે પાકમાંથી બાદ કરી દસમો ભાગ આપવામાં આવશે કે બાદ કર્યા વિના જે કંઈ પાક્યું હોય તેનો દસમો ભાગ આપવો ?

**જવાબ** : ઉશ્ર આપવામાં **ખેતી કરવાનો ખર્ચ બાદ કરવામાં નહીં આવે**. જે કંઈ પાક્યું હોય તેનો દસમો ભાગ આપવો જરૂરી છે.

**સવાલ** : ટયૂબવેલના પાણીની અથવા કૂવાનું પાણી ડોલથી ખેંચાવી તેનાથી જ ખેતી ઉગાડવામાં આવી તો શું જે કંઈ પાકે તેનો દસમો ભાગ આપવો પડશે ?

**જવાબ** : ત્યારે તો વીસમો ભાગ ઉશ્રી ઝકાતમાં આપવો પડશે. પરંતુ વરસાદના પાણીથી કે નદી, નહેરોના પાણીથી ખેતી ઉગાડવામાં આવી હોય તો તેમાંથી દસમો ભાગ આપવો જરૂરી છે. અને વધુ પડતુ આ કુદરતી પાણી ઉપયોગમાં લેવામાં આવ્યું હોય તો પણ દસમો ભાગ આપવો જરૂરી છે. અને જો વધુ પડતુ પાણી પૈસાથી ખરીદી આપવામાં આવ્યું હોય તો પછી પાકનો વીસમો ભાગ આપવો જરૂરી છે.

**સવાલ** : ઉશ્રનો સબૂત ક્યાંથી મેળવવામાં આવ્યો ?

**જવાબ** : કુર્આન અને હદીષથી જેનો ઉલ્લેખ આગળ ઉપર થઈ ગયો છે.

**સવાલ** : કોઈ માણસ નમાઝી છે રોઝા પણ રાખે છે તેમજ ઘણો જ દીનદાર છે પરંતે તે પોતાની ખેતીનું ઉશ્ર કાઢતો નથી તો તેને માટે શું હુકમ છે ?

**જવાબ** : તે ફાસિકે મોઅલીન છે. તેણે ગત વર્ષોનો હિસાબ કરીને તે બધા વર્ષોનું ઉશ્ર પણ આપવું જરૂરી છે અને તૌબા કરવી પણ જરૂરી છે. ઉશ્ર કાઢયા વિના તૌબા કરવાથી તે ફાસિકની લિસ્ટમાંથી નીકળશે નહીં.

**સવાલ** : શું તેવો માણસ ઈમામત પણ કરતો હોય તો નમાઝનો શું હુકમ છે ?

**જવાબ** : તેની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે. જેટલી નમાઝો તેની ઈકતેદામાં પઢવામાં આવી તે બધી જ નમાઝો દોહરાવવી પડશે. તે ઉશ્રથી ભાર મુક્ત થઈ તૌબાનું એલાન ન કરે તેને ઈમામ બનાવવામાં નહીં આવે.

**સવાલ** : પાકમાંથી ઉશ્રી ઝકાત અલગ કર્યા વિના માલિકે તે પાકનો ઉપયોગ કરવો જાઈઝ છે ?

**જવાબ** : ઉશ્રી ઝકાત તેના પાકમાં જરૂરી હુકમ છે. તેનાથી ભાર મુક્ત થયા વિના તેનો ઉપયોગ કરવો માલિકને માટે જાઈઝ નથી. માટે પ્રથમ પાકમાંથી ઉશ્ર અદા કરી દેવું જોઈએ.

**સવાલ** : ઉશ્રનો માલ એકઠો કરવાનો હક્ક તો ઈસ્લામી મુલ્કનો છે અને વધુ પડતા મુસલમાનો ગૈરમુસ્લિમ મુલ્કોમાં રહેતા હોવાથી તેઓના ઉપર ઉશ્ર શાથી ?

**જવાબ** : ઉશ્ર અને ઝકાતનો આદેશ મુસલમાનોને અલ્લાહ અને રસૂલ તરફથી આપવામાં આવ્યો છે. આ આદેશ આપવામાં ઈસ્લામી મુલ્કની શરત રાખવામાં આવી નથી. માટે મુસલમાન દુનિયાના કોઈ પણ ખૂણે હોય તેણે આ આદેશ પર અમલ કરવો જરૂરી છે અગર તેના ઉપર ઉશ્ર અને ઝકાતનો હુકમ લાગુ પડતો હોય. ઈસ્લામી મુલ્ક હોય તો મુલ્ક તરફથી વસૂલાત થતી હોય છે અને ગૈરમુસ્લિમ મુલ્ક હોય તો મુસલમાનોએ પોતે એવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ અને સંચાલન ન થઈ શકે તો પોતે હક્કદારો સુધી પહોંચાડી ભાર મુક્ત થવું જોઈએ.

**સવાલ** : ખેતી કરવામાં આવી પરંતુ વધુ વરસાદ પડવાથી અથવા તો વરસાદ ન પડવાથી ખેતી થઈ નહીં યા બીજી કોઈ આફતથી ખેતી બરબાદ થઈ

ગઈ તો શું ગત વર્ષના હિસાબ પ્રમાણે ઉશ્ર આપવું જરૂરી છે. ?

**જવાબ** : ઉશ્ર ખેતીના પાકમાં લાગુ પડે છે. જ્યારે ખેતી પાકી જ નથી અને બરબાદ થઈ ગઈ તો કશું આપવાનું રહેતું નથી.

**સવાલ** : અડધી પડધી બળી ગઈ અને થોડી ઘણી થઈ તો શું હુકમ છે ?

**જવાબ** : જેટલો પાક થયો તેનો દસમો ભાગ આપવો જરૂરી છે.

**સવાલ** : અનાજ, ફળફળાદી અને મેવા પર ઉશ્ર આપવું જરૂરી છે ?

**જવાબ** : હા ! દરેકમાં ઉશ્ર આપવું જરૂરી છે. સારાંશ કે જેની ખેતીનો મકસદ જમીનથી ફાયદો પ્રાપ્ત કરવો હોય તો તેના પાકમાં ઉશ્ર આપવું જરૂરી છે. (વાજિબ છે.)

**સવાલ** : જેણે ખેતી કરી હતી, ખેતી પાકતાં પહેલાં તેનો ઈન્તેકાલ થઈ ગયો, તો હવે શું તેના પાકમાંથી ઉશ્ર આપવામાં આવશે ખરું ?!

**જવાબ** : જો પૈદાવાર (માલ) મૌજૂદ છે તો તેમાંથી પણ ઉશ્ર લેવામાં આવશે.

**સવાલ** : ઘરના યાર્ડમાં કે બાગમાં કંઈ ઉગાડવામાં આવ્યું તો શું તેમાં પણ ઉશ્ર ખરું ?

**જવાબ** : હા ! તેમાં પણ ઉશ્ર છે, જો પૈસાથી પાણી આપવામાં આવ્યું હોય તો વીસમો ભાગ છે અને કુદરતી પાણીથી ખેતી થઈ તો વીસમો ભાગ છે.

**સવાલ** : પાક તૈયાર થતાં પહેલાં ખેતી વેચી દેવામાં આવી હોય તો ઉશ્ર કોણ આપશે ?

**જવાબ** : જે વ્યક્તિને વેચવામાં આવી તે આપશે.

ઉશ્રના બયાનમાં તો બીજા અનેક મસ્અલાઓ છે પરંતુ આપણે ગૈરમુસ્લિમ મુલ્કોમાં રહેતા હોવાથી આટલાથી જ આપણી જરૂરત પૂરી થઈ જાય છે જેથી તેની વધારે વિગત બયાન કરવાની જરૂરત નથી. *–(તોહફાએ નજાત, ભાગ–૪)*

## અનોખા સવાલ–અનોખા જવાબ

**અઝ : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી**
*(ખતીબો ઈમામ શાહી જુમ્મા મસ્જિદ, જંબુસર)*

**સવાલ** : ક્યારે સુન્નતને છોડી દેવી કુફ્ર છે ?

**જવાબ** : જ્યારે કે સુન્નતને હક્ક ન સમજે તો એવી પરિસ્થિતિમાં સુન્નત નમાઝને છોડી દેવી "કુફ્ર" છે. *(ફતાવા આલમગીરી, ભાગ–૧, પેજ–૧૦૫, ગુનયાહ, પેજ–૩૭૨)*

**સવાલ** : કઈ સ્થિતિમાં ખુલ્લા માથે નમાઝ પઢવી કુફ્ર છે ?

**જવાબ** : જ્યારે કે નમાઝની તહકીર (હલકી જાણવી)નો મકસદ હોય દા.ત. નમાઝ એવી અઝીમ ચીજ નથી કે એના માટે ટોપી પહેરવી જોઈએ ! તો એવી નિય્યતથી ખુલ્લા માથે નમાઝ પઢવી "કુફ્ર" છે. *(દુર્રે મુહ્તાર, રદુલ મુખ્તાર, ભાગ–૧, પેજ–૪૩૧, બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૧૬૭)*

**સવાલ** : એવી કઈ બિદઅત છે જેને કરવી જરૂરી છે અને ન કરે તો ગુનેહગાર થશે ?

**જવાબ** : એ બિદઅત બિદઅતે વાજિબાહ છે, જેનું કરવું મુસલમાન પર જરૂરી છે અને ન કરે તો ગુનેહગાર થાય. શામી, ભાગ–૧, પેજ–૩૭૬ માં છે કે બિદઅત ક્યારેક વાજિબ હોય છે. જેવું કે ગુમરાહ ફિર્કાવાળાઓ પર રદની દલીલો કાયમ કરવી, ઈલ્મે નહ્વ શિખવું જે કુર્આનો હદીષ શિખવવામાં મદદ કરે છે અને હઝરત શેખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અમુક બિદઅતો વાજિબ છે જેવું કે ઈલ્મે સર્ફ અને નહ્વને શિખવું શિખવાડવું કે જેનાથી આયતો અને હદીષના મફહૂમો અને મતલબો સમજવાની મારેફત હાંસલ થાય છે. *(અશ્અતુલ્ લમ્આત, ભાગ–૧, પેજ–૧૨૮)*

**સવાલ** : એવી કઈ ચીજ છે કે ખુદા તઆલાને એનો ખાલિક (પેદા કરનાર) કહેવું જાઈઝ નથી ?

**જવાબ** : ખુદાએ તઆલા દરેક ચીજનો પેદા કરનાર છે પરંતુ તેને ખિન્ઝીર (સુવ્વર)નો ખાલિક કહેવું જાઈઝ નથી. *(શરહે અકાઈદે નસ્ફીની શરહ નબરાસ, પેજ–૧૭૩)*

**સવાલ** : એવી કઈ વ્યક્તિ છે જે કાફિરે અસલીથી પણ બદ્તર છે ?

**જવાબ** : જે વ્યક્તિ કાફિરે અસલીથી પણ બદ્તર છે તે મુર્તદ છે. *(અલ્ ઈશ્બાહ વન્નઝાઈર, પેજ–૧૯૦)* આ'લા હઝરત ઈમામ અહમદ રઝા અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૧૨ માં ફર્માવે છે : હુકમે દુનિયામાં સર્વથી બદ્તર મુર્તદ છે.

શીઆઓના ધોકાથી બચો !

# હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ ના ફાતેહા ૨૨ મી એ નહીં પણ ૧૫ રજબે જ આપવા!

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા)

સામાન્યતઃ સુન્ની ભાઈ બહેનોમાં હઝરત ઈમામ જા'ફર સાદિક رحمۃ اللہ علیہ ના ફાતેહા ૨૨ મીના દેવડાવવાનો રીવાજ છે જ્યારે કે **આપનો ઉર્સ ૧૫ રજબના જ છે,** જેથી **આપનો અધિક ફયૂઝ પામવા માટેનો દિવસ તો ૧૫ રજબ જ છે.** અને **૨૨ મીનો રીવાજ શાથી પડયો એ** જાણવા માટે નીચે દર્શાવેલ **ફકીહે મિલ્લત હઝરત અલ્લામા મૌલાના મુફ્તી જલાલુદ્દીન અમજદી** علیہ الرحمۃ والرضوان ની તસ્દીકવાળો ફત્વો જોઈને હવેથી દર વર્ષે ૧૫ મી રજબના જ ફાતિહા દરેક સુન્નીએ દેવડાવવા એવી અપીલ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા*

**સવાલ** : હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ નો ઈન્તેકાલ ૧૬–રજબુલ મુરજ્જબના રોજ થયો તો પછી ફાતેહા ૨૨ રજબુલ મુરજ્જબના રોજ શા માટે આપવામાં આવે છે ? બૈયનૂ વ તુજરૂ

**અલ્ જવાબ** : હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ નો **વિસાલ ૧૫ (પંદર) રજબુલ મુરજ્જબ**ના રોજ થયો છે ન કે ૧૬ ના રોજ. જેમ કે શૈખ અબ્દુર્રહ્માન قدس سرہ لખે છે કે આપે સોમવારના દિવસે ૧૫ રજબ હિ.સ. ૧૪૮ ના રોજ અબૂ જઅફર મન્સૂરના કાળમાં ઈન્તેકાલ ફર્માવ્યો. (હવાલો : મિર્અતુલ્ અસ્રાર, ઉર્દૂ, પેજ–૨૧૩) પણ **તેમના ફાતેહા ૨૨–રજબના રોજ જે આપવામાં આવે છે એ શીઆઓનો ધોકો છે** કે એ તારીખે હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ નો વિસાલ થયો જેથી **શીઆઓ તેમના વિસાલની ખુશીમાં ઈદ મનાવે છે** અને સુન્ની મુસલમાનોને ધોકો આપવાના માટે તેને હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ ના ફાતેહા કહે છે. જેથી સુન્ની મુસલમાનોએ જોઈએ કે **૨૨–રજબના રોજ હરગિઝ ફાતિહા ન અપાવે** કેમ કે એમાં શીઆઓથી મળતાપણુ છે. બલ્કે ૧૫ રજબના રોજ તેમના વિસાલ (ઉર્સ)ની તારીખ પર ફાતેહા અપાવે.

**લખનાર** : સલામતહુસૈન નૂરી, ૧૩–ઝીલ હજ્જ, હિ. ૧૪૨૦

**અલજવાબ સહીહ** : જલાલુદ્દીન અમજદી (મર્કઝે તર્બિયતે ઈફતા, સાલ પંજૂમ) *[મર્કઝે તર્બિયતે ઈફતા વ દા.ઉ. અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, યુ.પી.)*

ઉપરોક્ત શરઈ ફત્વાથી સ્પષ્ટ થયું કે હઝરત ઈમામ જા'ફર સાદિક رحمۃ اللہ علیہ ના ફાતેહા **૨૨ મીને બદલે ૧૫ રજબે જ આપવા જોઈએ.** એ ઉપરાંત આપની નિયાઝ બાબતે કેટલીક જરૂરી સ્પષ્ટતામાં નીચે પ્રમાણે છે તેનો જરૂરથી અભ્યાસ કરી ગલત રસ્મોથી બચશો :–

## કૂંડાની નિયાઝ વિશે જાણવા જેવું

દર વર્ષે મુસલમાનો રજબ મહીનાની ૨૨ તારીખે (ખરેખર ૧૫ રજબે કરવી જોઈએ) મહાન અને બુઝુર્ગ હસ્તી હઝરત સૈયદ ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ ના નામે ખીર, પુરી વગેરે પકાવી તેમની ફાતેહા અપાવે છે. આ ઘણુ બરકતનું કામ

છે, અને અલ્લાહના બરગુઝીદા બંદા હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ થી રૂહાની ફયૂઝ મેળવવાનો ઝરીયો છે. આ ફાતેહાનું ખાણું બીજા મુસલમાન ભાઈ બહેનોને ખવડાવી, તેનો સંપૂર્ણ સવાબ આપની બારગાહમાં પેશ કરવામાં આવે છે. આથી આપની રૂહ મુબારક ખુશ થાય છે. સેંકડો વર્ષોથી મુસલમાનોમાં આ રિવાજ છે અને તેમની અકીદતમાં આ ફાતેહા આપવામાં આવે છે. અહીં કેટલીક વાતો સમજવાની જરૂર છે :–

**૧.** આપણે ત્યાં આ ફાતેહા ૨૨ મી રજબના દિવસે સવારે રાખવામાં આવે છે (ખરેખર ૧૫ મી એ રાખવા જોઈએ) તે માટે ખીર, પુરી બનાવી, કુંડાઓમાં ભરી ખવડાવવામાં આવે છે. એ **જાઈઝ** છે. તેમાં કોઈ વાંધો નથી. શરૂઆતથી જ આ રીતે રિવાજ અને પ્રથા પડેલ છે. હા ! જો કોઈ ખીર, પુરી સિવાય બીજી કોઈ મીઠી કે તીખી વસ્તુ બનાવી તેના પર આપના ફાતેહા આપવા ઈચ્છે, તો પણ આપી શકે છે. કારણ કે આ ફાતેહા ખીર પુરી સિવાય બીજી વસ્તુઓ પર પણ આપી શકાય છે. વળી આ ફાતેહા સવારે લગભગ ૮–૧૦ વાગ્યાના સુમારે આપવામાં આવે છે. તે સિવાય બીજા સમયોમાં પણ આપી શકાય છે. જેમ કે કેટલીક જગ્યાએ ૨૨ મી રજબે ફજરની નમાઝ પછી તરત જ "ખુરમા" પ્લેટમાં મૂકી તેનાં પર ફાતેહા આપવામાં આવે છે. આ "ખુરમા" મુસલમાન દુકાનદારો બનાવી તૈયાર વેચે છે.

**૨.** આ ખીર, પુરી માટીનાં કુંડાઓમાં ભરીને મૂકવામાં આવે છે. તેમાં પણ કોઈ વાંધો નથી. બલ્કે હદીષ શરીફમાં છે, જે કોઈ ઘરના વાસણો માટીનાં રાખે છે, ફરિશ્તાઓ તેની ઝિયારત કરે છે. હા ! માટીના કુંડા સિવાય બીજા વાસણોમાં ન્યાઝ મૂકીને પણ ફાતેહા આપી શકાય છે. (એવું નહીં કે બીજા વાસણોમાં ન જ થાય !)

**૩.** આ ન્યાઝ માટે એવી માન્યતા છે કે તેને જ્યાં કુંડા મૂક્યાં હોય, ત્યાં જ બેસીને ખવાય, બીજી જગ્યાએ ન લઈ જઈ શકાય. **તે માન્યતા ખોટી છે**. બીજી જગ્યાએ લઈ જવામાં પણ વાંધો નથી.

**૪.** ન્યાઝથી ફારિગ થયા પછી કુંડાઓને કૂવો વગેરેમાં ફેંકી દેવામાં આવે છે તે **હરામ** છે. કારણ કે તેમાં માલની બરબાદી છે. આ રીતે સાજા કુંડાઓને ફેંકી દેવાની શરીઅતમાં ઈજાઝત નથી. તે કુંડાઓને ધોઈને મૂકી દેવામાં આવે, અને ફરી બીજા ફાતિહા વખતે અથવા બીજા ગમે તે કામમાં ફરીથી ઉપયોગ કરવામાં આવે તો પણ વાંધો નથી. દરેક ફાતેહા માટે નવા જ કુંડા હોવા જરૂરી નથી.

**૫.** આ કુંડાઓ પર ફૂલહાર ચઢાવવા પણ **જાઈઝ નથી**. કારણ કે અહીંયા ફૂલહાર ચઢાવવા વ્યર્થ છે. ફૂલ એટલા માટે કબરો પર મૂકવામાં આવે છે કે તેની તસ્બીહોથી મુડદાંઓના અઝાબમાં કમી અથવા તેમની બખ્શિશ થઈ જાય છે. અને બુઝુર્ગોના મઝાર શરીફ પર ચઢાવવાથી તેમના દરજાત બુલંદ થાય છે. અહીંયાં ફૂલ મૂકવાં વ્યર્થ છે. અલ્લાહુ વ રસૂલુહુ અઅ્લમુ બિસ્સવાબ. *–(અલ મદીના માસિક, સપ્ટેમ્બર–૦૪)*

## સાભાર સ્વીકાર

★ **"રૂહાની પયગામ"** (માસિક) ઓગસ્ટ–૦૪ *[પેજીસ–૩૨, ક્રાઉન સાઈઝ]*

★ **તંત્રી** : હાજી મુહમ્મદ માસ્તર ટંકારવી, મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ (ગુજ.–ઈન્ડિયા)

★ **લવાજમ** : રાખેલ નથી, સખી દાતા સહાય કરે.

**જનાબ હાજી મુહમ્મદ માસ્તર ટંકારવી** તરફથી પ્રકાશિત **"રૂહાની પયગામ"** અંક મળ્યો, વાંચીને ઘણી ખુશી થઈ કે રૂહાની બુઝુર્ગોના પયગામો જેઓ કુર્આન, હદીષની સખ્ત પયરવી કરનારા થઈ ગયા, જેમને અનુસરવાથી લોકોની દુનિયા તથા આખેરત નૂરાની બની જતી હોય છે તેની ખુશ્બુદાર સુવાસ આ અંક ફેલાવશે અને બાતિલ પરસ્તો સમક્ષ હક્ક મઝહબ જાહેર કરી તેમના પગોમાં બેડીઓ લગાડશે એવા હોંસલા સાથે ઉઠેલા આ નવા સુન્ની માસિકના તંત્રીને હજારો મુબારકબાદ ! *–લિ. તંત્રી : બરકાતે ખ્વાજા*

# મહેનત મજૂરીની કમાણી અલ્લાહની નજરમાં..

રજૂકર્તા : ફરઝાનાબેન પટેલ-દયાદરા

હઝરત મિકદામ رضی اللہ عنہ ફર્માવે છે, હુઝૂર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

**(અર્થ)** : "તમારામાંથી કોઈએ પોતાના હાથોની કમાણીથી શ્રેષ્ઠ ખાવા કદી પણ નથી ખાધુ. અલ્લાહના નબી દાઊદ علیہ الصلوٰۃ والسلام પોતાના હાથોથી કમાઈને ખાયા કરતા હતા. *(સહીહ બુખારી–૧, પેજ–૨૭૮, કિતાબુલ બુયૂઅ)*

## ★ હદીષનું બેક ગ્રાઉન્ડ ★

અલ્લાહ પાકે હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام ને નબુવ્વતની સાથે બાદશાહત પણ અતા ફર્માવી હતી. આપ એક ઘણી વિશાળ તથા મહાન સલ્તનતના માલિક હતા અને અદલો ઈન્સાફની સાથે હુકૂમત ફર્માવતા હતા. નબુવ્વતના ફર્ઝની અદાયગીની સાથે આપનો ઈન્સાફ પર અવલંબિત હુકમરાનીનો અંદાઝ, દયા અને સખાવત, સમજ તથા દીર્ઘ દષ્ટિ અને જાહોજલાલની ચોતરફ ખ્યાતિ હતી. બધા આપને એક મહાન ઈજ્જતદાર નબી અને આદિલ બાદશાહની હેસિયતથી ઓળખતા હતા અને દિલથી અદબ કરતા હતા. અલ્લાહવાળાની જેમ આપ ઘણા જ નમ્રતા પસંદ આજીજીવાળા સ્વભાવના અને ખામીઓ ન હોવા છતાં પોતાની જાતમાં ખામીઓની શોધમાં રહેતા હતા જેથી કોઈ ખામી જોવામાં આવે તો એનું નિવારણ કરી શકે. પરંતુ નબી હોવાના લઈને ત્યાં ખામીઓનું નિશાન સુધ્ધાં ન હતું, કેમ કે નબી દરેક ઐબ અને ખામીથી પાક હોય છે, અલ્લાહ તઆલા એને માસૂમ બનાવીને મોકલે છે. આપની આદત એ હતી કે દૂરના વિસ્તારોમાં નીકળી પડતા અને અજાણ લોકોથી પોતાના વિશે પૂછતા. બધા લોકો ખુલ્લા દિલથી વખાણ કરતા અને આપની જાતને અનમોલ અને અજોડ જણાવતા. અમુક વાતો અલ્લાહના મુકર્રબ બંદાઓના લાયક નથી હોતી, તો અલ્લાહની સુન્નત એ છે કે પોતાના આ મહૂબબ અને મકબૂલ બંદાઓને ઘણા જ પ્યારભર્યા અંદાઝમાં આ બાબતોથી માહિતગાર ફર્માવી દે છે જેથી તેઓ એને છોડી દે. આ અગમચેતી તેમની અલ્લાહથી ખાસ નજદીકી તથા મહાન મકામ તથા મર્તબાના કારણે હોય છે.

હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام ની સાથે પણ આમ જ થયું. અલ્લાહ પાકે ઈન્સાની રૂપમાં ફરિશ્તો મોકલી દીધો, જેને આપે આદતના પ્રમાણે પોતાના વિશે પૂછયું તો એણે જવાબ આપ્યો; દાઊદ ઘણા જ મુકર્રબ અને સારા માણસ છે પણ તેમની એક વાત ખટકે છે તે એ કે બૈતુલમાલથી વઝીફો લે છે ! હાથોથી કમાણી કરીને નથી ખાતા. જો તેઓ મહેનત મજૂરી કરીને કમાણી ખાય તો હજુ પણ વિશેષ સારા થઈ જાય.

હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام એ આ ટીકા અને ચેતવણીને પોતાના માટે અલ્લાહની તરફથી અગમચેતી સમજી અને બૈતુલમાલથી વઝીફો અને ભથ્થુ લેવાનું છોડી દીધું અને મહેનત મજૂરી તરફ ધ્યાન આપ્યું. બખ્તર બનાવવાનો ધંધો કરવાનો ફેંસલો કર્યો. આ અમલમાં લોખંડને આગમાં ગરમ કરીને કડીઓ બનાવવી પડતી હતી જે એક ખૂબ જ

મુશ્કેલ કામ હતું. દુનિયાના કામ કરવાં અને નબુવ્વતના ફર્ઝની અદાયગીની સાથે એ કામના માટે સમય કાઢવો ઘણો જ મુશ્કેલ હતો. અલ્લાહ પાકે એ મુશ્કેલીને આસાન કરી દીધી. તે એ રીતે કે લોખંડને આપના માટે મીણ બનાવી દીધું. આપ જેવા લોખંડને હાથમાં પકડતા તો તે આગમાં નાખ્યા વગર જ મીણની જેમ નરમ થઈ જતું ! આપ જે રીતે ઈચ્છતા એને વાળીને કડીઓ બનાવી લેતા અને એક બીજામાં ભેળવીને તરત જ બખ્તર તૈયાર કરી લેતા. આ ખાસ કારીગરી બખ્તર બનાવવાનો ધંધો અને એની બનાવટની આશ્ચર્યજનક હાલતનો ઉલ્લેખ કુર્આને પાકમાં આ રીતે છે :–

"અને અમે દાઊદના માટે લોખંડને નરમ કરી દીધું હતું કે કડીઓને યોગ્ય જગ્યા પર રાખીને બખ્તરો તૈયાર કરે અને અમે એને બખ્તર બનાવવાની કારીગરી શીખાવી હતી જેથી તે જંગમાં તમારી હિફાઝત કરે."

## ★ કારીગરી તથા કામ ધંધો કરતા લોકો ★

શરાફતનું માપદંડ અને સામાજિક સ્થિતિ બદલાઈ જવાના કારણે આજકાલ સમાજમાં મહેનત મજૂરી કરવાવાળા કારીગરને બીજા ક્રમનો નાગરિક સમજવામાં આવે છે અને એમની સમસ્યાઓ તથા હાલતો પ્રતિ નિષ્કાળજી વર્તવામાં આવે છે. એમની મહેનત અને તકલીફોના આધારે ઐયાશી કરનારા માલદાર લોકો એમને કીડી મકોડાથી વધારે મર્તબો આપવાને માટે પણ તૈયાર નથી થતા અને મજૂરીની રાહ જોવા માટે સડકો પર બેઠેલી એ નિર્ધન મખ્લૂકને જોઈને એવી રીતે મોઢું ફેરવી લે છે જાણે કે તેઓ ઈન્સાન ન હોય અને ગાડી ઝડપી કરીને એમના ટોળામાંથી એ રીતે નીકળી જાય છે જાણે કે તેઓ એમને ચોંટી જશે.

આ શાહી ઠાઠ એટલા માટે છે કે એમને મહેનતની મહાનતા અને અલ્લાહના ત્યાં એની કદર અને કિંમતની ખબર નથી. તેઓ સમજે છે કે આ ભૂખથી મુરઝાયેલા ચેહરા, પસીનાથી તરબોળ કાળાં શરીરો, ચમચમતા તાપમાં હથોડા ચલાવનારા, ખરબચડા હાથ અને જીવનની સુખ સગવડો અને પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત આ લોકો માન સન્માનના લાયક નથી કેમ કે એમની પાસે દૌલતના અંબાર અને સુખ સગવડોનાં એ સાધનો નથી જે અમારી પાસે પુષ્કળ પ્રમાણમાં છે.

અલ્લાહને ત્યાં માન મર્તબાનું આવું નિરર્થક અને દુનિયાદારી જેવું માપદંડ નથી તેને ત્યાં સન્માનને પાત્ર ઈજ્જત તથા આબરૂવાળો તે વ્યક્તિ છે જે હયાવાળો, મહેનતી અને ખુદ્દાર છે અને કોઈના હાથોની તરફ જોવાને બદલે પોતાના હાથોથી કમાણી કરીને ખાય છે. અને પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે કોઈની આગળ હાથ ફેલાવવો પસંદ નથી કરતો. દુનિયાનું સમજવું એ છે કે બીજાને મૂર્ખ બનાવવું, એમની મજબૂરી, ભોળ પણ અને અજ્ઞાનતાનો ભરપૂર ફાયદો ઉઠાવવું અને એમની શારીરિક તાકાત અને મહેનત તથા તકલીફથી પોતાના માટે ખૂબ ખુશી અનુભવવું. જે વ્યક્તિ જેટલો વધારે બદ્‌માશ અને બીજાઓથી જેટલો અધિક કામ કઢાવવાનો માહિર હોય એને એટલો જ સફળ અને હોશિયાર સમજવામાં આવે છે અને તે પણ પોતાને ઘણો અકલમંદ સમજે છે. પરંતુ અલ્લાહને ત્યાં આ અમલ દાનાઈ નથી પરંતુ બદ્‌માશી છે. બીજાઓની મહેનત પર મજા કરવી અને એમના હક્કોને હડપ કરીને પોતાના મહેલો અને ઐશના સ્થાનો બનાવવાં અને એમને મહેનતની અન્યાયી રીતે મામૂલી મજૂરી આપીને ટાળી કાઢવા અને પોતાના સુખ સગવડની શૈયા સજાવવી બેશરમી છે.

મહેનત કરવાવાળા કારીગરો અને નાના નાના કારોબાર સાથે સંકળાયેલા માણસો સામાન્ય રીતે

એટલા ખુશહાલ નથી હોતા કે પોતાની દરેક જરૂરત પૂરી કરી શકે એટલા માટે તેઓ દુનિયાદારોની નજરમાં નથી ગમતા. તેઓ તેમને કમનસીબ અને હૈસિયત વગરના સમજે છે અને તિરસ્કારની નજરોથી જુએ છે અને પોતાની નાદાની તથા બદ્‌માશીના કારણથી કોઈ સામાજિક સ્થાન આપવાના માટે તૈયાર નથી થતા. પણ **આજ લોકો પોતાની મહેનત તકલીફ અને કારીગરીની સાથે હલાલ કમાણી કરવાના કારણે એટલા ઈજ્જતદાર હોય છે કે અલ્લાહ એમનાથી મહોબ્બત ફર્માવે છે અને પસીનામાં તરબોળ, બદબૂદાર અને મેલકૂચેલમાં આળોટેલ હોવા છતાં એમનાથી નફરત નથી ફર્માવતો પરંતુ એમના આ અમલના જુસ્સા અને જોશની સાથે મહેનત કરવાના કારણથી એમને પોતાની નજીકતા અતા ફર્માવે છે.** કારણ એ છે કે તેઓ એના હુકમની અદાયગીમાં હલાલ તથા પાક કમાણીની પ્રાપ્તિના માટે પ્રયત્નશીલ રહે છે અને પોતાની ગૈરત તથા ખુદ્દારીને હાથથી નથી જવા દેતા.

## ★ મહેનત મજૂરીની ફઝીલત હદીષની રોશનીમાં ★

મુબારક હદીષોમાં મહેનત મજૂરીના જે ફાયદાઓ અને મજૂર બંદાના જે ફઝાઈલ બયાન કરવામાં આવ્યા છે એની થોડીક ઝલકો વાંચો :–

**૧.** "બેશક ! અલ્લાહ કારીગર બંદાથી ઘણી જ મહોબ્બત ફર્માવે છે."

**૨.** "બેશક અલ્લાહ પસંદ ફર્માવે છે કે પોતાના બંદાને હલાલ રોજીની શોધમાં થાકેલો જુએ."

**૩.** હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "જે વ્યક્તિએ એ હાલમાં સાંજ કરી કે તે થાકીને ચૂર થઈ ગયો હતો તો એવું સમજો જેવું કે એણે એ હાલતમાં સાંજ કરી કે એના તમામ ગુનાહ માફ થઈ ચૂક્યા છે." *(તિબ્રાની)*

**૪.** "જે પોતાનાં બાળબચ્ચાંના માટે મહેનત તકલીફ કરે છે તે જાણે અલ્લાહના રસ્તામાં જેહાદ કરવાવાળો છે."

**૫.** "જેણે હલાલ રસ્તાથી દુનિયા પ્રાપ્ત કરી જેથી બીજાઓની સામે હાથ ફેલાવવાથી બચી શકે અને પોતાનાં બાળબચ્ચાંને કમાણી કરીને ખવડાવી શકે અને પોતાના પાડોશીની પણ મદદ કરી શકે, તે અલ્લાહની નજીક એ શાનથી આવશે કે એનો ચેહરો ચૌદમીના ચાંદની જેમ રોશન હશે."

**૬.** "જે તમે ખૂદ કમાણી કરીને ખાઓ છો તે પાકીઝાતરીન રિઝ્‌ક હોય છે."

કારીગર વ્યક્તિ અલ્લાહનો મેહબૂબ હોય છે એટલા માટે તે ઈજ્જતના લાયક છે. મહેનત તકલીફના કારણે જ એના ચેહરા અને શરીરનો રંગ બદલાય જાય છે અને તે તડકાથી કાળો થઈ જાય છે તો એની આ કુર્બાની બેકાર જશે નહીં પરંતુ કિયામતના દિવસે એના બદલામાં એને એવો હસીનો જમીલ કરી આપવામાં આવશે કે ચૌદમીનો ચાંદ પણ શરમાશે.

અલ્લાહને ત્યાં મેહનત તકલીફની હલાલ કમાણીને જે ફઝીલત પ્રાપ્ત છે એનો અંદાઝો આ વાતથી લગાડવામાં આવે કે હઝરાત અંબિયાએ કિરામને પણ ધંધાના ઝરીઆ ખાવાનો હુકમ આપવામાં આવ્યો છે. આ જ કારણે આ હઝરાત કારીગર પણ હતા અને નબુવ્વતના ફર્ઝને અદા કરવાની સાથે સાથે મહેનત કરીને રોજી પણ ખાતા હતા. જેવું કે હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ખેતરમાં હળ ચલાવતા હતા, હઝરત ઈદરીસ علیہ الصلوٰۃ والسلام દરજી હતા, હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام અને હઝરત ઝકરિયા علیہ الصلوٰۃ والسلام ..... હઝરત લૂત علیہ الصلوٰۃ والسلام ખેડૂત હતા, હઝરત શોયબ علیہ الصلوٰۃ والسلام એ પશુપાલન કર્યું હતું, હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام પોતાની બકરીઓ પોતે ચરાવતા રહ્યા, હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام બખ્તર બનાવવાનો ધંધો કરતા હતા. જયારે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ પણ

શરૂઆતની ઉંમરમાં બકરીઓ ચરાવી અને પછી લાંબો સમય વેપાર કરતા રહ્યા.

હુનરમંદ અને કારીગર હોવું કોઈ પણ રીતે બુરું નથી અને ન તો દુનિયાદારી છે. કેમ કે હલાલ કમાણીનો હુકમ અલ્લાહ પાકે આપ્યો છે અને હુનરમંદ મહેનતી ઈન્સાન હલાલની કમાણીના માટે ભાગદોડ કરે છે. એટલા માટે ખુલૂસ નિયતથી મહેનત કરવાવાળા વ્યક્તિને ચૌદમીના ચાંદની જેમ ખૂબસૂરત બનાવી દેવામાં આવશે. હઝરત કઅબ બિન અજરહ رضی اللہ عنہ થી મરવી નીચેના વાક્યાથી પણ ખબર પડે છે કે પોતાના મા બાપ અને બાળ બચ્ચાંના માટે મહેનત મજૂરી કરનાર વ્યક્તિ હિદાયતના રસ્તા પર લાગેલ હોય છે. ફર્માવે છે :–

## ★ મહેનત મજૂરી કરનાર હિદાયતના માર્ગે છે ★

અમે અમારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે સવાર સવારમાં બેઠેલા હતા કે અચાનક એક તંદુરસ્ત ઘણા જ ખૂબસૂરત નવજવાનને જોયા જે નૂરના તડકે મહેનત તકલીફના માટે આવી ગયા હતા. અમે એની આ મહેનત તકલીફને દુનિયાની લાલચ પર ગુમાન કરી અને કહ્યું કે જો આ વ્યક્તિ અલ્લાહના રસ્તામાં નીકળતો તો કેટલું સારું હતું ! હવે એની બધી ભાગદોડની ધરી માત્ર દુનિયા છે. એના પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "એવું ન કહો ! જો આ નવજવાન એટલા માટે મહેનત કરી રહ્યો છે જેથી એને બીજાઓની સામે હાથ ન ફેલાવવો પડે તો એ પણ અલ્લાહના રસ્તામાં છે. અને જો એ કમજોર મા બાપ અને બાળબચ્ચાંના માટે કોશિશ કરી રહ્યો છે તો પણ એ અલ્લાહના રસ્તામાં છે. જેથી જો આ ભાગદોડ એટલા માટે છે જેથી દોલત ભેગી કરે અને બીજાઓ પર મોટાઈ દેખાડે તો શૈતાનના રસ્તામાં છે.

બીજી એક રિવાયતમાં છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં એક સહાબી હાજર થાય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મુસાફો કરે છે તો તેમના હાથની ખૂબ જ કઠણાઈ જોઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પૂછે છે કે આટલા સખત હાથ શાથી છે ? સહાબી અર્ઝ કરે છે કે હુઝૂર ! મહેનત કરનાર માણસ છું જેથી હાથમાં કઠણાઈ આવી ગઈ છે. તો અલ્લાહના રસૂલ તેના તે સખત હાથોને ચૂમી લે છે ! કે આ હાથ હલાલ રોજી કમાવાને લીધે કડક થઈ ગયા છે. (સુબ્હાનલ્લાહ !)


આ ખુશખબરી છે મહેનત મજૂરી કરનારાઓ માટે કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની દષ્ટિએ એ હાથ ચૂમવાને પાત્ર છે જે હલાલ કમાણી કરવામાં કઠણ થઈ ગયા.

મૌલા તઆલા **દરેકને શોર્ટકટમાં હરામ ધંધા કરી રોજી કમાવાને બદલે મહેનતની હલાલ કમાણી કરવાની તૌફીક આપે.** લોકોનો હક્ક પચાવી પાડવાને બદલે જાતે મહેનત કરી હલાલ કોળિયો પેટમાં પધરાવવાની તૌફીક આપે. (આમીન)

## નઅતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم

**અઝ : અનીસુશ્શોઅરા મૌલાના સગીરુલ્ કાદરી "સગીર" સાહબ**

વરફઅ્ના લક ઝિક્કકને સાબિત કર દિખાયા હૈ
બુલંદ અર્શે મોઅઝ્ઝમસે તેરી તુર્બત કા પાયા હૈ
યે એઝાઝે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હય, યેહ કુર્આંમેં આયહ્ હય
ખુદાને મુસ્તુફા કો હર તરહ ઊંચા બનાયા હય
તેરી રફઅત પે ખૂદ જિબ્રઈલ કો હયરાન પાયા હય
પરે અફલાક સે જાકર તૂ પલ મેં લૌટ આયા હય
કહાં આમાલ થે અયસે, તેરે એહસાન કે સદકે
જહન્નમસે રિહાઈકા હમેં મુઝ્દા સુનાયા હય
અજબ પાકીઝા મસ્તી હય તેરે મયકશ પે અય સાકી
કદમ ઉસકા રહે હક્ક સે ન અબ તક લળખળાયા હય
કરમ હય આપકા નાચીઝ, આસી ઔર કમતર પર
**'સગીરે'** બેનવા પર આપ કી રહમત કા સાયા હય



# આતંકવાદી તથા આંતકવાદને ઉશ્કેરનાર કોણ ?

**-કાર્યાલય**

ઈઝરાઈલી જુલ્મોની દાસ્તાન આમ તો ઘણી લાંબી તથા દુઃખદાયક છે પણ ૨૨–માર્ચ ૨૦૦૪ ના રોજ ગાઝા શહેરમાં થયેલ હવાઈ હુમ્લાએ ઈન્સાનિયતનું માથુ શરમથી ઝુકાવી દીધું છે જેમાં હમાસના સ્થાપક રહનુમા શૈખ અહમદ યાસીનના કત્લનો ગમનાક બનાવ બન્યો. એ ખબર જેવી ફેલાઈ તો માનવ જગત યહૂદીઓના આ જુલ્મીપણા બાબતે ચીખી ઉઠયું, અને આખા વિ□માં ગમ તથા અફસોસનું વાતાવરણ છવાઈ ગયું. યકીનન ! આ ખબર પણ ઘણી દુઃખદાયક હતી કેમ કે આ રીતે જેમ એક તરફ પેલેસ્ટાઈનીઓની લાચારી તથા કમજોરી જાહેર થાય છે તેમ બીજી તરફ ઈઝરાઈલનો આ જુલ્મ યહૂદિયતના તે ઈરાદાઓ પ્રતિ સંપૂર્ણપણે નિર્દેશ કરી રહેલ છે જેના થકી તે મધ્યપૂર્વમાં ગ્રેટ ઈઝરાઈલના નામ પર એક યહૂદી રાજ્યની સ્થાપ્નાનો ઈરાદો કરી ચૂક્યું છે અને પેલેસ્ટાઈનના સિવાય અન્ય મુસ્લિમ પ્રદેશોને પણ જબરદસ્તીથી હડપ કર્યા બાદ તેમની ભૂમિ પર પોતાના નાપાક અસ્તિત્વને થોપવા ચાહે છે. આ બનાવો જેવી રીતે ઈસ્લામી જગતના માટે ચિંતાજનક તથા રંજમય અને પરેશાનીનો સબબ છે તેવી જ રીતે દુનિયાના અન્ય ન્યાયપ્રિય દેશોથી પણ હક્ક તથા ઈન્સાફની અપીલ કરે છે.

યહૂદીઓના આ માનવતા પર ઘા કરતાં કારનામાંઓને સારી રીતે સમજવાના માટે આપણે તેના ઈતિહાસનો અભ્યાસ કરવો પડશે. ઈઝરાઈલની શરૂઆત અને તેની સ્થાપ્ના જ અસલમાં માનવજગત માટે એક ચિંતાનો વિષય છે. કેમ કે આ દેશ નિર્દોષ પેલેસ્ટાઈનીઓ પાસેથી તેમની ભૂમિ ઝૂટવી લઈને સ્થાપિત કરવામાં આવ્યો. પછી ત્યારબાદ પેલેસ્ટાઈનીઓ પર જુલ્મનો એક લાંબો તથા દર્દનાક દૌર શરૂ થયો. અહીં અધિક વિગતને અવકાશ નથી બલ્કે પાછલાં અમુક વર્ષોના ઐતિહાસિક બનાવો જ એનાં કાળા કરતૂતોને સ્પષ્ટ કરવા માટે સંપૂર્ણપણે પૂરતા છે. હજી અધિક સમય તો નથી પસાર થયો જ્યારે અમેરિકાના સપોર્ટથી ઈઝરાઈલ થકી પેલેસ્ટાઈનીઓને તેમની પોતાની ભૂમિ પર જ શરણાર્થી (**Refugee**)ની હૈસિયત ધરાવવા માટે મજબૂર કરી દેવામાં આવ્યા અને તેઓને પોતાના પાકાં તથા આલીશાન મકાનોને ત્યજીને શરણાર્થી કેમ્પોમાં શરણ લેવા મજબૂર કરી દેવામાં આવ્યા. અને પછી પેલેસ્ટાઈની મુસલમાનો પર યહૂદિયત તથા સામ્રજિયતના લાંબા આયોજનપૂર્વકના જુલ્મો થતા રહ્યા, જેણે ન કેવળ અરબોને પ્રભાવિત કર્યા બલ્કે પૂરું માનવ જગત આ જુલ્મોથી હચમચી ઉઠયું. એટલું જ નહીં બલ્કે અમેરિકાએ ઈસ્લામી જગતની વિરૂધ્ધ પોતાના જુલ્મોના અન્ય પણ ક્ષેત્રો ઉઘાડાં કરી દીધાં, જેના થકી તેણે ઈઝરાઈલના ઝરીયાથી ઈરાકનું એટમી રિએકટર (**Neclear Reactor**) તબાહ તથા બર્બાદ કરી નાખ્યું. અને છતાં પણ અમેરિકા પૂરી તાકાત તથા શક્તિથી એ કોશિશ કરતું રહ્યું કે એ વિસ્તારમાં કોઈ પણ મુસ્લિમ દેશ એટલો શક્તિશાળી ન થવા પામે જેનાથી ઈઝરાઈલની સલામતીમાં ખતરો ઉભો થાય. એટલા માટે તે વિવિધ ટાઈટલ હેઠળ ઈસ્લામી જગતની તાકાતને કમજોર કરતુ રહ્યું અને મુસ્લિમ દેશોને શસ્ત્રો વિહોણા થવા માટે મજબૂર કરતુ રહ્યું અને જે દેશ

તેના ન્યાયહિન ઉસૂલની વિરૂધ્ધ થયો અથવા તેણે અમેરિકી લાભોની વિરૂધ્ધ કોઈ પ્રકારના તેના હુકમની અવગણના કે આનાકાની કરવા ચાહ્યું તો તેને જબરદસ્ત સબક શીખવાડવામાં આવ્યો અને છેવટે તેને અમેરિકાની જુલ્મી તથા પૂર્વગ્રહી પોલીસી સમક્ષ ઝુકવું પડયું. અફઘાનિસ્તાન તથા ઈરાક અને લીબિયા તથા ઈરાનની સ્થિતિઓ વાંચકો સમક્ષ જ છે. જ્યાં અમેરિકી લાભોને હવે કોઈ ખતરો નથી અને તે પોતાના મતમાન્ય ઢંગથી કામ કરતુ રહે છે.

૧૧–સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ જ્યારે અમેરિકી લીડરશીપ હેઠળ આતંકવાદ વિરૂધ્ધ જંગ શરૂ થયો અને જેવી રીતે આતંકવાદી દેશો તથા સંસ્થાઓની એક મનમાની યાદી તૈયાર કરવામાં આવી તેવી જ રીતે એ યાદીમાં **દુનિયાના સૌથી મહાન આતંકવાદી ઈઝરાઈલ**ને સંપૂર્ણપણે મેહફૂઝ રાખવામાં આવ્યું ! અને મુસ્લિમ દેશો તથા સંસ્થાઓને શોધી શોધીને એમાં સામેલ કરવામાં આવી. અહીં પ્રશ્ન એ ઉઠે છે કે જો આ બેલગામ ઘોડા અને માનવ જગતના સૌથી મહાન મુજરિમ ઈઝરાઈલને પણ આ આતંકવાદી યોજનાઓ તથા કારનામાઓને કારણે એ યાદીમાં સામેલ કરીને તેની વિરૂધ્ધ સખ્ત શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવત અને તેને પણ એ પ્રદેશના અન્ય દેશોની જેમ શસ્ત્રો ઘટાડવા પર મજબૂર કરવામાં આવત તો આજે શૈખ અહમદ યાસીનને કત્લ કરી દેવાની હિંમત તેનાથી ન થાત.

વાત જરા કડવી તો છે પણ વાસ્તવિક્તાના તદ્દન મુજબ છે કે યહૂદિયતને હવા દેવામાં પશ્ચિમી તથા અમેરિકી તાકતોની જબરદસ્ત દખલ છે. ભૂતકાળની વાત તો છોડો, વર્તમાનકાળમાં ઈઝરાઈલ દુનિયાના લોકોના જબરદસ્ત વિરોધ છતાં પોતાના દેશમાં જાતી ભેદભાવ, પેલેસ્ટાઈની દુશ્મની તથા ઈસ્લામને પાયમાલ કરવાના તે કારનામાઓ અંજામ આપી રહ્યું છે જેને માનવ જગત કોઈ પણ રીતે કબૂલ તથા મંઝૂર નથી કરી શક્તું. સવાલ એ છે કે માનવ જગતના જબરદસ્ત વિરોધ છતાં સમય આ જબરદસ્ત હડપખોર જુલ્મી પ્રવૃત્તિઓ જે દિલેરી તથા હૃદયની કઠોરતાપૂર્વક અંજામ આપતુ આવે છે તે શું અમેરિકી સપોર્ટ વિના શક્ય જણાય છે ? આ પ્રસંગે વિ□ના સુપર પાવર અમેરિકાનું આ દર્દનાક જુલ્મો તથા માણસાઈનું ગળુ ઘોંટનાર કારનામાંઓ પર ન કેવળ ખામોશ તમાશો જોનાર રહેવું બલ્કે પર્દા પાછળ તેને ઉત્તેજન આપતા રહેવું તે શરમજનક તથા ધૃણાને પાત્ર છે.

શૈખ અહમદ યાસીનના કત્લ પર વિ□ના લોકોએ ઈઝરાઈલની ભરપૂર ટીકા કરી, માનવતાએ આંસૂ સાર્યા, મુસલમાનોની સાથે તમામ માણસાઈના ચાહક માનવોએ વિરોધનો અવાજ બુલંદ કર્યો, અરબોએ યહૂદીના બુરા ઈરાદાઓ પ્રતિ આખા જગતનું ધ્યાન દોરવાની કોશિશ કરી, પણ આ મોકા પર અમેરિકાનું કેવળ મુંગા પ્રેક્ષક બની રહેવું શું એ વાતની દલીલ નથી પૂરી પાડતું કે ઈઝરાઈલના આ તમામ જુલ્મોનો અસલ કર્તા અમેરિકા જ છે. યહૂદી ચળવળ કેવળ ઈઝરાઈલીઓની જ ચળવળ નથી બલ્કે પશ્ચિમ તથા અમેરિકાની સંપૂર્ણ હિમાયત તથા માર્ગદર્શન તેને પ્રાપ્ય છે. બલ્કે કશીય શંકા વિના એવું કહેવામાં આવે કે ઈસ્લામી જગતને કમજોરથી કમજોર કરવાના માટે યહૂદીઓ તથા ઈઝરાઈલનું આ (ઈઝરાઈલ) સંગઠિત પ્લેટફોર્મ છે, તો તદ્દન સત્ય છે.

શયખ અહમદ યાસીનની આ કાયરતાભરી કત્લ ઈસ્લામી જગત ખાસ કરીને અરબોને એ વિચાર માટે મજબૂર કરવા પૂરતુ છે કે મધ્યપૂર્વમાં તેમણે પોતાની સમસ્યાઓ જાતે જ ઉકેલવી પડશે, યહૂદિયતનો મુકાબલો જાતે જ કરવો પડશે, અને પેલેસ્ટાઈનનું કોકડુ ખુલૂસ દિલ તથા સખ્ત જદ્દો જેહદથી ઉકેલવું પડશે. ઈસ્લામી જગતની રક્ષા તથા સલામતીના માટે ઈસ્લામી બ્લોક ઉભો કરવો પડશે.

યુનોમાં ઈસ્લામી બ્લોકે વોટોની શક્તિ મેળવવી પડશે, ઈસ્લામી બ્લોકે મુસ્લિમ દેશોની સાથોસાથ વિ□ના અન્ય ઈન્સાફ પ્રિય દેશોને સાથે રાખીને ચાલવું પડશે ત્યારે જ તેઓ યહૂદીઓના નાપાક ઈરાદાઓથી મેહફૂઝ રહી શકે છે. બીજા શબ્દોમાં એ કે ઈઝરાઈલનો આ ઝેરી અજગર તેમને સંપૂર્ણપણે ગળી જાય અને એ વિસ્તારની સર્વ જમીન પર ઝેરીલા નાગની જેમ ફેણ માંડીને બેસી જાય. જો ખુદા ન ખ્વાસ્તા યહૂદિયત પોતાના નાપાક ઈરાદાઓ તથા જુલ્મી મનસૂબાઓમાં સંપૂર્ણપણે કામયાબ થઈ ગઈ તો પછી મુસલમાનોને કેવળ શયખ અહમદ યાસીનનું જ માતમ નહીં બલ્કે ઈસ્લામી જગતની દરેક ઉચ્ચ શખ્સિયત માટે અફસોસ સાથે હાથ ઘસવા અને અશ્રુ સારવા માટે તૈયાર રહેવું જોઈએ.

અહીં અમને જે રીતે ઈઝરાઈલ તથા અમેરિકાથી સખત શિકાયત છે એ જ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો) પાસેથી પણ જવાબ ચાહીએ છીએ કે એની સ્થાપ્ના જે મકસદના માટે કરવામાં આવી હતી તો તે યહૂદિયત સામે પોતાનો મકસદ કેમ પૂર્ણ નથી કરી શક્તુ ? અને તેના એક કાયમી સભ્ય અમેરિકાને એ અધિકાર શાથી હાંસલ છે કે તે ઈઝરાઈલના જુલ્મી વર્તાવ પર જયારે પણ ચાહે પેલેસ્ટાઈનીઓના ફેવરમાં યુનોમાં કોઈ પણ ઠરાવ પેશ કરવામાં આવે છે તો દુનિયાનો સૌથી મહાન હક્ક તથા ઈન્સાફનો દાવેદાર શા માટે વીટો વાપરે છે ? આ હકીકતને ધ્યાનમાં રાખીને અમે એવું કહીએ છીએ કે તેણે જ **નામ માત્રના ત્રાસવાદ વિરોધી જંગ શરૂ કર્યો છે તે કેવળ અને કેવળ ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ એક ભયાનક ચાલ છે.** એના અનુસંધાનમાં એ પ્રશ્નો ઉઠે છે કે છેવટે શા માટે ત્રાસવાદ હેઠળ મુસલમાન અને તેની સંસ્થાઓ જ આવે છે ? ઈઝરાઈલ તથા અન્ય ફાશિસ્ટ ચળવળો એમાંથી અપવાદ શા માટે છે ? શું આ વાસ્તવિક્તાઓથી આંખ આડા કાન કરવાની હજી પણ કોઈ શક્યતા છે કે અમેરિકા તથા યૂરોપની આ તમામ કાર્યવાહીઓ કેવળ અને કેવળ મધ્યપૂર્વમાં ઈઝરાઈલની રક્ષા માટેની એક સાઝિશ સિવાય અન્ય કાંઈ જ નથી ?! વિચારવાની વાત એ છે કે આ રીતે અમેરિકા મુસ્લિમ તથા અરબ દેશોને શસ્ત્રો ઘટાડવાના નામ પર કમજોરથી કમજોરતર કરીને ગ્રેટ ઈઝરાઈલના માર્ગો સાફ નથી કરી રહ્યું ?

આ વાસ્તવિક્તાઓની રોશનીમાં મુસલમાને જોઈએ કે પોતાના દુશ્મનોને ઓળખે અને એક થઈને એનો સામનો કરવાની કોશિશ કરે નહીં તો :–

**ઉન્કી દાસ્તાં તક ભી ન હોગી દાસ્તાનોંમેં**

*–(જામે નૂર–દિલ્હી, જૂન–૦૪)*

## મનકબત શાને અતાએ રસૂલ જાને બતુલ رحمۃ اللہ علیہ

ખ્વાજા મેરી નસનસ યે હી દિન રાત પુકારે
હૈ ઝિંદગી યે આપ કી નિસ્બત કે સહારે
પ્યારે નબી કી પ્યારી અતા હૈ મેરે ખ્વાજા
ફિર ક્યૂં ન ભલા રબ મેરે ખ્વાજા કો સંવારે
જો નૂરી કિરન તયબા કી અજમેર મેં ફૂટી
બસ વૌહી કિરન હિંદા કા હર ગૌશા નિખારે
ખ્વાજા પિયા કે દર પે સખી બન કે સવાલી
મંગતોં કી કતારોં મેં મિલે ઝોલી પસારે
બસ ! નાઝ કરો ચિશ્તી મિલી જિનકો હૈ નિસ્બત
ચિશ્તી તો બહિશ્તી હૈં મેરે ખ્વાજા પુકારે
સંજર કે શહનશા મેરે ચિશ્તી હૈ ખિવૈયા
ફિર ક્યૂં ન ભલા મેરી લગે કશ્તી કિનારે
અહમદ પિયા મેં પાઈ ઝલક ખ્વાજા પિયા કી
પાતા હૂં મૈં મુર્શિદ મેં હી ખ્વાજા કે નઝારે
**"ફૈઝી"** સગે ખ્વાજા હૈ ઝમાને સે ગરઝ ક્યા
ખ્વાજા કે હી ટુકડોં પે ચલે ઉસકે ગુઝારે

–જનાબ અબ્દુલ્લાહ ઉર્ફે "ફૈઝી" વાંકાનેરી

# ઔરતોની હિકાયતો

✪ લેખક ✪
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
✪ અનુવાદક ✪
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

## ★ હઝરત અકલીમા ★

**હિકાયત નં. ર :** હઝરતે હવ્વાના ગર્ભમાં એક દીકરો અને એક દીકરી પૈદા થતી હતી અને એક ગર્ભના દીકરાનો બીજા ગર્ભની દીકરી સાથે નિકાહ કરવામાં આવતો. અને જ્યારે કે આદમી માત્ર હઝરત આદમ عليه السلام ની ઔલાદમાં મોકુફ હતા. એટલા માટે નિકાહ કરવાનો બીજો કોઈ માર્ગ જ ન હતો હઝરત આદમ عليه السلام ના ઘરે એક ગર્ભમાં કાબીલ અને અક્લીમા પૈદા થયાં અને બીજા ગર્ભમાં હાબીલ અને યહુદા પૈદા થયાં. કાબીલની બહેન અક્લીમા, હાબીલની બહેન યહુદાથી વધારે ખૂબસૂરત હતી. હઝરત આદમ عليه السلام એ તે જ કાનૂન પ્રમાણે કાબીલનો નિકાહ યહુદાથી જે હાબીલ સાથે પૈદા થઈ હતી અને હાબીલનો નિકાહ અક્લીમા સાથે જ કાબીલ સાથે પેદા થઈ હતી, કરવા ચાહ્યો. કાબીલ એનાથી રાજી ન થયો. અક્લીમા કેમ કે વધારે ખૂબસૂરત હતી એટલે એનો ખ્વાહિશમંદ થયો. હઝરત આદમ عليه السلام એ ફર્માવ્યું કે તે તારા સાથે પૈદા થઈ છે એટલે તારી બહેન છે તેની સાથે તારો નિકાહ હલાલ નથી. કહેવા લાગ્યો, આ તમારો ખયાલ છે. અલ્લાહનો આ હુકમ નથી. આપે ફર્માવ્યું, તો તમે બંનેવ કુર્બાનીઓ લાવો ! જેની કુર્બાની મકબૂલ થઈ જાય તે જ અક્લીમાનો હક્કદાર છે. તે જમાનામાં જે કુર્બાની મકબૂલ થઈ જતી આસ્માનથી એક આગ ઉતરીને તેને સળગાવી દેતી. કાબીલે એક ઘઉંનો ઢગલો અને હાબીલે એક બકરી કુર્બાની માટે પેશ કરી. આસ્માની આગે હાબીલની કુર્બાની લઈ લીધી અને કાબીલના ઘઉંને છોડી દીધા. આના પર કાબીલના દિલમાં દુશ્મની અને ઈર્ષા પૈદા થઈ ગઈ. જ્યારે હઝરત આદમ عليه السلام હજ્જ માટે મક્કા મુકર્રમા તશરીફ લઈ ગયા ત્યારે કાબીલે હાબીલને કહ્યું, હું તને કત્લ કરી નાખીશ ! હાબીલે કહ્યું, કેમ ?! કહેવા લાગ્યો, એટલા માટે કે તારી કુર્બાની મકબૂલ થઈ, મારી ન થઈ અને અક્લીમાનો હક્કદાર તું બન્યો, એમાં મારી બદનામી છે. હાબીલે કહ્યું, તું જો મને કત્લ કરવા હાથ ઉઠવશે તો પણ હું તને કત્લ કરવા માટે હરગિઝ હાથ નહીં ઉઠાવીશ ! કેમ કે હું અલ્લાહથી ડરું છું. કાબીલે છેવટે હાબીલને કત્લ કરી નાખ્યો. પછી તે આ કત્લને છુપાવા માટે હેરાન થઈ ગયો કે લાશને શું કરવું ? કેમ કે એ વખત સુધી કોઈ ઈન્સાન મૃત્યુ ન પામ્યો હતો. કેટલા સમય સુધી લાશને પોતાની પીઠ પર લાદીને રખડયો પછી અલ્લાહે એને બે કાગડા દેખાડયા. બંનેવ સામસામી લડી પડયા એમાંથી એકે બીજાને મારી નાખ્યો. પછી જીવતા કાગડાએ પોતાની ચાંચ અને પંજા વડે જમીનને ખોદીને ખાડો ખોદયો અને એમાં મરેલો કાગડો નાખીને માટીથી દબાવી દીધો. આ જોઈ કાબીલને ખબર પડી કે મુડદાની લાશને દફન કરવી જોઈએ. એવી જ રીતે તેણે જમીન ખોદીને હાબીલને દફન કર્યો.

**બોધ :** સૌથી પહેલો કત્લ જે પેશ આવ્યો તે કાબીલના હાથે હાબીલનો કત્લ હતો. અને તે કત્લનો ઝરીયો ઔરત હતી. એવી જ રીતે આજ સુધી આ વાત મશ્હૂર છે કે ઝર (સોનુ), ઝન (ઔરત), ઝમીન, લડાઈ–ઝઘડા અને કત્લનો ઝરીયો છે. આજકાલ પણ સામાન્યતઃ કત્લ ઔરતના કારણે જ થાય છે. અને તેની જડ (અસલ કારણ) હદીષનો ઈન્કાર છે, કેમ કે હઝરત આદમ عليه السلام ના ઈર્શાદને કાબીલે તેમનો ખયાલ કહીને ન માન્યો !

જાણવા મળ્યું કે પૈગંબરના ઈર્શાદને ખુદા عزوجل નો ઈર્શાદ સમજવો જોઈએ. નહીંતર, નતીજો ખરાબ

આવે છે. આજકાલ પણ જે ઔરતોનું અપહરણ થાય છે અને એને લીધે કત્લોગારત સુધી નોબત પહોંચી જાય છે એનું કારણ પણ હદીષનો ઈન્કાર છે. લોકો કુર્આનની ઓઠ લઈને કુર્આનની આયતોને પોતાની મરજી પ્રમાણે ઈખ્તિયાર કરીને ઔરતોને નગ્નતા તથા બેપર્દગીની સાથે ઘરથી કાઢીને બજારોમાં ફેરવવા લાગે છે. હાલ તો એ છે કે કુર્આન પાક જે બંધારણ સાથે નાઝિલ થયું તેના ઈર્શાદાતના મુતાબિક ઔરત માટે નગ્નતા અને બે હિજાબી અને ગૈરો સાથે મળવું, મિલાવવું, ગૈરો સાથે હાથ મિલાવવા હરિગઝ જાઈઝ નથી. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ઔરતોને નમાઝ પઢવા માટે પણ આ દર્સ દીધો કે પોતાના ઘરમાં પઢે. આજકાલની મોડર્ન ઔરતો દિવસભર બજારોમાં અને રાત કલબમાં ગુજારે છે. અને આ બધા કરિશ્મા હદીષના ઈન્કારના છે. ઔરતોનો અર્થ એ છે "છુપાવવા લાયક ચીજ" ઔરતોંને મસ્તૂરાત પણ એટલા માટે કહેવાય છે. અર્થ : "સતર અને પર્દામાં રહેવાવાળી", પણ આજકાલ ?! મેં લખ્યું છે;

ये औरत थी कभी खातूने खाना
मगर अब शम्ए मेहफिल है कलबमें

वो औरत जो के सर ता पा औरत
नज़र आती है अब सबको शबमें

અને પોતાની મોર્ડન મષ્નવીમાં મેં લખ્યું છે;

केह दिया है मोर्डन ईस्लामने
औरत आ सक्ती है सबके सामने

એ પણ જાણવા મળ્યું કે હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ના જમાનામાં બહેન ભાઈના નિકાહ જાઈઝ હતા પણ હવે આપણી શરીઅતમાં આ કામ હરામ છે. આ હકીકતને એ રીતે સમજો કે બાળક પૈદા થાય છે ત્યારે એના માટે કપડા પર, પાયજામામાં એટલે સુધી કે માં બાપની ગોદમાં પેશાબ અને પાખાના કરવું જાઈઝ છે. પણ મોટું થઈ એવું કરશે તો ચંપલથી માર ખાશે. બચપનમાં એહકામ અલગ, જવાનીમાં અલગ. બચપનમાં નગ્ન ફરવું જાઈઝ અને જવાનીમાં નાજાઈઝ. બાળક જેમ જેમ મોટુ થાય છે બાળકની કમીસ બદલાતી જાય છે અને એની કમીસનું માપ બદલાતુ રહે છે. એટલે સુધી કે જ્યારે તે પોતાની પૂરી જવાની પર પહોંચી જાય છે ત્યારથી તેની કમીસનો માપ જે હોય છે, અંતિમ ઉમ્ર સુધી તે જ માપ રહે છે. એવી જ રીતે હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ના વખતમાં દીન હજી શરૂના જમાનામાં હતો બાળકની જેમ હતો. બાળક માટે તે વાતો જાઈઝ હોય છે, જે જવાન માટે જાઈઝ નથી હોતી. આ બાળક જેમ જેમ મોટુ થતું રહ્યું એની કમીસનો માપ એટલે કે શરીઅત પણ બદલાતી રહી, એટલે સુધી કે જ્યારે એ પોતાના આલમે શબાબ (જવાની) પર પહોંચ્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા તો ખુદા عزوجل એ ફર્માવી દીધું :–

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ

**તર્જુમો** : "આજે મેં તમારા માટે તમારો દીન સંપૂર્ણ કરી આપ્યો. *(સૂ. માઈદહ્, આયત–૩)*

સારાંશ કે હવે આ દીન પોતાની જવાની પર પહોંચી ચૂક્યો છે. અને હવે જે શરીઅત હુઝૂર علیہ الصلوٰۃ والسلام લઈને આવ્યા તે એવી છે કે જેવી રીતે જવાનીની ઉમ્રની કમીસનો માપ અંતિમ ઉમ્ર સુધી ચાલતો રહે છે, એ જ રીતે હવે આ શરીઅત કયામત સુધી બાકી રહેશે. હવે આ શરીઅતમાં ફેરફારની જરૂરત નથી રહી અને એટલા માટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની પછી હવે કોઈ નબી પણ નથી આવી શકતા કેમ કે હવે કોઈ નબીની જરૂરત જ નથી રહી. એટલા માટે હવે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બાદ નબુવ્વતનો દા'વો કરે તે જૂઠો છે. આપણા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન તો એ છે કે :–

हसीनों में हसीं ऐसे के महबूबे खुदा ठेहरे
रसूलों में रसूल ऐसे के खत्मुल अंबिया ठेहरे

★ ★ ★

# બાળકોનો તર્બિયતી ગુલશન

*-(કાર્યાલય)*

**આપણામાં કહેવત છે કે કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે. અને બાળક માનસ પર બચપનથી સુસંસ્કાર અંકિત થાય તો તે નેક બખ્ત બની પોતાના માં બાપ કુટુંબના માટે સમગ્ર સમાજને માટે રાહતનો સામાન બને છે, પણ જો તેની દીની દુનિયવી કેળવણી પ્રતિ નિષ્કાળજી રાખી બાળકને ખરાબ સંગત કે ટી.વી.ના સ્વચ્છંદી પ્રોગ્રામોની રંગત ચડવા દીધી તો એ ભૂલી જશો કે તે સુસંસ્કારી રહે, બલ્કે મા બાપ, કુટુંબ તથા સમાજ માટે એક અઝાબ પુરવાર થશે. (અલ્લાહની પનાહ !) માટે બાળ કેળવણી અતિ આવશ્યક ચીજ છે અને ઈસ્લામી તા'લીમથી શ્રેષ્ઠ સંસ્કાર ક્યાંય નથી ! માટે તેને ઈસ્લામના મહાન બુઝુર્ગોના કિસ્સા તથા બોધદાયક પ્રસંગોથી માહિતગાર કરતા રહેવું જોઈએ. એ આશયથી આ કોલમ શરૂ કરી છે. મૌલા તઆલા સર્વને નેક હિદાયત બખ્શે. આમીન** –*તંત્રી : બરકાતે ખ્વાજા*

## ★ બુઝુર્ગોની અદબ ★

હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ શરીઅતના ઈમામ, ઘણા જ મહાન બુઝુર્ગ અને કમાલવાળા મુહદ્દિષ થઈ ગયા છે.

એકવાર આપ એક નહેરના કિનારે વુઝૂ કરી રહ્યા હતા અને એક માણસ આપનાથી ઉપરની તરફ થોડીક ઊંચાઈ પર વુઝૂ કરી રહ્યો હતો. એ વ્યક્તિએ ઉપરથી જ્યારે હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ ને નીચે વુઝૂ કરતા જોયા તો અદબના ખયાલથી ઉપરથી ઉઠીને નીચે ઉતરી આવ્યો અને આપનાથી નીચે વુઝૂ કરવા લાગ્યો.

જ્યારે એ શખ્સ મૃત્યુ પામ્યો તો કોઈએ એને સ્વપ્નમાં જોયો અને એને પૂછયું કે, બતાવો ! ખુદા તઆલાએ તમારી સાથે કેવો વર્તાવ કર્યો ? તો એણે જવાબ આપ્યો કે મેં એકવાર એક ઘણા જ મહાન બુઝુર્ગ એટલે હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ નો અદબ વુઝૂ કરતી વખતે કર્યો હતો, ખુદા તઆલાએ એ અદબ અને તા'ઝીમના બદલામાં મારા પર રહમ ફર્માવી અને મારા તમામ ગુનાહોને માફ ફર્માવીને મને બખ્શી દીધો. *(તઝકેરતુલ્ ઔલિયા)*

**ફાયદો :** પ્યારા બાળકો ! બુઝુર્ગોનો અદબ ઘણો જ જરૂરી અને સારી ચીજ છે. એ અલ્લાહવાળાઓની તા'ઝીમ અને અદબથી અલ્લાહ ખુશ થાય છે. એટલા માટે આપણે પણ બુઝુર્ગોની અદબ કરવી જોઈએ અને એમની બેઅદબી અને બદ્‌તમીઝીથી દરેક સમયે ડરતા રહેવું જોઈએ અને એ અલ્લાહવાળાઓની અદબનો ખયાલ રાખવો જોઈએ.

**નોંધ :** માં બાપે પણ પોતાનાં ફરઝંદોને ફિલ્મોની કેસેટો કે ચેનલો દેખાડી બાળકોને ઈસ્લામના બાગી તથા પોતાના પર જુલ્મ કરે તેવી તા'લીમ ન આપવી બલ્કે આવા રૂહાની વાકેઆ સંભળાવી તેની દુનિયા તથા આખેરત સંવરે એવી જ તા'લીમ આપવી જોઈએ.

हर घरमें महोब्बत की एक शम्अ जलाएँगे
नफ़रत को अदावत को दुन्यासे मिटाएँगे
सोए हूए ईन्सान को जो होशमें ले आए
हम साज़े महोब्बत पर वो गीत सुनाएँगे
मां बाप को देखेंगे ईज़्ज़त की निगाहों से
हम उनके ईशारों पर सर अपना झुकाएँगे
जब ईल्मो अमल ही से ईज़्ज़त है तरक्की है
हम खूद भी पढ़ेंगे और दुन्या को पढ़ाएँगे
अब बाज़ न आएँगे मेहनतसे मुशक्कतसे
मुश्किल जो सबक होगा आसान बनाएँगे

*-"શબનમ" કમાલી*

# શબે કદ્રના ફઝાઈલ તથા નવાફિલ

★ ★ ★ કાર્યાલય ★ ★ ★

**પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો !** રમઝાન શરીફના વીસ રોઝા પછીની એકી રાતોમાં અને અમુક ઉલમાએ ૨૭ મી રાતે શબે કદ્ર જણાવે છે. આ મુબારક રાતને ખેલ તમાશા, ખોટા ઉજાગરા કરીને વેડફશો નહીં, તેની ઘણી જ ફઝીલતો છે. ટૂંકમાં અહીં નિર્દેશ કરીએ છીએ. તે મેહરૂમ જ રહેશે જે આ રાતની કદર ન કરે.

કુર્આને પાકમાં છે : **(તર્જુમો)** : બેશક ! અમે એને શબે કદ્રમાં ઉતાર્યું અને તમે શું જાણ્યું શું શબે કદ્ર ?! શબે કદ્ર હજાર મહીનાઓથી બેહતર (છે) એમાં ફરિશ્તા અને જિબ્રઈલ ઉતરે છે પોતાના રબના હુકમથી દરેક કામના માટે, તે સલામતીને સવાર ચમકતાં સુધી. *(સૂરએ કદ્ર)*

હદીષ શરીફમાં છે : એક વખત હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ ﷺએ બની ઈસ્રાઈલના શમ્ઊન નામી એક વલીની ઈબાદતનુ વર્ણન કર્યું કે, તે હજાર મહીના સુધી રોઝા રાખતા, રાત ભર ખુદાની ઈબાદત તથા નમાઝમાં વ્યસ્ત રહેતા અને દિવસે શસ્ત્રોથી સજ્જીને જેહાદ કરતા.... વગેરે. સહાબાએ હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! અમે તો કદાપિ તેમની ઈબાદતને પહોંચી શકીશું જ નહીં કેમ કે અમારી વયો તો એટલી લાંબી છે જ નથી ! સહાબાએ કિરામની આ હસરતઅંગેઝ આરઝૂ પર રબ તઆલાએ શબે કદ્ર જેવી બરકતી રાત અતા કરી કે આ રાતની ઈબાદત હઝરત શમ્ઊનની હજાર મહીનાઓની ઈબાદતથી બેહતર છે. (સુબ્હાનલ્લાહ !)

જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. *(દુર્રતુન્નાસિહીન)*

શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નું અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. *(દુર્રતુન્નાસિહીન)*

આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં.

રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરની રોશન થશે.

૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## ★ નફ્લ નમાઝો ★

✪ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ"** પછી **"ઈન્ના અન્ઝલ્ના"** ત્રણ વાર અને **"કુલ્ હુવલ્લાહ"** ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **"સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર"** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

✪ **૪ રકાત** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ"** પછી ૧ વાર **"ઈન્ના અન્ઝલ્ના"** અને ૨૭ વાર **"કુલ્હુવલ્લાહ"** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

✪ **૨ રકાત** : બંનેમાં **"અલ્હમ્દુ"** પછી **"ઈન્ના અન્ઝલ્ના"** ૧ વાર અને **"કુલ્હુવલ્લાહ"** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

✪ **૪ રકાત** : દરેકમાં **"અલ્હમ્દુ"** પછી ૩ વાર **"ઈન્ના અન્ઝલ્ના"** અને ૧૭ વાર **"કુલ્હુવલ્લાહ"** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ "બરકાતે ખ્વાજા" ખૂબ ગમ્યું ! ★

શબ્બીર સાહબ ! સલામ બાદ તમારું આ દીની કામ મને તથા અમારા ઘરવાળાઓને ઘણુ જ પસંદ આવ્યું. હું અત્યાર સુધી કેટલીયે કિતાબો પઢતો હતો પણ જયારથી મેં **"બરકાતે ખ્વાજા"** પઢવાની શરૂઆત કરી મને ખૂબ જ ગમ્યું. તેના લેખો, છાપકામ, પ્રિન્ટીંગ તથા દરેક વસ્તુનો ખૂબ જ સારો સમન્વય છે. મને **"બરકાતે ખ્વાજા"**નો એક લેખ **Islam & Modern Inventions** ખૂબ જ ગમ્યો. તેનું આજના મોર્ડન ટાઈમમાં ખૂબ જ મહત્વ છે.

*–લિ. હનીફ વકા (વલણ)*

## ★ ઉર્સે અમીરુદ્દીનબાવા જીલાની ચિશ્તી નિઝામી رحمۃ اللہ علیہ ★

ખાનકાહે અહલે સુન્નત, વડોદરાની એક યાદી અનુસાર આગામી ૨૯ રજબના રોજ નવસારી ખાતે મશહૂર વલીએ કામિલ હઝરત અલ્લામા મૌલાના મુફતી હકીમ સૈયદ અમીરૂદ્દીનબાવા જીલાની, ચિશ્તી, નિઝામી علیہ الرحمۃ والرضوان નો ઉર્સ મુબારક હર સાલની જેમ શાનદાર રીતે મનાવવામાં આવ્યો. ઝોહરબાદ ડબગરવાડથી હાજી પીર સૈયદ મોઈનુદ્દીનબાવાની રાહબરી હેઠળ સંદલ, ચાદર, ગુલપોશી થઈ તથા શજરા શરીફ અને સલાતો, સલામ પઢાવવામાં આવી. રાત્રે ઈશા બાદ તકરીરનો શાનદાર પ્રોગ્રામ યોજાયો. બીજા દિવસે તા. ૩૦ રજબના રોજ મઝાર શરીફ પાસે ખત્મે કુર્આન ખ્વાની, મીલાદ શરીફ, ઝિક્ર શરીફ તથા સલાતો સલામના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.

**માપલ્લી** : અહીંયા શહેનશાહે ગુજરાત હઝરત સૈયદ અલી મીરાંદાતાર رحمۃ اللہ علیہ ની વાલેદા મોહતરમા હઝરત સૈયદ રાસ્તી અમ્મા સાહબનો ઉર્સ શરીફ રજબ ચાંદ–૧૬ અને અંગ્રેજી તા. ૧–૯–૦૪ ના રોજ શાનો શૌકતથી મનાવવામાં આવ્યો. ઈશાની નમાઝ બાદ કુર્આનખ્વાની, મીલાદ શરીફ તથા વાએઝનો પ્રોગ્રામ થયો, સવારે ૪ વાગે મઝાર શરીફને ગુલાબ પાણી અને અત્તર વડે ગુસ્લ આપી સંદલ, ફૂલ ચાદર પેશ કરવામાં આવી અને દુઆ કરવામાં આવી. ઘણા અકીદતમંદોએ ઉર્સ શરીફમાં શિર્કત કરી.

**–રજૂકર્તા** : *સૈયદ હસનઅલી મુહમ્મદમિયાં હુસૈની, મુ.પો. માપલ્લી, જિ. મહેસાણા*

## ★ ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★

**કિતાબ** : **આશિકે રસૂલ હઝરત બિલાલ** (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)

**સંપાદક** : મર્હૂમ હાજી અ. ગફ્ફાર ચોલા જામનગરી

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, C/o. ઉસ્માનભાઈ એમ. મનસુરી, ૯૧/ડી, રેલ્વે કોલોની, હાપા–૩૬૧ ૧૨૦, તા. જિ. જામનગર

હઝરત બિલાલ رضی اللہ عنہ ના જીવન ચરિત્ર પર સરસ માહિતીપૂર્ણ કિતાબ છે. વાંચો અને ઈશ્કે નબીમાં ઉમેરો કરો કે આશિકે રસૂલ કેવા હોય છે ! લેખક મર્હૂમના માટે દુઆ કરશો અને કમિટીને લિલ્લાહ ઝકાતની સહાય મોકલી જરૂર સહકાર કરશો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા*

## ★ સપ્ટેમ્બર–૦૪ ના અંકમાં ભૂલ સુધારો ! ★

પેજ નં. : ૧૪, કોલમ નં. : ૨, લીટી નં. : ૧૨ માં *સૂરએ ઈન્આમ*ને સુધારી *સૂરએ અન્આમ* વાંચવું.

પેજ નં. : ૩૪ મેઈન હેડીંગ નીચે ૨૨ રજબુલ મુરજ્જબને બદલે ૧૫ રજબુલ મુરજ્જબ વાંચવું.

## ★ જશ્ને ઈદે ગૌષિયા ★

**નડિયાદ**માં એક અઝીમુશ્શાન ઈજતેમા **"જશ્ને ઈદે ગૌષિયા"** તા. ૨૬–૬–૦૪ ને શનિવારના રોજ યોજાઈ ગયો. જેમાં બોમ્બેથી આવેલ જનાબ વાસિફ

રઝા સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ તેમની આગવી શૈલીથી નઅતે પાક તેમજ મનકબત તથા ઈસ્લાહી બયાનથી બધાનાં દિલ જીતી લીધાં. આ પ્રોગ્રામમાં વિશેષ આમંત્રિત તરીકે "સૈયદ તાહિરબાપુ કાદરી–બરકાતી" તથા પીરઝાદા "મકસૂદઆલમ અલવી–બરકાતી" તથા મદ્દાહે રસૂલ જનાબ આકિબ સાહબ બરકાતીએ તથા ઉલમાએ કિરામ તથા સાદાતે ઝવીલ એહતેરામે જલસાની રોનક વધારી.

સદર પ્રોગ્રામ સંપૂર્ણ રીતે જનાબ યાસીનખાન પઠાણ "અઝહરી" તરફથી યોજાયેલ હતો.

*–(રિપોર્ટ : આલે રસૂલ સૈયદ ઝૈનુલ આબિદીન, સદર–જમાઅતે રઝાએ મુસ્તફા, નડિયાદ)*

## ★ શજરા શરીફ (ગુજરાતી) મંગાવો! ★

"સિલસિલએ કાદરિય્યહ, રઝવિય્યહ, નૂરિય્યહ, અઝહરિય્યહ"ના (કાદરી, રઝવી સિલસિલાના) મુરીદો રોજ નમાઝ બાદના વિર્દો તથા શજરા શરીફને પઢવા માટે નીચેના સરનામે કેવળ પત્ર લખીને મંગાવે :– **રઝવી કિતાબ ઘર**, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ (ગુજરાત) પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

---

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : જનાબ અહમદભાઈ મિસ્ટરના સુપુત્રી સાયરાબેન જુમ્આ તા. ૩–૯–૨૦૦૪ ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. મૌલા તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે અને ઘરવાળાંને સબ્રે જમીલ આપે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

**જાલના** : થી જનાબ અબ્દુલઅઝીઝ જમાલ મામદાણી મેમણ લખી જણાવે છે કે તેમના મોટાભાઈ અબ્દુસ્સત્તાર જમાલ મામદાણી (ઉ. ૬૨) તા. ૧૮–૮–૦૪ ૧–રજબ હિ.સ. ૧૪૨૫ ઝહોરના સમયે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

## ગુજરાતી સુન્ની માસિક

## "બરકાતે ખ્વાજા"નું એક અનોખુ કદમ !

## દારુલ ઉલૂમોમાં પઢતા તલબા માટે ઈનામી પ્રોગ્રામ!

ગુજરાતી સુન્ની સ્ટાન્ડર્ડ કક્ષાના કલમકારો તૈયાર કરવાના હેતુસર **"બરકાતે ખ્વાજા"** (માસિક) થકી આ નવો વિભાગ શરૂ કરીએ છીએ **જેમાં ફક્ત દારુલ ઉલૂમોમાં પઢતા તલબા જ ભાગ લઈ શકે છે.** એક વિષય આપવામાં આવશે જેના પર ફુલ સ્કેપ લીટીવાળા બે (૨) કાગળ પર હિસ્સો લેનારે લેખ મોકલવાનો રહેશે. જેમનું લખાણ સારુ હશે તેમને ક્રમશઃ **૧,૨,૩, સુધી નંબરો આપી રૂા. ૩૦૦/–, રૂા. ૨૦૦/– અને રૂા. ૧૦૦/– ના ઈનામો આપવામાં આવે.** બાકીનાઓને પ્રોત્સાહક ઈનામમાં કોઈ કિતાબ આપવામાં આવશે. ઈન્શાઅલ્લાહ !

- ★ ગુજરાત કે ગુજરાત બહાર દારુલ ઉલૂમોમાં પઢતા ગુજરાતી તલબા જ હિસ્સો લઈ શકે છે.
- ★ લખાણ **શુધ્ધ ગુજરાતી**માં જ લખવાનું રહેશે. ઉર્દૂનું લિપિયાંતર ચાલશે નહીં.
- ★ ભાષાકિય ભૂલોવાળો લેખ ધ્યાનમાં લેવાશે નહીં.
- ★ લખાણ વધુમાં વધુ ફુલ સ્કેપ લીટીવાળા બે પેઈજ સુધીનું જ લેવામાં આવશે.
- ★ આ વખતે લેખ **તા. ૧૨-૧૦-૨૦૦૪** સુધીમાં **"બરકાતે ખ્વાજા"** કાર્યાલય પર પહોંચવો અનિવાર્ય છે.
- ★ કુર્આન, હદીષની રોશનીમાં હવાલા સાથે તલબાએ જાતે જ લેખ લખવાનો રહેશે. કોઈની પાસે અથવા કોઈના લખેલાની કોપી કરવી નહીં. હા ! મૌખિક માહિતી, માર્ગદર્શન મેળવી શકે છે પણ અન્ય પાસે લખાવી શકશે નહીં.

**★ લેખનો વિષય ★**

**"ઈસ્લામમાં સ્ત્રીનો મકામ અને મર્તબો"**

*–લિ. તંત્રી : બરકાતે ખ્વાજા*

आलमी खबरें

# પ્રેસ્ટનમાં "સુન્ની દા'વતે ઈસ્લામી"નો વાર્ષિક સુન્ની ઈજતેમા યોજાયો

સુન્ની દા'વતે ઈસ્લામી કી દા'વત હર સૂ આમ કરેં
સુન્નત કો ઘર ઘર ફેલાએં તબ્લીગે ઈસ્લામ કરેં

આલમી તેહરીક **"સુન્ની દા'વતે ઈસ્લામી"**નો અઝીમુશશાન સુન્ની ઈજતેમા દર વર્ષ કરતાં પણ અધિક શાનો શૌકત સાથે તા. ૨૭, ૨૮, ૨૯ ઓગસ્ટ–૦૪ ના યોજાયો. જુમ્આના રોજ કેવળ બહેનો માટે જુમ્આ બાદ નૂર હોલ, નૂર સ્ટ્રીટ–પ્રેસ્ટન (યુ.કે.) ખાતે થયો જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ દિલચસ્પી લઈ ભાગ લીધો. પર્દાના સંપૂર્ણ એહતેમામ સાથે ઔરતોની ઈસ્લાહ સંબંધે ઈસ્લામ પ્રતિ મહોબ્બત ઉદ્ભવે એવાં વલવલા અંગેઝ બયાનો ફખ્રે ગુજરાત હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી, જનાબ આરિફ પટેલ, જનાબ સૈયદ મુહમ્મદ સાહબ, જનાબ કારી રિઝવાન સાહબ તેમજ અંતમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શાકિર રઝવી નૂરી સાહબે કર્યા હતાં. હઝરત સૈયદ નઝીરબાવા મછાસરવીની દુઆ સાથે તથા ખૂસુસી મેહમાન શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમ બાપુ બેડીવાલે જામનગરની તથા સાહબઝાદાએ મોહસિને સુન્નિયત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાનીની મૌજૂદગીમાં શાનદાર રીતે થયો હતો. બીજા દિવસે ઝહોરથી મર્દો માટે ઈજતેમા શરૂ થયો તેમાં પ્રારંભથી જ શમ્એ રિસાલતના પરવાનાઓનાં ટોળે ટોળાં પ્રેસ્ટન નૂર હોલ ખાતે ઉમટી પડયાં હતાં. જનાબ કારી રિઝવાન સાહબ તથા અન્ય નઅતખ્વાંએ સારું આકર્ષણ જમાવ્યું હતું તથા હાજર ઉલમા તથા મુબલ્લિગોમાં જનાબ મૌલાના અબૂ ઝોહરા, મૌલાના સૈયદ અહમદ હુસૈન તિર્મિઝી, મૌલાના ઝહૂર ચિશ્તી અઝહરી, હઝરત મૌલાના અબુલ કલામ રઝવી (લેસ્ટર), હાફેઝ આદમ કંબોલ્વી, હાફેઝ સલીમ દયાદરવી, હાફેઝ રોશન શેઠ, રફીક કાઝી, હાફેઝ હસન હલદરવી, મૌલાના ખૈરૂદ્દીન રઝવી, મૌલાના સિદ્દીક મિસ્બાહી, મૌલાના અર્શદ મિસ્બાહી, મૌલાના ઈકબાલ મિસ્બાહી, મૌલાના હનીફ રઝવી, મુબલ્લિગ સૈયદ મુહમ્મદ, જનાબ આરિફ પટેલ, જનાબ શબ્બીર મુબલ્લિગ (બોલ્ટન), ચિરાગુદ્દીન સાહબ, મુહમ્મદ હુસૈન સાહબ તથા મુહમ્મદ કલીમ S/o. મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા, મૌલાના મુહીયુદ્દીન સાંસરોદ, જનાબ કારી ખાલિદ સાહબ, મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી, મૌલાના મોહસિન દયાદરવી, મૌલાના ઈસ્માઈલ ખોજબલવી, હાફેઝ ઈકબાલ દરબાર તેમજ લંડન, લેસ્ટર, બોલ્ટન, બ્લેકબર્ન, માન્ચેસ્ટર, બ્રેડફોર્ડ, રોચડેલ, પ્રેસ્ટન તેમજ વિવિધ શહેરોમાંથી પુષ્કળ ઉલમા, હુફ્ફાઝ, મુબલ્લિગો તથા સુન્ની અવામ દીની જોશો ખરોશ તથા ઉમંગભેર ઉમટી પડયા હતા. હોલ બહાર પણ સામઈનની ભીડ જામી હતી.

આ સંક્ષિપ્ત રિપોર્ટમાં સૌનાં નામો રજુ કરવાં શક્ય નથી. ઘણા ઉલ્મા તથા મુબલ્લિગોએ હાજરી આપી બયાનો કર્યા, નઅતો પેશ થઈ હતી. ખાસ કરીને ખુસૂસી મેહમાન શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સલીમ બાપુ બેડીવાળા (જામનગર)નું બયાન દીની લગાવ પ્રેરતું હતું તે ઉપરાંત જનાબ મૌલાના શાકિર રઝવી સાહબે "ખૈરે ઉમ્મત કા ખૈર હોના" એ વિષયે તેમજ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન)એ તબ્લીગની અહમિયત પર દિલને ઝંઝોળનાર બયાનો કર્યા હતાં. દીની તા'લીમો તર્બિયતથી ભરપુર સતત ચાલેલો ઈજતેમા ત્રીજા દિવસે ઝિક્ર તથા દુઆ સાથે સલાતો સલામ બાદ પૂર્ણ થયો.

આ ઈજતેમામાં બે અગત્યનાં કામો એ પણ થયાં કે સુન્નીઓમાં દીની મસાઈલના હલ માટે મૌલાના યૂનુસ મિસ્બાહી C/o. મસ્જિદે નૂર–પ્રેસ્ટન થકી **"ઈસ્લામિક શરઈય્યહ"**ની તેમજ **"ઈન્ડિયન અહલે સુન્નત મેરેજ એશોસિએશન"**ની સ્થાપ્ના કરવામાં આવી.

**મોરિશિયસ :** ખાતે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી સાહબે તા. ૧૦ ઓગસ્ટ–૦૪ થી તા. ૧૮ સુધી પ્રથમ વાર દૌરો કર્યો જે અતિ કામયાબ રહ્યો હતો. (અલ્હમ્દુલિલ્લાહ !)